અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ મે ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૮ | અંક : ૩૦૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પાકિસ્તાન તરફ વહેતા ચિનાબ નદીના પાણીમાં ભારે ઘટાડો


## ભારતે ચિનાબ નદી પર આવેલો ડેમ બંધ કરી દીધો

### ચિનાબ જળસંધિ હેઠળ ઉલ્લેખિત છ નદીઓમાંથી એક છે : આ એક પશ્ચિમી નદી છે અને સંધિ મુજબ, ભારત આ નદીના પાણીનો ઉપયોગ જળવિદ્યુત ઉત્પાદન માટે કરી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાન સામે કડક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. બંને દેશોની સેનાઓ સામસામે છે. હવે ભારતે ચિનાબ નદી પર આવેલો ડેમ બંધ કરી દીધો છે. સિંધુ જળસંધિ તોડ્યાના લગભગ ૧૦ દિવસની અંદર ભારત સરકારે આ પગલું ભર્યું છે. આનાથી પાકિસ્તાનના પંજાબ પ્રાંતને ચિનાબ નદીમાંથી મળતા પાણીના પુરવઠામાં મોટો ઘટાડો થઈ શકે છે. અહેવાલ અનુસાર, ભારતે ચિનાબ નદી પર બનેલા બગલીહાર ડેમના દરવાજા બંધ કરી દીધા છે. જેના કારણે પાકિસ્તાન તરફ વહેતા ચિનાબ નદીના પાણીમાં ભારે ઘટાડો થયો છે. ચિનાબ પરનો બગલીહાર ડેમ નદીના પ્રવાહમાં વહેતા હાઈડ્રો પાવર પ્લાન્ટ તરીકે બનાવવામાં આવ્યો હતો. એટલે કે અત્યાર સુધી આ બંધમાંથી પાણીનો પ્રવાહ રોકી રહ્યો ન હતો. પાણીના પ્રવાહમાં વિક્ષેપ પાડ્યા વિના વીજળી ઉત્પન્ન થઈ રહી હતી. ચિનાબ જળસંધિ હેઠળ ઉલ્લેખિત છ નદીઓમાંથી એક છે. આ એક પશ્ચિમી નદી છે અને સંધિ મુજબ, ભારત આ નદીના પાણીનો ઉપયોગ જળવિદ્યુત ઉત્પાદન માટે કરી શકે છે. અહેવાલો અનુસાર, પહલગામ હુમલા બાદથી જ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. સિંધુ સંધિ તથા વિઝા રદ થયા બાદ પણ અનેક મોટા નિર્ણય લેવામાં આવી રહ્યા છે. બંને દેશોએ એકબીજા માટે એરસ્પેસ બંધ કર્યું છે. એવામાં આજે ભારતે ત્રણ મોટા નિર્ણય લીધા છે. ત્યારે ભારત સરકારે નિર્ણય લીધો છે કે હવે પાકિસ્તાની ધ્વજ લહેરાવતા કોઈપણ વેપારી જહાજને ભારતીય બંદરોમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત ભારતીય જહાજોને પાકિસ્તાનના કોઈપણ બંદર પર જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ આદેશ શિપિંગ મહાનિર્દેશાલય દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. ભારત સરકાર દ્વારા પાકિસ્તાન સાથેની તમામ ટપાલ સેવાઓ તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી છે.



### પાકિસ્તાની ધ્વજ લહેરાવતા કોઈપણ વેપારી જહાજને ભારતીય બંદરોમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં

**બંને દેશો વચ્ચે વધતાં તણાવ અને પાકિસ્તાનની સતત ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતીય ટપાલ વિભાગે પુષ્ટિ આપી છે કે હવે પાકિસ્તાનમાં કોઈ પત્ર, પાર્સલ કે રજિસ્ટર્ડ પોસ્ટ મોકલવામાં આવશે નહીં અને ભારતમાં પાકિસ્તાનથી કોઈપણ ટપાલ સેવા સ્વીકારવામાં આવશે નહીં. અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા કારણો અને રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. બીજી તરફ ભારત સરકારે તાત્કાલિક અસરથી પાકિસ્તાનથી સીધા અથવા કોઈપણ રીતે આવતા તમામ પ્રકારના માલની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા બીજી મેના રોજ જારી કરાયેલા નોટિફિકેશન અનુસાર, આ નિર્ણયને વિદેશી વેપાર નીતિ - FTP 2023માં સુધારો કરવામાં આવ્યો છે. આ પ્રતિબંધ હેઠળ, હવે પાકિસ્તાનથી આવતા કોઈપણ ઉત્પાદનની આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે, પછી ભલે તે સીધી આયાત હોય કે પરોક્ષ રીતે ત્રીજા દેશ દ્વારા આ પ્રતિબંધ ૨૦૨૩ની વિદેશ વેપાર નીતિમાં નવી જોગવાઈ તરીકે ઉમેરવામાં આવ્યો છે.**

### નેવી ચીફ બાદ વાયુસેનાના પ્રમુખ સાથે મુલાકાત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક બાદ એક તાબડતોબ બેઠકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. બેઠકના થોડા સમય બાદ વાયુસેનાના પ્રમુખ પીએમ નિવાસસ્થાનથી રવાના થઈ ગયા હતા. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત બાબતોની પૃષ્ઠભૂમિમાં આ બેઠક ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ પહેલા ગત શુક્રવારે નૌકાદળના પ્રમુખ એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ પણ વડાપ્રધાનને તેમના લોક કલ્યાણ માર્ગ પર આવેલા નિવાસસ્થાને મળ્યા હતા. નૌકાદળના વડાએ પીએમ મોદી સાથે એક કલાક લાંબી બેઠક કરી હતી. જેમાં તેમણે નૌકાદળની વર્તમાન તૈયારીઓ અને તેમની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

પહલગામ આતંકવાદી હુમલા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન સામે સંભવિત લશ્કરી કાર્યવાહીની કમાન સંભાળી લીધી છે. તેઓ ત્રણેય સશસ્ત્ર દળોના પ્રમુખો સાથે અલગ-અલગ બેઠક કરી રહ્યા છે જેથી પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓ સામે ભારતની સંભવિત કાર્યવાહીની રુપરેખા તૈયાર કરી શકાય. પહેલીવાર ૨૬ એપ્રિલના રોજ વડાપ્રધાન મોદીએ સરંક્ષણ મંત્રી રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને ત્રણેય સેનાના વડાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી.

### દેશ જેવું ઈચ્છે છે તેવું થઈને રહેશે, સુરક્ષા અંગેની જવાબદારી મારી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

પાકિસ્તાન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે, ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સ્પષ્ટપણે કહ્યું છે કે આખો દેશ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કાર્યશૈલીથી પરિચિત છે અને દેશ જે ઈચ્છશે તે થશે. તેમણે કહ્યું કે એક સંરક્ષણ પ્રધાન તરીકે, દેશનું રક્ષણ કરવાની મારી જવાબદારી છે. ભારત તરફ આંખ ઉંચી કરનાર કોઈપણ વ્યક્તિને યોગ્ય જવાબ આપવાની મારી જવાબદારી છે. એક કાર્યક્રમને સંબોધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ભારતની તાકાત ફક્ત તેની લશ્કરી શક્તિમાં જ નહીં, પણ તેની સંસ્કૃતિ અને આધ્યાત્મિકતામાં પણ રહેલી છે. એક તરફ આપણા સંતો સંસ્કૃતિનું રક્ષણ કરે છે, તો બીજી તરફ આપણા સૈનિકો સરહદોનું રક્ષણ કરે છે.

### કોંગ્રેસ કાળમાં ઘણી બધી ભૂલો થઈ : રાહુલ ગાંધી

## રાહુલ ગાંધી ૧૯૮૪ શીખ વિરોધી રમખાણોની જવાબદારી લેવા તૈયાર

### રાહુલ ગાંધીએ આગળ કહ્યું કે, ભાજપના શાસનકાળ દરમિયાન ધાર્મિક સ્વતંત્રતાનો જે ભય છે, તે વાસ્તવિક છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ ।

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોની જવાબદારી સ્વીકારવાની જાહેરાત કરી છે, તેમણે કહ્યું કે, તેઓ પક્ષના ઈતિહાસમાં થયેલી ભૂલની જવાબદારી લેવા તૈયાર છે. આ નિવેદન તેમણે અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીમાં આયોજિત એક કાર્યક્રમમાં આપ્યું હતું. રાહુલ ગાંધીને બ્રાઉન યુનિવર્સિટીના વોટ્સન ઈન્સ્ટીટ્યૂટ ફોર ઈન્ટરનેશનલ એન્ડ પબ્લિક અફેર્સમાં આયોજિત એક સેશનમાં શીખ યુવકે ૧૯૮૪ શીખ વિરોધી રમખાણો મુદ્દે તીખા પ્રહારો કરતાં સવાલો પૂછ્યા હતાં. શીખ યુવકે પૂછ્યું હુતં કે, તમે કહ્યું હતું કે, ભાજપના રાજમાં શીખોને હાથમાં કડું પહેરવાથી અને માથામાં પાઘડી બાંધવાથી અટકાવવામાં આવી શકે છે. પરંતુ કોંગ્રેસે પોતે જ શીખોને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપી ન હતી. શું તમે ૧૯૮૪માં થયેલા રમખાણોમાં સજ્જનકુમાર જેવા નેતાઓને બચાવવામાં પક્ષની ભૂમિકા મુખ્ય હોવાની જવાબદારી લો છો? રાહુલ ગાંધીએ આ શીખ યુવકના સવાલનો જવાબ આપતાં કહ્યું કે, ઘણી બધી ભૂલો ત્યારે થઈ હતી, જ્યારે હું રાજકારણમાં ન હતો. પરંતુ કોંગ્રેસ પક્ષ દ્વારા થયેલી પ્રત્યેક ભૂલોની જવાબદારી સ્વીકારવા તૈયાર છું. હું જાહેરમાં કહી રહ્યો છું કે, ૧૯૮૪માં જે થયું હતું, તે ખોટુ હતું. હું અનેક વખત સુવર્ણ મંદિર જઈ આવ્યો છું, અને શીખ સમુદાય સાથે મારા સારા સંબંધ છે. રાહુલ ગાંધીએ આગળ કહ્યું કે, ભાજપના શાસનકાળ દરમિયાન ધાર્મિક સ્વતંત્રતાનો જે ભય છે, તે વાસ્તવિક છે. રાહુલના આ કટાક્ષ પર ભાજપ આઈટી સેલના પ્રમુખ અમિત માલવીયે જવાબ આપ્યો કે, રાહુલ ગાંધી હવે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વભરમાં મજાકને પાત્ર બન્યા છે.



### રાહુલ ગાંધી ઉપર ભડક્યા શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ

। નવી દિલ્હી, તા.૪ ।

જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી હવે હિન્દુ ધર્મનો ભાગ નથી. શંકરાચાર્યએ રાહુલ ગાંધીના હિન્દુ ધર્મથી સાર્વજનિક રીતે બહિષ્કારની જાહેરાત કરી છે. બદ્રીનાથ સ્થિત શંકરાચાર્ય આશ્રમમાં પત્રકારો સાથે વાતચીત કરતા સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, રાહુલ ગાંધીએ સંસદમાં મનુસ્મૃતિના સંદર્ભમાં જે નિવેદન આપ્યું, તેનાથી સંપૂર્ણ સનાતન ધર્મના અનુયાયીઓ દુઃખી છે. રાહુલ ગાંધી સંસદમાં કહે છે કે બળાત્કારીને બચાવવાનો ફોર્મ્યૂલા બંધારણમાં નથી તમારા પુસ્તક એટલે કે મનુસ્મૃતિમાં લખ્યું છે.

### જમ્મુ-કાશ્મીરમાં મોટો અકસ્માત

## રામબનમાં ખાઈમાં ખાબકી સેનાની ગાડી, 3 જવાન શહીદ

### સેનાનું એક વાહન લગભગ ૬૦૦ મીટર ઊંડી ખાઈમાં ખાબક્યું : કાફલો જમ્મુથી શ્રીનગર જઈ રહ્યો હતો

। (એજન્સી) જમ્મુ, તા.૪ ।

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં રવિવારે એક મોટો અકસ્માત થયો. સેનાની એક ગાડી લગભગ ૬૦૦ મીટર ઊંડી ખાઈમાં ખાબકી હતી. આ દુઃખદ અકસ્માતમાં ત્રણ સૈનિકો શહીદ થયા છે. સેના અને સ્થાનિક વહીવટીતંત્રની ટીમો ઘટનાસ્થળે પહોંચી છે અને બચાવ કામગીરી હાથ ધરી છે. અકસ્માતના કારણની તપાસ ચાલુ છે. મળતી માહિતી મુજબ, ભારતીય સેનાનો કાફલો રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ પર જમ્મુથી શ્રીનગર જઈ રહ્યો હતો. ત્યારે આ અકસ્માત બેટરી ચશ્મા વિસ્તાર નજીક સવારે ૧૧:૩૦ વાગ્યે થયો હતો. ભારતીય સેના, જમ્મુ અને કાશ્મીર પોલીસ, SDRF અને સ્થાનિક સ્વયંસેવકોએ બચાવ કામગીરી શરૂ કરી, જે હજુ પણ ચાલુ છે. આ અકસ્માતમાં ત્રણ સૈનિકોના મોત થયા છે, જેમની ઓળખ અમિત કુમાર, સુજીત કુમાર અને માન બહાદુર તરીકે થઈ છે. સેનાના જવાનો વાહનમાં પોતાની પોસ્ટ તરફ જઈ રહ્યા હતા ત્યારે ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો અને આ અકસ્માત થયો હોવાની માહિતી સામે આવી છે. વાહનમાં કુલ ૧૦ સૈનિકો મુસાફરી કરી રહ્યા હતા. આ વિસ્તાર પર્વતીય છે, જેના કારણે રાહત કાર્યમાં પણ પડકારો ઉભા થયા હતા. હાલમાં ઘટનાની તપાસ ચાલી રહી છે.

## અમૃતસરમાં બે પાકિસ્તાની જાસૂસોની ધરપકડ કરાઈ

। (એજન્સી) અમૃતસર, તા.૪ ।

પહેલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન સાથે વધી રહેલા દુશ્મનાવટ વચ્ચે અમૃતસરમાં બે પાકિસ્તાની જાસૂસો પકડાયા છે. અમૃતસર ગ્રામીણ પોલીસે શેર મસીહ અને સૂરજ મસીહ નામના બે લોકોની ધરપકડ કરી છે, જેમના પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI ના એજન્ટ હોવાનો આરોપ છે. આરોપી પાકિસ્તાની જાસૂસ અમૃતસરમાં રહીને ભારતીય સેના અને અમૃતસર એરબેઝ સંબંધિત માહિતી પાકિસ્તાનને પહોંચાડતો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓએ અમૃતસર જેલમાં બંધ હરપ્રીત સિંહ ઉર્ફે હેપ્પી દ્વારા આ લોકોનો સંપર્ક કર્યો હતો. આરોપી સૂરજ મસીહ અને પલક શેર મસીહ અમૃતસરના બલહડવાલના રહેવાસી છે. પોલીસ તપાસમાં પુષ્ટિ થઈ છે કે બંને જાસૂસો પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI માટે કામ કરતા હતા.

## રાહુલ ગાંધીએ શ્રીરામને પૌરાણિક પાત્ર ગણાવ્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ ।

કોંગ્રેસ નેતા અને લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટી ખાતે વોટસન ઈન્સ્ટિટ્યૂટમાં એક ચર્ચા દરમિયાન ભગવાન શ્રીરામને પૌરાણિક પાત્ર ગણાવ્યા હતા. આ નિવેદન પર ખળભળાટ મચી ગયો છે. ભારતીય જનતા પાર્ટીએ રાહુલ ગાંધીને રામ વિરોધી અને હિન્દુ વિરોધી કહીને તેમના પર આક્રમક પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીને પૂછવામાં આવ્યું હતું કે, હિન્દુ રાષ્ટ્રવાદના સમયમાં બધા સમુદાયોને સાથે લઈને ચાલતી ધર્મનિરપેક્ષ રાજનીતિ કેવી રીતે બનાવી શકાય? તેના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું, ભગવાન રામ જેવા આપણા પૌરાણિક પાત્રો દયાળુ અને ક્ષમાશીલ હતા. હું ભાજપની વિચારધારાને હિન્દુત્વ નથી માનતો. મારા માટે અસલી હિન્દુ વિચારધારા બહુલતાવાદી, સહિષ્ણુ અને પ્રેમાળ છે. તેમણે આગળ વધુમાં કહ્યું કે, ભાજપ એક "ફ્રિન્જ ગ્રુપ" છે, જેણે સત્તા અને સંસાધનો પર કબજો કરી લીધો છે.

### ઈઝરાયલના એરપોર્ટ પર મિસાઈલ હુમલો થતાં એર ઈન્ડિયાની તમામ ફ્લાઈટ સસ્પેન્ડ

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૪ ।

ઈઝરાયલમાં આવેલા બેન ગુરિયન એરપોર્ટ પર હુથી વિદ્રોહીઓ દ્વારા મિસાઈલ હુમલો થતાં દિલ્હીથી તેલ અવીવ જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને અબુધાબી ડાયવર્ટ કરવામાં આવી છે. આ મિસાઈલ હુમલો એર ઈન્ડિયા ફ્લાઈટ ઈ૧૩૯ના તેલ અવીવમાં લેન્ડિંગના કલાક પહેલાં જ થયો હતો. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ અનુસાર, એરઈન્ડિયાની ફ્લાઈટ જોર્ડિયન એરસ્પેસમાં હતી, ત્યારે અચાનક હુથીઓ દ્વારા બેન ગુરિયન એરપોર્ટ પર હુમલો થયો હતો.

### મંદિરની ખુબસૂરતી મોહી લેશે તમારું મન!

## ચારધામ યાત્રા : કેદારનાથ બાદ બદ્રીનાથ ધામના કપાટ ખુલ્યા

। (એજન્સી) બદ્રીનાથ, તા.૪ ।

કેદારનાથ ધામ પછી આજે બદ્રીનાથ ધામના કપાટ પણ ભક્તો માટે ખોલવામાં આવ્યા છે. રવિવારે સવારે ૬ વાગ્યે આર્મી બેન્ડના સુમધુર સૂરો સાથે કપાટ ખોલવામાં આવ્યા હતા. આ દરમિયાન બધે જ જય બદ્રીનાથના નારા લગાવતા ભક્તોમાં ઉત્સાહ જોવા મળ્યો. આ મંદિર હવે મેથી નવેમ્બર સુધી લોકો માટે ખુલ્લું રહેશે. શિયાળા દરમિયાન મંદિર બંધ રહે છે અને તે દરમિયાન જોશીમઠના નરસિંહ મંદિરમાં ભગવાનની પૂજાનું આયોજન કરવામાં આવે છે. ગંગોત્રી અને યમુનોત્રી ધામના કપાટ ૩૦ એપ્રિલના રોજ ખુલ્યા હતા. કેદારનાથ ધામના કપાટ ૨ મેના રોજ ખોલવામાં આવ્યા હતા. આ સાથે હવે ચારેય ધામ ભક્તોના દર્શન માટે ખુલી ગયા છે. કપાટ ખુલે તે પહેલાં જ ભક્તો ત્યાં પહોંચવાનું શરૂ કરી દીધું હતું.

### JDUમાં મળી મહત્ત્વપૂર્ણ જવાબદારી

## બિહારમાં ચૂંટણી લડી શકે છે ક્રિકેટર ઈશાન કિશનના પિતા

। (એજન્સી) પટણા, તા.૪ ।

ભારતીય ક્રિકેટર ઈશાન કિશન પોતાના કૌશલ્યો સાતે ક્રિકેટના મેદાનમાં અલગ જ ઓળખ બનાવી રહ્યો છે, બીજી બાજુ તેના પિતા પણ રાજકારણના મેદાનમાં પોતાની ઓળખ બનાવવા તનતોડ મહેનત કરતાં જોવા મળ્યા છે. ઈશાન કિશાનના પિતા પ્રણવ પાંડેને જેડીયુમાં રાજકીય સલાહકારની ટીમમાં સ્થાન મળ્યું છે. તેઓ ગત વર્ષે ૨૭ ઓક્ટોબરના રોજ મુખ્યમંત્રી નીતિશ કુમારના પક્ષ જનતા દળ-યુનાઈટેડ (JDU)માં જોડાયા હતાં. ભારતીય ક્રિકેટર ઈશાન કિશાનના પિતા પ્રણવ પાંડે ગતવર્ષે જેડીયુમાં જોડાયા ત્યારે કાર્યકારી અધ્યક્ષ સંજય જહાંએ કહ્યું હતું કે, અમે સૌ સાથે મળીને બિહારને આગળ વધારીશું. હવે પક્ષમાં ઈશાન કિશનના પિતાને મહત્ત્વની જવાબદારી મળતાં અટકળો વહેતી થઈ છે કે, તેઓ આ વર્ષે યોજાનારી ચૂંટણી લડશે. તેમજ આગામી સમયમાં જરૂર પડી તો ઈશાન કિશાન પણ પોતાના પિતા અને પક્ષ માટે ચૂંટણી પ્રચાર કરશે. ઈશાન કિશનના પિતા પ્રણવ કુમાર પાંડેને જેડીયુમાં જોડાવાને હજી આઠ મહિના જ થયા હતા, પરંતુ જેડીયુએ રાજકીય સલાહકારની ટીમમાં સ્થાન આપી તેમની ચૂંટણી લડવાની પ્રબળ શક્યતાઓ દર્શાવી છે. આ અંગે પ્રણવ પાંડેએ જણાવ્યું કે, પક્ષે મને એક મહત્ત્વપૂર્ણ જવાબદારી આપી છે.

### વિદેશ મંત્રી જયશંકરનો યુરોપ પર કટાક્ષ

## ભારતને ભાષણ આપનારા નહીં, સાથીદારોની જરૂર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

પહલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો છે. બંને દેશમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે વિદેશ મંત્રી એસ. જયશંકરે યુરોપ સહિત સમગ્ર વિશ્વને સ્પષ્ટપણે સંદેશ આપ્યો છે કે, ભારતને વિશ્વમાં ઉપદેશ આપનારા લોકોની નહીં, પણ સહયોગીઓની જરૂર છે. ખાસ કરીને બેવડું વલણ ધરાવતાં લોકોની તો જરૂર જ નથી. ડો. એસ. જયશંકરે આર્કિટેક સર્કલ ઈન્ડિયા ફોરમ ૨૦૨૫માં વિશ્વની બદલાતી સ્થિતિ પર વાત કરતાં યુરોપને સંભળાવ્યું હતું કે, ભારત એવા દેશો સાથે કામ કરવા માગે છે, જે અંદરોઅંદર સન્માન અને સમજણની લાગણી ધરાવતા હોય. અમુક યુરોપિયન દેશો હજી પોતાના મૂલ્યો અને કાર્યો વચ્ચે તફાવત રાખી રહ્યા છે. જ્યારે અમે વિશ્વ તરફ નજર કરીએ છીએ, ત્યારે અમે પાર્ટનર્સની શોધ કરીએ છીએ. સલાહકારોની નહીં.

## ન્યૂઝ બ્રિફ

### ગાંધીનગર ટ્રાફિક પોલીસ લાવી નવી ટેકનોલોજી

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

ટ્રાફિક પોલીસે દંડની કાર્યવાહી માટે સામાન્યરીતે વપરાતી પાવતી બુક છોડીને હવે ટેક્નોલોજી તરફ પગલું ભર્યું છે. જેથી હવે વાહન ચાલકોને મેમો આપતા સમયે વપરાતી મેમો બુક ભૂતકાળ બની જશે અને 'વાયોલેશન ઓન કેમેરા એપ દ્વારા મેમો ફાટશે. એટલે કે, ગાંધીનગર ટ્રાફિક પોલીસે હવે હાઈટેક રીત અપનાવી છે. જેથી તમામ દંડની પ્રક્રિયા ડિજિટલ બની જશે. આ નવા ફેંઝ સિસ્ટમ હેઠળ જ્યારે પણ વાહન ચાલક ટ્રાફિક નિયમનો ભંગ કરશે, ત્યારે પોલીસે સીધા ફેંઝ એપથી મેમો ફાડવો પડશે. આ એપમાં વાહન નંબર સહિતના તમામ વિગતો નાખવી પડશે અને તે આપમેળે સેન્ટ્રલ ડેટાબેઝમાં સંગ્રહિત થઈ જશે. પરિણામે એ જાણી શકાશે કે, કઈ વ્યક્તિએ કેટલા વખત કયા કયા નિયમ ભંગ કર્યા છે. આવા પુનરાવર્તક વિલંબિત ચાલકો માટે ટ્રાફિક વિભાગ લાયસન્સ રદ કરવાની પ્રક્રિયા પણ શરૂ કરી શકે છે. અત્યારે સુધી ગાંધીનગરમાં ટ્રાફિક મેમોનું કામ અડધું ફેંઝ એપ અને અડધું પાવતી બુક મારફતે થતા હતું. પરંતુ હવે દરેક કેસમાં માત્ર ફેંઝ એપનો ઉપયોગ ફરજીયાત બનશે. ટ્રાફિક નિયમના ભંગ બદલ દંડ વસુલાતો પણ હવે વધુ વ્યવસ્થિત અને ટ્રેકેબલ બની જશે. ફેંઝ એપ દ્વારા મેમો ફાડવાથી પોલીસ પાસે દરેક વાહન ચાલકનો સંપૂર્ણ ડિજિટલ રેકોર્ડ રહેશે.

### ગુજરાતમાં ૫ દિવસ વીજળીના કડાકા અને કરા સાથે ભારે વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન વિભાગે આગામી ૫ દિવસમાં કરા, વીજળી, પવન અને હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં આગામી ૮ મે, ૨૦૨૫ સુધી કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિત રાજ્યના મોટાભાગના જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ૫-૬ મેના રોજ વીજળીના કડાકા-ભડાકા સાથે માવઠું અને પવન ફૂંકાશે. આ સાથે રાજ્યના ૧૨ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ કરા પડવાની હવમાન વિભાગે ચેતવણી આપી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન પરનું હવાનું ચક્રવાત હવે દક્ષિણપૂર્વ રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં દરિયાની સપાટીથી ૦.૯ કિ.મી. ઉપર છે. આ દરમિયાન ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મેઘગર્જના સાથે માવઠું પડવાની આગાહી છે. જેમાં આવતીકાલે રવિવારે (૪ મે, ૨૦૨૫) કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નવસારી, વલસાડ, અમરેલી અને ભાવનગર જિલ્લાના કેટલાક સ્થળોએ મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી છે.

### ગુજરાતમાં ભરઉનાળે વરસાદી અષાઢ જેવો માહોલ । અનેક વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ, 60 kmph પવનની શક્યતા

# આગામી સાત દિવસ માટે વરસાદ અને વંટોળની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।



ગુજરાતમાં આજે અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. આ સાથે ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદની સાથે વંટોળ સાથે કરા પડ્યા છે. આજે વૈશાખમાં અષાઢ જેવો માહોલ સર્જાયો છે. જાણે ઉનાળો અચાનક ગાયબ થઈ ગયો અને ચોમાસાની ઋતુ આવી ગઈ હોય. ત્યારે આગામી સાત દિવસ ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગેની હવામાન વિભાગની આગાહી જોઈએ.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે ગુજરાતનું હવામાન આગામી સાત દિવસ કેવું વાતાવરણ રહેશે તે અંગે જણાવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, હાલ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, આજે ચોથી તારીખે બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, અરવલ્લી, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુરમાં તથા કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ છે. અહીં ગાજવીજ સાથે કરા પડવાની ચેતવણી છે. આજે ૬૦ દ્ધ્ર્ર ની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

રવિવારે દ્વારકા, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં છૂટાછવાયા સ્થળો પર મેઘગર્જનાની ચેતવણી આપવામાં આવી છે. આજે તમામ જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી હતી.

સોમવારે સામાન્ય વીજળીના કડાકાની વોર્નિંગ છે. બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, અરવલ્લી, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુરમાં તથા કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ છે. અહીં ગાજવીજ સાથે કરા પડવાની ચેતવણી છે. આજે 60 kmph ની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. પાંચમી તારીખે દ્વારકા, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં છૂટાછવાયા સ્થળો પર મેઘગર્જનાની ચેતવણી આપવામાં આવી છે. મંગળવારે કેટલાક વિસ્તારોમાં તીવ્ર મેઘગર્જનાની ચેતવણી આપવામાં આવી છે. આ સાથે ત્યાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંતના વિસ્તારોમાં મેઘગર્જનાનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સાતમી તારીખે દ્વારકા, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરામાં, ભરૂચ, નર્મદામાં અતિભારે વરસાદ થવાની આગાહી છે. આઠમી તારીખે ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ અને નર્મદામાં ભારે વરસાદ થવાની આગાહી આપવામાં આવી છે.

# પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના આરઓએચ ડેપો વટવામાં એનડીઆરએફના સહયોગથી મોક ડ્રિલનું સફળ આયોજન

। અમદાવાદ, તા.૪ ।



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર તારીખ ૦૩.૦૫.૨૦૨૫ ના રોજ વટવા યાર્ડ ખાતે આવેલ આરઓએચ ડેપોમાં રેલવે દ્વારા રાષ્ટ્રીય આપત્તિ પ્રતિક્રિયા બળ (NDRF) ના સહયોગથી એક સંયુક્ત મૉક ડ્રિલનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ અભ્યાસમાં NDRF, SDRF, ફાયર સર્વિસ, મેડિકલ ટીમ અને રેલવેના મિકેનિકલ, ટ્રાફિક, મેડિકલ, ટેલિકોમ, સંરક્ષા, આરપીએફ તથા ઈલેક્ટ્રિક વિભાગોના લગભગ ૩૫૦ અધિકારી અને કર્મચારી સામેલ થયા. આ ઉપરાંત NDRF ના ૨૭ જવાનો તથા નાગરિક સુરક્ષા સંગઠનના ૩૦ સ્વયંસેવકોએ પણ સક્રિય ભાગીદારી નિભાવી.

દુર્ઘટનાની જાણકારી મળતાં જ NDRF કન્ટ્રોલ રૂમ દ્વારા કાર્યવાહી કરતાં આસિસ્ટન્ટ કમાન્ડન્ટ પોતાની ટીમના ૨૭ જવાનો સાથે તાત્કાલિક રીતે દુર્ઘટના સ્થળે પહોંચ્યા. રેલવેની મેડિકલ રાહત ટીમે પાંચ ટીમો અને ત્રણ એમ્બ્યુલન્સ સાથે બનાવ સ્થળે પહોંચીને રાહત કાર્ય આરંભ કર્યું. સાથે જ EMRI-108 સેવાની બે એમ્બ્યુલન્સ પણ હાજર રાખવામાં આવી. સંયુક્ત પ્રયાસોથી કુલ ૧૮ કાલ્પનિક પીડિતો (૧૩ પુરૂષ અને ૫ મહિલાઓ) ને કોચ કાપીને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા.

પ્રાથમિક સારવાર પછી ૧૦ ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલ તથા ૨ ને એલ.જી. હોસ્પિટલ મોકલવામાં આવ્યા. પીડિતોને કોચની બારી અને છત કાપીને કાઢવાની પ્રક્રિયા NDRF અને રેલવે દ્વારા સંયુક્તરૂપે સંપન્ન કરવામાં આવી.

સિનિયર મંડળ સંરક્ષા અધિકારીએ આ પ્રકારની મૉક ડ્રિલના મહત્વ પર પ્રકાશ નાંખતા જણાવ્યું કે વાસ્તવિક દુર્ઘટનાની સ્થિતિમાં તાત્કાલિક અને પ્રભાવી પ્રતિક્રિયા માટે આવા અભ્યાસ અત્યંત જરૂરી છે.

આ અવસર પર સિનિયર મંડળ સંરક્ષા અધિકારી, સિનિયર મંડળ મિકેનિકલ એન્જિનિયર (સંકલન), ચીફ મેડિકલ ઓફિસર, સિનિયર મંડળ કાર્મિક અધિકારી, સિનિયર મંડળ મેડિકલ ઓફિસર, કોચિંગ ડેપો અધિકારી, સહાયક મંડળ સંરક્ષા અધિકારી સહિત કેટલાય સિનિયર અધિકારી ઉપસ્થિત રહ્યા.

### ગુજરાતના ખેડૂતોને મોટું નુકસાન

## વાવાઝોડાએ કંગાળ કર્યા! ૫૦૦ ઝાડ પરથી કેસર કેરી ખરી પડી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૪ ।

અનેક વિસ્તારોમાં મોડી રાત્રે ભારે પવન સાથે પડેલા કમોસમી વરસાદે ખેડૂતોના ઉનાળું પાકને નુકસાન પહોચાડ્યું છે. પાલનપુરમાં પડેલા પવન સાથેના કમોસમી વરસાદથી ૫૦૦ કેસર કેરીના આંબાવાડીમાં રહેલા આંબાના ઝાડ પરથી ભારે પવનના કારણે કેરીઓ પડી જતા આંબાની વાડી ઉધડ રાખનાર વ્યક્તિને મોટું નુકસાન પહોંચતા સરકાર પાસે સહાયની માંગ કરાઈ છે. હવામાન વિભાગની આગાહીના પગલે બનાસકાંઠાના થરાદ, ડીસા, ધાનેરા, દાંતીવાડા, અમીરગઢ, વડગામ અને પાલનપુરમાં મોડી રાત્રે ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ વરસતા ખેડૂતોના બાજરી,જુવાર પાકોને નુકસાન પહોંચ્યું છે. પાલનપુરમાં પડેલા ભારે પવન સાથેના વરસાદે આંબાવાડીમાં ઉભેલા ૫૦૦ કેસર કેરીના ઝાડ ઉપરથી કેરીઓ નીચે પાડી દેતા આંબાવાડી ઉધડ રાખનાર વિશાલભાઈ પટનીને મોટું નુકસાન પહોંચ્યું છે. વિશાલ પટનીનું કહેવું છે કે "અમે ૮ લાખ રૂપિયા આપીને ૫૦૦ કેસર કેરીના આંબા ઉધડ રાખ્યા હતા અને અમને આશા હતી કે આમાંથી અમને ૧૫ લાખ રૂપિયાની કેરીઓ ઉતરશે, જોકે આંબાઓ ઉપર કેરીઓ પણ સારી આવી હતી પરંતુ ગઈકાલે મોડી રાત્રે ભારે પવન સાથે વરસાદ પડતાં તમામ આંબાની કેરીઓ નીચે પડી ગઈ છે અને અમને ૧૫ લાખ રૂપિયાનું નુકસાન થયું છે.

## RTE હેઠળ શાળામાં એડમિશન માટે ખોટા આવકના દાખલાના ઉપયોગનો ઘટસ્ફોટ

। (એજન્સી) નર્મદા, તા.૪ ।

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ શાળામાં એડમિશન મેળવવા માટે નકલી આવકના દાખલા બનાવવા મામલે ૫ લોકો વિરૂદ્ધમાં પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી છે. ગાંધીનગરમાં ડાયરેક્ટર ઓફ પ્રાયમરી એજ્યુકેશનના અધિકારી પાસે જ્યારે આવકના દાખલા વેરિફિકેશનમાં પહોંચ્યા ત્યારે ખરાઈ કરવા માટે તલાટીને વોટ્સઅપમાં મોકલ્યા હતા. જેમાં તાલુકાના ચાર ગામના લોકોએ તલાટીની ખોટી સહી અને ગ્રામપંચાયાતના ખોટા સિક્કા લગાવીને નકલી આવકાના દાખલા નીકાળ્યા હતા. રાજપીપળા પોલીસે ૫ લોકો સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નર્મદાના નાંદોદ તાલુકના ભદામ ગ્રામ પંચાયતના તલાટી ક્રિષ્ણાબહેન શાહે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, 'ભદામ ગ્રામ પંચાયત ખાતે છેલ્લા દોઢ વર્ષથી તલાટી કમ મંત્રી તરીકેની ફરજ પર છું. ગત ૨૩ એપ્રિ, ૨૦૨૫ના રોજ ગાંધીનગરથી ડાયરેક્ટર ઓફ પ્રાયમરી એજ્યુકેશનના અધિકારીએ વોટ્સએપમાં આવકના દાખલાનો ફોટો મોકલ્યો હતો. જે દાખલો ૬ માર્ચ, ૨૦૨૫ના રોજ ભદામ ગામના રહેવાસી રાહુલભાઈ પ્રજાપતી નામના વ્યક્તિનો હતો. આ દાખલામાં મારી સહી અને પંચાયતના ખોટા સિક્કા મારેલા હોવાનું જણાયું હતું.

### સુરતની મોડલના આપઘાત કેસમાં નવો વળાંક

## લિવ ઈનમાં રહેતી હોવાની નવી થીયરી આવી સામે

### ૧૯ વર્ષીય મોડલનો ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો

। (એજન્સી) સુરત, તા.૪ ।

સુરતમાં ૧૯ વર્ષીય મોડલ યુવતીના આપઘાતનું રહસ્ય ઘેરાઈ રહ્યું છે. યુવતીએ વીડિયો કોલ ચાલુ રાખી ફાંસો ખાધો હોવાની શંકા છે. તેના પિતાએ કહ્યું કે, તેમને બે યુવક અને યુવતી પર શંકા છે. તેઓએ બબલીએ મારી નાખવાની ધમકી આપી હતી. તો બીજી તરફ, યુવતી લિવ ઈન રિલેશનશિપમાં રહેતી હોવાની અટકળો છે.

મૂળ મધ્યપ્રદેશ અને સારોલી કુંભારિયા ગામમાં આવેલા સારથી રેસીડેન્સીના D 304 ઘરમાં PG તરીકે ૧૯ વર્ષીય સુખપ્રીત લખવિંદરસિંહ કૌર અન્ય ત્રણ બહેનપણી સાથે રહેતી હતી અને તેનો પરિવાર વતનમાં રહે છે. સુખપ્રીત મોડેલિંગનું કામ કરતી હતી. સુખપ્રીતની સાથે રહેતી તેની બહેનપણીઓ પણ મોડેલિંગનું કામ કરે છે. સુખપ્રીત ચાર-પાંચ દિવસ પહેલા જ સુરતના સારોલી ખાતે મોડેલિંગનું કામ અર્થે આવી હતી. ત્યારે ગતરોજ અચાનક સુખપ્રીતે ઘરે બેડરૂમમાં છતમાં લગાવેલ પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બહેનપણી ઘરે આવતા સુખપ્રીતને લટકેલી હાલતમાં જોતા સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. મધ્યપ્રદેશની મોડેલિંગ કરતી સુખપ્રીત કૌર સુરતમાં ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓનું મોડલિંગ શૂટ કરતી હતી. ગતરોજ તેણે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સુરતની મોડલ સુખપ્રિત કૌરના આપઘાત બાદ તેના પરિવારજનો સુરત સિવિલ હોસ્પિટલ પહોંચ્યા છે. ત્યારે પરિવારજનોએ ન્યાયની માંગ કરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, મોડલે આપઘાત કર્યો તેના એક દિવસ પહેલા જ વીડિયો કોલ પર પરિવાર સાથે વાત કરી હતી. સુખપ્રીતને કામના પેમેન્ટ અન્ય કોઈ વ્યક્તિ લઈ જતું હોવાની પરિવારને આશંકા છે. દિલ્હીનો કોઈ યુવક સુખપ્રીતને કામનું જે પેમેન્ટ મળતું હતું તે પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતો હતો.

આપઘાત પાછળ પરિવારને કેટલાક વ્યક્તિ પર શંકા ઉપજી છે. દિલ્હીના એક અનુરાગ કરીને યુવક પર પરિવારને આશંકા છે. આપઘાત પહેલા તેણે આ યુવક સાથે વાત કરી હોવાની પરિવારના શંકા છે.

## AMCની આરોગ્ય વિભાગની ડ્રાઈવ, ૧૦૮ એકમને ફટકારી નોટિસ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદમાં એક તરફ આકરી ગરમી પડી રહી છે અને બીજી તરફ મહાનગરપાલિકાની આરોગ્ય ટીમ પણ લોકોના આરોગ્ય સાથે ચેડા ના થાય અને ખાવા-પીવાની વસ્તુઓમાં ભેળસેળ કરવામાં ના આવતી હોય તેને લઈને તપાસ કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા શહેરના તમામ વિસ્તારોમાં અલગ અલગ જગ્યાએ ખાવા-પીવાની ચીજવસ્તુઓનું ચેકિંગ કરવાની ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે છેલ્લા ૧ અઠવાડિયામાં મનપાના આરોગ્ય વિભાગે ડ્રાઈવ ચલાવી છે, ત્યારે છેલ્લા ૧ માસમાં ૩૦૬ એકમોમાં ટીમ દ્વારા તપાસ કરવામાં આવી છે અને ભેળસેળ કરતા અને યોગ્ય સાફ-સફાઈ ના કરતા ૧૦૮ એકમને નોટિસ ફટકારવામાં આવી છે તથા રૂપિયા ૭૫,૦૦૦નો દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે. ૨૩૯ કિલો અખાદ્ય પદાર્થનો પણ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા નાશ કરવામાં આવ્યો છે. અમદાવાદમાં ઉનાળાની સિઝનમાં કેરીનો રસ ખાવો ભારે પડી શકે છે. ૧૨ એપ્રિલે શહેરમાં બોપલ વિસ્તારમાં કેરીનો તૈયાર રસ ખરીદ્યા બાદ ગ્રાહકને કડવો અનુભવ થયો હતો. દુકાનમાંથી ખરીદેલો રસ ખરાબ હોવાનો ગ્રાહક દ્વારા આક્ષેપ કરાયો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ગ્રાહકે તંત્રને કેરીનો રસ ખરાબ હોવાની ઓનલાઈન ફરિયાદ કરી હતી. કેરીનો રસ વેચનાર દુકાનદારે ગ્રાહકનો આક્ષેપ ફગાવી દીધો હતો.

## વિશેષ

### ઓલિમ્પિયન કુસ્તીબાજો રવિ દહિયા અને દીપક પુનિયા રાષ્ટ્રીય રાજધાનીમાં વિવિધ સંસ્થાઓના શિક્ષકો સાથે જોડાયા

# દિલ્હીમાં ફિટ ઇન્ડિયા સન્ડે ઓન સાયકલ પર શિક્ષકો સાથેના ખાસ કાર્યક્રમમાં રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયા ૭૫૦ સહભાગીઓનું નેતૃત્વ કર્યુ

। (પીઆઈબી) નવી દિલ્હી ।

મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ફિટનેસ અને પ્રેરણાના ઉત્સવમાં ફેરવાઈ ગયું કારણ કે ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાયકલના નવીનતમ સંસ્કરણમાં શિક્ષકો, રમતવીરો, ફિટ ઈન્ડિયા પ્રભાવકો અને ફિટનેસ પ્રેમીઓ સહિત ૭૫૦ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યભાર સંભાળવા માટે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કેન્દ્રીય રમતગમત સચિવ શ્રી હરિ રંજન રાવ સાથે ટોક્યો ઓલિમ્પિકસના સિલ્વર મેડલ વિજેતા રવિ દહિયા, ઓલિમ્પિયન અને કોમનવેલ્થ ગેમ્સના સુવર્ણ ચંદ્રક વિજેતા દીપક પુનિયા, ગિનિસ વર્લ્ડ રેકોર્ડ ધારક રોહતાશ ચૌધરી (ભારતના પુશ-અપ મેન) અને પ્રખ્યાત પર્વતારોહક નરેન્દ્ર કુમાર, જેમણે તાજેતરમાં ૮૦૯૧ મીટર ઊંચા વિશ્વના ૧૦મા સૌથી ઊંચા પર્વત માઉન્ટ અન્નપૂર્ણા પર ૧૨ દિવસના રેકોર્ડ સમયમાં વિજય મેળવ્યો હતો, સહિત રાષ્ટ્રીય પ્રતિષ્ઠિત વ્યક્તિઓની શક્તિશાળી શ્રેણી સાથે સાયકલ ચલાવી હતી. આ અઠવાડિયાની થીમ 'શિક્ષકો સાથે સાયકલિંગ' હોવાથી, આ કાર્યક્રમમાં શહેરભરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, જેમાં શાળાઓ, યુનિવર્સિટીઓ અને ખાનગી સંસ્થાઓનો સમાવેશ થાય છે, શિક્ષકો, માર્ગદર્શકો અને શૈક્ષણિક કોચ હાજર રહ્યા હતા. "શિક્ષકો આપણા વિદ્યાર્થીઓ માટે હીરો છે અને હવે, તમારે વિકસિત ભારત માટે હીરો બનવું પડશે. તમે બધા સાયકલ ચલાવવાને ફેશન બનાવી શકો છો અને હું બધા શિક્ષકોને વિનંતી કરું છું કે તેઓ પોતે પણ સાયકલનો ઉપયોગ શરૂ કરે અને વિદ્યાર્થીઓને તેનું અનુકરણ કરવા કહે.



આપણે ડિજિટલ યુગમાં પ્રવેશ કરી રહ્યા છીએ પરંતુ આપણે આપણી શારીરિક તંદુરસ્તીમાં પણ સુધારો કરવાની જરૂર છે. તેથી, આપણે ડિજિટલ પ્રવૃત્તિથી શારીરિક પ્રવૃત્તિ તરફ સંક્રમણ કરવું પડશે. આનાથી 'સ્થૂળતા સામે લડાઈ'ના મિશન અને આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નિર્ધારિત કરેલા ફિટ ઈન્ડિયા અને વિકસિત ભારતનું વિઝન આકાર લેશે," ડૉ. માંડવિયાએ સહભાગીઓને સંબોધતા કહ્યું હતું. આ રવિવારનો કાર્યક્રમ શિક્ષકો સાથેનનો કાર્યક્રમ સાયકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (CFI), સ્રૂ ભારત અને રાજ્ય સરકારોના સહયોગથી યોજવામાં આવ્યો હતો. ખાસ ભાગીદારોમાં ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા (PEFI), દિલ્હી યુનિવર્સિટી, CBSE અને CISCE બોર્ડ, કેન્દ્રીય વિદ્યાલય, રાષ્ટ્રીય પ્રગતિશીલ શાળા પરિષદ, રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, યોગાસન ભારત, ભારતીય રોપ સ્કિપિંગ ફાઉન્ડેશન અને અન્ય સંસ્થાઓ સામેલ હતી. રેસલિંગ સ્ટાર રવિ દહિયા અને દીપક પુનિયાએ સેકલસવારોને પ્રોત્સાહન આપ્યું હતું. યુવાનો અને શિક્ષકોને તેમના રોજિંદા જીવનમાં શારીરિક તંદુરસ્તીનો સમાવેશ કરવા વિનંતી કરી. "આ અમારી સરકાર દ્વારા શરૂ કરાયેલ એક ખૂબ જ મહત્વપૂર્ણ ચળવળ છે. જે ખાતરી કરે છે કે શારીરિક તંદુરસ્તી પર સંપૂર્ણ ધ્યાન આપવામાં આવે.' શરીર શક્તિમાન છે' (તમારું શરીર સૌથી શક્તિશાળી વસ્તુ છે) અને આ મંત્રને ધ્યાનમાં રાખીને, દરેક વ્યક્તિએ દિવસમાં ઓછામાં ઓછા ૧-૨ કલાક સાયકલ ચલાવવી જોઈએ," ટોક્યો ઓલિમ્પિક્સ માં સિલ્વર મેડલ વિજેતા રવિ દહિયાએ ટિપ્પણી કરી હતી. "હું ખરેખર આ ચળવળને એક પ્રશંસનીય પહેલ તરીકે ગણાવું છું અને મારું માનવું છે કે દરેક વ્યક્તિએ સાયકલિંગ અપનાવવું જોઈએ. કારણ કે તે ફિટનેસને પ્રોત્સાહન આપે છે અને પ્રદૂષણમુક્ત ભારત માટે ફાળો આપે છે," ટોક્યો ઓલિમ્પિકમાં મેડલ મેળવવામાં ભાગ્યે જ ચૂકી ગયેલા દીપક પુનિયાએ ઉમેર્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### ગુપ્તચર ઈનપુટ બાદ તાજમહેલની સુરક્ષા વધારવામાં આવી રહી છે



। (એજન્સી) આગરા, તા.૪ ।

આગરાના તાજમહેલમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુપ્તચર માહિતી બાદ એજન્સીઓ સક્રિય થઈ ગઈ છે. CISF કર્મચારીઓની સંખ્યામાં દોઢ ગણો વધારો કરવામાં આવ્યો છે. દરેક પોઈન્ટ પર ત્રણથી છ લોકોને તૈનાત કરવામાં આવ્યા છે. પ્રવાસીઓની તપાસ કર્યા પછી, તેમનો સામાન બહાર રાખવામાં આવી રહ્યો છે. તપાસ કર્યા પછી ફક્ત હેન્ડબેગ લઈ જવાની મંજૂરી છે. પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા અને તાજમહેલથી થોડા અંતરે એક રેસ્ટોરન્ટ માલિકના ભાઈની હત્યા બાદ, સ્મારકની અંદર સુરક્ષા વધારી દેવામાં આવી છે. ગુપ્તચર એજન્સીઓ તરફથી મળેલા ઈનપુટને પગલે, સ્મારક સંકુલમાં તપાસથી લઈને અંદરના ભાગો સુધી સતત તકેદારી રાખવામાં આવી રહી છે. રાત્રે પણ, CISF કર્મચારીઓ સ્મારક સંકુલના વિવિધ સ્થળોએ તૈનાત હોય છે અને દરેક ગતિવિધિ પર નજર રાખે છે. તાજમહેલના બંને દરવાજા પર સંપૂર્ણ તપાસ કર્યા પછી જ પ્રવાસીઓને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. પ્રવાસીઓ પોતાની સાથે લાવેલી વસ્તુઓનું પણ સ્ક્રીનીંગ કરવું પડશે. ત્યાર બાદ તે સામાન બહાર રાખવામાં આવી રહ્યો છે. ફક્ત નાની બેગ લઈ જવાની મંજૂરી છે.

### ઇરાનની પાસેથી ઓઇલ ખરીદશો તો પ્રતિબંધો લાગશે



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ ।

ઈરાનના ઝડપથી વધતા પરમાણુ કાર્યક્રમ પર અમેરિકા અને ઈરાનની વચ્ચે થનારી મંત્રણા સ્થગિત કરી દેવામાં આવ્યા પછી અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ધમકી આપી છે કે જે પણ દેશ ઈરાન પાસેથી ઓઈલ ખરીદશે તેને પ્રતિબંધોનો સામનો કરવો પડશે.ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે ઈરાનના ઓઈલ અને પેટ્રોકેમિકલ પ્રોડક્ટની ખરીદી હવે બંધ થવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ દેશ કે વ્યકિત ઈરાન પાસેથી ખરીદી કરશે તે અમેરિકા સાથે બિઝનેસ કરી શકશે નહીં. સપ્તાહના અંતમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થનારી મંત્રણા સ્થગિત કરી દેવામાં આવી હોવાની ઓમાનની જાહેરાત પછી અમેરિકાના પ્રમુખે આ ચેતવણી આપી છે. મંત્રણા સ્થગિત કરી દેવામાં આવી હોવાની જાહેરાત ઓમાનના વિદેશ પ્રધાન બદ્ર અલ બુસેઈજીએ સોશિયલ પ્લેટફોર્મ એક્સ પર કરી હતી.

### જો સ્થિતિ બગડશે તો બેઠક બોલાવવાનો અમને પણ હક



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં તણાવ વધી ગયો છે. આ આતંકવાદી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પાકિસ્તાનને ભારત તરફથી હુમલાનો ડર છે, તેથી પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય મંચ પર આતંકવાદી હુમલાનો મુદ્દો ઉઠાવવાની તૈયારી કરી રહ્યું છે. પાકિસ્તાન સતત સંયુક્ત રાષ્ટ્ર સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરી રહ્યું છે. ફરી એકવાર, સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનના સ્થાયી પ્રતિનિધિ, આસીમ ઈફ્તિખાર અહેમદે કહ્યું છે કે જો ભારત અને પાકિસ્તાન વચ્ચે પરિસ્થિતિ વધુ વણસે છે, તો પાકિસ્તાનને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ની બેઠક બોલાવવાનો સંપૂર્ણ અધિકાર છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન આ મુદ્દા પર UNSC ના વર્તમાન અને ભૂતપૂર્વ પ્રમુખો તેમજ અન્ય સભ્ય દેશો સાથે વાતચીત કરી રહ્યું છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, અહેમદે કહ્યું કે આ મામલો જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિ સાથે સંબંધિત છે, જેની અસર ફક્ત ભારત અને પાકિસ્તાન સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિને પણ અસર થઈ શકે છે.

#### હરિયાણા, પશ્ચિમ યુપી અને દિલ્હી-એનસીઆર વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ અને કરા પડવાની ચેતવણી પણ આપી

# યૂપી, દિલ્લી સહિતના રાજ્યોમાં ભારે પવન સાથે વરસાદની ચેતવણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

હવામાન વિભાગે હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને દિલ્હી-એનસીઆર વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ અને કરા પડવાની ચેતવણી પણ આપી છે. આ માટે હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત ઉત્તરાખંડ, હિમાચલ, પંજાબ, રાજસ્થાન, પૂર્વી મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશના વિસ્તારમાં ધૂળભરી આંધીની ચેતવણી આપવામાં આવી છે. શુક્રવારે સવારે દિલ્હી-એનસીઆર ક્ષેત્ર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ભારે વરસાદ અને વાવાઝોડા સાથે ભારે વરસાદ પડ્યો, જેમાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા. એકલા રાજધાનીમાં ચાર લોકોના મોત થયા. યૂપી દિલ્લી સહિતના વિસ્તારમાં વરસાગના કારણએ ૨૩૬ સ્થળોએ



વૃક્ષો ધરાશાયી થયા હતા અને ૨૦૦ ફ્લાઈટ્સ મોડી પડી હતી. સવારે ૫ વાગ્યાથી ૮ વાગ્યા સુધીના માત્ર ત્રણ કલાકમાં ૭૭.૦ મીમી વરસાદ નોંધાયો હતો. ૧૯૦૧ થી ૨૦૨૫ સુધી મે મહિનામાં ૨૪ કલાકનો આ બીજો સૌથી વધુ વરસાદ છે. અગાઉ, ૨૦ મે, ૨૦૨૧ના રોજ ૧૧૯,૩ મીમી વરસાદ નોંધાયો હતો, જે એક સર્વકાલીન રેકોર્ડ પણ છે. વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનને કારણે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ બંધ થઈ ગયો હતો. હવામાન વિભાગે આગાહી કરી છે કે, રવિવારે પણ ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ૨૦ થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે. વરિષ્ઠ હવામાનશાસ્ત્રી આર.કે. જેનામણીએ જણાવ્યું હતું કે, અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાંથી આવતા ભેજ અને પવનના મિશ્રણને કારણે વાવાઝોડા સાથે વરસાદની સ્થિતિ સર્જાઈ છે. સ્કાયમેટ વેધરના હવામાનશાસ્ત્રી મહેશ પાલાવતના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક દિવસોમાં દિવસનું તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું હોવાથી, ભેજનું સ્તર ઝડપથી વધ્યું છે, જેના કારણે આ સ્થિતિ પણ સર્જાઈ છે.

### રસ્તા પર વૃક્ષ ધરાશાયી થતાં એક કારને નુકસાન થયું


**આ એક નોર્મલ મોનસૂન એક્ટિવીટી કહી શકાય. આ એક સામાન્ય પૂર્વ-ચોમાસાની લાક્ષણિકતા છે. ઉત્તર ભારતમાં છ મે સુધી વાવાઝોડા સાથે વરસાદ પડવાની આગાહી..દિલ્લી, યૂપી, બિહાર, રાજસ્થાન સહિત કેટલાક રાજ્યો માટે હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યુ છે. અમુક સ્થળોએ કરા સાથે વરસાદ વરસી શકે છે, ઉત્તરાખંડના હરિદ્વારમાં ભારે વરસાદથી દુર્ઘટના સર્જાઇ છે. રસ્તા પર વૃક્ષ ધરાશાયી થતાં એક કારને નુકસાન થયું છે. આ તરફ હરિયાણાના ચરખી દાદરીમાં પડેલા વરસાદથી. યાર્ડમાં ખુલ્લામાં રાખવામાં આવેલું હજારો ક્વિન્ટલ અનાજ પલળી ગયું છે. યૂપીના એટામાં બે સગી બહેનો પર વીજળી પડતાં એકનું મૃત્યું થયું છે..તો બીજી બહેન ગંભીર રીતે દાઝી ગઇ હતી. આ તરફ દિલ્લીના વસંત કુંજમાં એક વૃક્ષ જમીનદોસ્ત થતાં કેટલાક વાહનોને નુકસાન છે,જમ્મુ-કશ્મીરના રામબનમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલન થયુ છે. ચંબા સેરીમાં જમ્મુ-શ્રીનગર નેશનલ હાઇવે બંધ થયો. હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં તેજ હવા સાથે વરસાદ વરસ્યો છે. શિમલામાં પણ વૃક્ષો ધરાશાયી થયા રસ્તા બ્લોક થયા છે.**

#### કેદારનાથમાં ભક્તોનું પૂર

# કેદારનાથમાં એક જ દિવસમાં ૩૦ હજારથી વધુ લોકો ઉમટ્યાં

। (એજન્સી) કેદારનાથ, તા.૪ ।

કેદારનાથ ધામમાં બાબા કેદારના દર્શન માટે ૨ મે ના રોજ શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી હતી. યાત્રા કંટ્રોલ રૂમ રુદ્રપ્રયાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે આ દિવસે સાંજે ૭:૦૦ વાગ્યે કુલ ૩૦,૧૫૪ શ્રદ્ધાળુઓએ કેદારનાથ ધામના દર્શન કર્યા હતા. તેમાં ૧૯,૧૯૬ પુરુષ, ૧૦,૫૯૭ મહિલાઓ અને ૩૬૧ બાળકો સામેલ હતા. જોકે, આ દિવસે કોઈ પણ વિદેશી શ્રદ્ધાળુ નહોતા આવ્યા. શ્રદ્ધાળુઓની આ સંખ્યા તીર્થ યાત્રાની વધતી આસ્થાને દર્શાવે છે. બીજી તરફ ૨ મે ના રોજ યમુનોત્રીમાં ૧૧૨ શ્રદ્ધાળુ અને ગંગોત્રીમાં ૭,૪૦૮ શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે પહોંચ્યા હતા. પ્રખ્યાત જ્યોતિર્લિંગ કેદારનાથ મંદિરના કપાટ શુક્રવારે સવારે ઔપચારિક રીતે ખોલવામાં આવ્યા હતા, જેમાં ૧૨,૦૦૦ થી વધુ ભક્તો હાજર રહ્યા હતા. બદ્રીનાથ-



કેદારનાથ મંદિર સમિતિ (BKTC) ના અધિકારીઓએ જણાવ્યું કે, સમુદ્રની સપાટીથી ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઈ પર સ્થિત મંદિરના કપાટ ૨ મેના રોજ સવારે ૭:૦૦ વાગ્યે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. આ પાવન અવસર પર મંદિરને ૧૦૮ ક્વિન્ટલ ફૂલોથી શણગારવામાં આવ્યું હતું, જેમાં ગુલાબ અને ગલગોટા સહિત ૫૪ પ્રકારના ફૂલો સામેલ હતા. આ ફૂલો નેપાળ, થાઈલેન્ડ અને શ્રીલંકા જેવા દેશોમાંથી લાવવામાં આવ્યા હતા. ચાર ધામ યાત્રાના ચાર મંદિરોમાંથી કેદારનાથ સૌથી વધુ ભક્તોને આકર્ષિત કરે છે. આ મંદિર ભગવાન શિવને સમર્પિત છે અને દેશના ૧૨ જ્યોતિર્લિંગોમાંથી ૧૧મું છે. BKTCના મીડિયા ઈન્ચાર્જ હરીશ ગૌરે જણાવ્યું કે, કેદારનાથ મંદિરના કપાટ ખોલવાની પ્રક્રિયા સવારે ૫:૦૦ વાગ્યે શરૂ થઈ ગઈ હતી. આ દરમિયાન રાવલ (મુખ્ય પૂજારી) ભીમાશંકર લિંગ, પૂજારી બગેશ લિંગ, કેદારનાથના ધારાસભ્ય આશા નૌટિયાલ, રુદ્રપ્રયાગના જિલ્લા મેજિસ્ટ્રેટ સૌરભ ગહરવાર, BKTCના સીઈઓ વિજય પ્રસાદ થપલિયાલ, તીર્થ પૂરોહિત શ્રીનિવાસ પોસ્ટી, અન્ય ધાર્મિક આચાર્યો વેદપાઠી મંદિરના પૂર્વ દ્વારાથી ગર્ભગૃહની પૂજામાં સામેલ થયા હતા. આ વખતે શ્રદ્ધાળુઓ માટે એક નવી શરૂઆત કરવામાં આવી છે. મંદિરની પાસે મંદાકિની અને સરસ્વતી નદીઓના સંગમ પર એક ભવ્ય 'આરતી'નું આયોજન કરવામાં આવશે,

#### રોકડ વ્યવહારની IT વિભાગને આપવી પડશે માહિતી

# સંપત્તિ ખરીદતી વખતે ૨ લાખ કે તેથી વધુના રોકડ વ્યવહારની આપવી પડશે માહિતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

હાલમાં ફ્લેટ કે કોઈ પ્રોપર્ટી ખરીદવા જાઓ તો અમુક ટકા રૂપિયાનો વ્યવહાર કેશમાં કરવો પડે છે, જે બ્લેકમની ગણાય છે, જેનો કોઈ હિસાબ હોતો નથી. ત્યારે આવા બ્લેકમનીના વ્યવહારોને અટકાવવા માટે સરકારે મોટો નિર્ણય લીધો છે. વેચાણ દસ્તાવેજમાં ૨ લાખ કે તેથી વધુ રોકડ રકમનો વ્યવહાર દર્શાવવામાં આવ્યો હશે તો આઈટી વિભાગને તેની વિગતો આપવી પડશે. જો આ અંગે માહિતી છુપાવવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેને લગતો પરિપત્ર નોંધણી સર નિરીક્ષક અને સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સની કચેરી દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. આ પરિપત્ર સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી પિટિશનને ટાંકીને કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા સૂચના આપવામાં આવી હતી કે, જ્યારે પણ કોઈપણ સ્થાવર મિલકતના લે-વેચ માટે ૨ લાખ રૂપિયા કે તેથી વધુ રકમની રકમ રોકડ સ્વરૂપે અવેજ તરીકે વેચાણ દસ્તાવેજમાં દર્શાવે/આપે તો તેની જાણ ઈક્મટેક્સ



સત્તાધિકારીને કરવાની રહેશે. જ્યારે ઈક્મટેક્સ અધિકારીને ૨ લાખ રૂપિયાની રોકડ રકમ અવેજ તરીકે આપ્યાની જાણ તેમજ તપાસ દરમિયાન અથવા અન્ય રીતે થાય તો શિક્ષાત્મક કાર્યવાહી કરવા મુખ્ય સચિવને સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત જ્યારે પણ, કોઈપણ આવકવેરા સત્તાધિકારીની જાણમાં આવે છે કે રૂ. ૨ લાખ અથવા તેનાથી વધુની રકમ અન્ય કોઈપણ સ્ત્રોતમાંથી કોઈપણ સ્થાવર મિલકતને લગતા કોઈપણ વ્યવહારમાં કે આકારણીની કાર્યવાહી દરમિયાન ચૂકવવામાં આવી છે, ત્યારે તે નોંધણી કરનારની નિષ્ફળતા ગણાશે અને રાજ્ય અને યુટીના મુખ્ય સચિવની જાણમાં યોગ્ય કાર્યવાહી માટે લાવવામાં આવશે.



શ્રીનગરમાં પહેલગામ આતંકવાદી હુમલા પછી દાલ તળાવના કિનારે સુરક્ષા કર્મચારીઓ દેખરેખ કરતા જોવા મળ્યા.

# ખાનગી ક્ષેત્ર-ન્યાયતંત્રમાં પણ લાગુ કરો અનામત

। (એજન્સી) પટણા, તા.૪ ।

કેન્દ્ર સરકારે દેશમાં જાતિગત વસ્તી ગણતરી કરાવવાનો નિર્ણય લીધો છે. જેને ધ્યાનમાં રાખીને, આરજેડી નેતા તેજસ્વી યાદવે પીએમ મોદીને પત્ર લખ્યો છે. જે તેમણે સોશિયલ મીડિયા પર શેર પણ કર્યો હતો. તેજસ્વી યાદવે પીએમ મોદીને લખેલા પત્રમાં કહ્યું કે, તમારી સરકાર દ્વારા તાજેતરમાં રાષ્ટ્રવ્યાપી જાતિ વસ્તી ગણતરી કરાવવાની જાહેરાત બાદ, હું આજે તમને આશાવાદની ભાવના સાથે લખી રહ્યો છું. વર્ષોથી, તમારી સરકાર અને NDA ગઠબંધન જાતિગત વસ્તી ગણતરીના પ્રસ્તાવને ફગાવી રહ્યા છે, તેને વિભાજનકારી અને બિનજરૂરી ગણાવી રહ્યા છે. જ્યારે બિહારે પોતાના રાજ્યનું જાતિ સર્વેક્ષણ કરવાની પહેલ કરી, ત્યારે સરકાર અને કેન્દ્રીય અધિકારીઓ, જેમાં તમારી પાર્ટીના ટોચના કાયદા અધિકારીનો પણ સમાવેશ થાય છે, તેમણે દરેક પગલા પર અવરોધો ઉભા કર્યા. તમારા પક્ષના સાથીદારોએ આવા ડેટા સંગ્રહની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. પત્રમાં આગળ લખ્યું છે કે, તમારો નિર્ણય એ નાગરિકોની માંગણીઓની સ્વીકૃતિનું પ્રતિનિધિત્વ કરે છે

#### પોઈન્ટ સિસ્ટમ દ્વારા લાઈસન્સ થશે રદ!

# બેફામ ડ્રાઈવિંગ પર સકંજો કસવા પરિવહન વિભાગની કડક તૈયારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતમાં ઓવરસ્પીડ, રેડ લાઈટ જમ્પ અને સીટ બેલ્ટ ન પહેરવા જેવી ભૂલ પર ભારે ચલણ બાદ પણ પણ અવાર-નવાર કાર અને બાઈકચાલકો નિયમોનો ભંગ કરતા રહે છે. ચલણનો ભારે દંડ છતાં તેમાં કોઈ ખાસ ઘટાડો જોવા નથી મળતો. એવામાં પરિવહન વિભાગ દ્વારા ખરાબ ડ્રાઈવિંગ પર લગામ લગાવવા માટે પૉઈન્ટ સિસ્ટમ લાવવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. જે હેઠળ કોઈ ડ્રાઈવર ઓવરસ્પીડમાં ગાડી ચલાવે છે અથવા રેડ લાઈટ જમ્પ કરે છે તો તેના લાઈસન્સ પર નેગેટિવ પોઈન્ટ થઈ જશે. એટલું જ નહીં જો આ નેગેટિવ પોઈન્ટ્સની સંખ્યા એક લિમિટ કરતા વધી ગઈ તો ડ્રાઈવિંગ લાઈસન્સને સસ્પેન્ડ અથવા રદ કરવામાં આવી શકે છે. આ નેગેટિવ પોઈન્ટ ચલણથી અલગ હશે. તેનો અર્થ એ છે કે, ઓવરસ્પીડ, રેડ લાઈટ જમ્પ અને સીટ બેલ્ટ ન પહેરવા પર જે ચલણ થાય છે, તે શરૂ જ રહેશે. આ સિવાય પોઈન્ટ સિસ્ટમ પણ જોડવામાં આવશે. જોકે, હજુ સુધી આ મુદ્દે



કોઈ અંતિમ નિર્ણય લેવામાં નથી આવ્યો પરંતુ, ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે અને તેના માટે મંથન પણ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન તેમાં પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે કે, પરિવહન વિભાગ દેશના તમામ રાજ્યો સાથે આ સંબંધિત ચર્ચા કરે અને તેના આધારે આવી કડક વ્યવસ્થા લાવવાની તૈયારી કરે. ભારતમાં આવી વ્યવસ્થા પહેલીવાર આવશે પરંતુ, ઓસ્ટ્રેલિયા, જર્મની, બ્રિટેન, ફ્રાન્સ, કેનેડા જેવા દેશોમાં પહેલાથી જ લાગુ છે. એટલું જ નહીં, ચીનના પણ અમુક શહેરોમાં તંત્રએ પોઈન્ટ સિસ્ટમ શરૂ કરી છે. પરિવહન વિભાગના સૂત્રોનું કહેવું છે કે, લાઈસન્સિંગ સિસ્ટમમાં મેરિટ અને ડિમેરિટ પોઈન્ટ જોડવામાં આવશે. આ સિવાય અમુક મહિનામાં જ મોટર વ્હીકલ એક્ટમાં સંશોધન કરવામાં આવશે અને આ પોઈન્ટ વ્યવસ્થા શરૂ થશે. આ અંતર્ગત જો કોઈ નિયમ તોડવામાં આવશે તો ડિમેરિટ પોઈન્ટ જોડાશે અને સારો વ્યવહાર કરવા પર મેરિટ પોઈન્ટ આપવામાં આવશે. હકીકતમાં ૨૦૧૯માં પરિવહન મંત્રી નીતિન ગડકરીની પહેલ પર ટ્રાફિક ચલણમાં વધારો કર્યો હતો. સરકારની માન્યતા હતી કે, આની મદદથી રેશ ડ્રાઈવિંગથી બચી શકાશે અને અકસ્માતમાં ઘટાડો થશે. આ વધારાની થોડીઘણી અસર જોવા પણ મળી હતી. એવામાં હવે પોઈન્ટ સિસ્ટમ પર વિચાર થઈ રહ્યો છે. દર વર્ષે આશરે ૧ લાખ ૭૦ હજાર લોકો માર્ગ અકસ્માતમાં મોતને ભેટે છે અથવા ઈજાગ્રસ્ત થાય છે. હવે જે નવી વ્યવસ્થા લાગુ થશે, તે હેઠળ ઈલેક્ટ્રોનિક કેમરાની મદદથી કોઈપણ ડ્રાઈવરની ભૂલને સરળતાથી પકડી શકાશે. સરકારી સૂત્રોનું કહેવું છે કે, જો કોઈનું લાઈસન્સને સસ્પેન્ડ અથવા રદ થવાનો ડર છે તો આ ભૂલ ઓછી કરશે અને તેનો પ્રયાસ કરશે કે, તે બધા નિયમોનું પાલન કરે. અનેક દેશોનો અભ્યાસ કરીને આ નિયમ લાગુ કરવામાં આવશે.

#### યુપીની વીમા ક્લેમ ગેંગનું ભાંડાફોડ

# દિવ્યાંગનો વીમો કરાવ્યો પછી હત્યા કરી રકમ પચાવી પાડી

### પોલિસીઓનો ક્લેમ પચાવી પાડવા માટે એક દિવ્યાંગ વ્યક્તિ પર કાર ચઢાવીને હત્યા કરાવી નાખી હતી

। (એજન્સી) લખનૌ, તા.૪ ।

અંતિમ શ્વાસ લઈ રહેલા અને મૃતકોની વીમા પોલિસી ક્લેમ કરીને પૈસા હડપતી એક ગેંગનો સંભલ પોલીસે ભાંડો ફોડ્યો છે. બે સગા ભાઈઓએ ૫૦ લાખ રૂપિયાના ઈન્શ્યોરન્સ પોલિસીઓનો ક્લેમ પચાવી પાડવા માટે દરિયાબ નામના એક દિવ્યાંગ વ્યક્તિ પર કાર ચઢાવીને હત્યા કરાવી નાખી હતી. ત્યારબાદ ક્લેમ કરીને ૧૫ લાખ રૂપિયા પણ પચાવી પાડ્યા હતા. જોકે, આ મામલે દિવ્યાંગ વ્યક્તિના નજીકના સંબંધીઓ દ્વારા અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો, ત્યારે સમગ્ર મામલાનો પર્દાફાશ થયો. આ કેસની તપાસ કરી રહેલી પોલીસે શરૂઆતમાં તો પુરાવાના અભાવે FIR દાખલ કરી હતી. જોકે, ૪ મહિના બાદ ટાટાની એક લોન કંપનીએ પોલીસને જાણ કરી કે દરિયાબ નામના વ્યક્તિના નામે વીમાનો ક્લેમ માગવામાં આવી રહ્યો છે. મામલો શંકાસ્પદ લાગી રહ્યો છે. કૃપા કરીને આ મામલાની તપાસ કરાવો. ત્યારબાદ પોલીસ ટીમે આ




મામલાની તપાસ શરૂ કરી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે દિવ્યાંગ દરિયાબની હત્યા તેના ઘરથી ૨૭ કિલોમીટર દૂર કરવામાં આવી હતી. આવી સ્થિતિમાં સવાલ એ ઉભો થાય છે કે, જ્યારે તે વ્યક્તિ ચાલી જ નહોતો શકતો, તો તે ઘરથી ૨૭ કિલોમીટર દૂર કેવી રીતે પહોંચ્યો અને અકસ્માતનો ભોગ કેવી રીતે બન્યો? જ્યારે પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી અને શંકાના આધારે લોકોની પૂછપરછ કરી, ત્યારે સમગ્ર મામલે ખુલાસો થયો. તપાસમાં સામે આવ્યું કે, દિવ્યાંગ દરિયબ પર હરિઓમ અને બિનોદ નામના બે સગા ભાઈઓએ ઓક્ટોબર-૨૦૨૩થી અનેક વીમા કરાવવાનું શરૂ કરી દીધું હતું. કારણ કે બંનેને પૈસાની જરૂર હતી.

## તંત્રી લેખ...

### ‘વેવ્સ’ યુગનો શુભારંભ

વિશ્વના પહેલા દૃશ્ય, શ્રાવ્ય અને મનોરંજન સંમેલનનું ભારતમાં થવું આ ક્ષેત્રમાં આપણું મહત્ત્વ દર્શાવે છે. પહેલી મેથી ચોથી મે સુધી ચાલનાર આ ‘વિશ્વ દૃશ્ય શ્રાવ્ય અને મનોરંજન સંમેલન’ (વેવ્સ)નો ઉદ્દેશ્ય દુનિયાભરના રચનાકારો, સ્ટાર્ટઅપ, ઉદ્યોગ જગતના લોકો અને નીતિ નિર્માતાઓને સાથે લાવીને ભારતને મીડિયા, મનોરંજન અને ડિજિટલ નવાચારનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાનું છે. સિનેમા, ઓટીટી, સોશ્યલ મીડિયા, વેબસાઈટ્સ, રેડિયો, મીડિયા વગેરે ઉદ્યોગમાં અપાર સંભાવનાઓ છે, સારા કન્ટેન્ટની હંમેશાં પડકાર રહે છે, આ ક્ષેત્રને ગતિ આપવાની જરૂર છે, એઆઈ જેવા ટૂલ આવવાથી સુવિધાની સાથે મુશ્કેલીઓ પણ વધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલાં વેવ્સ સંમેલનનું ઉદ્ઘાટન કરતાં કહ્યું કે ભારતમાં સર્જન, વિશવ માટે સર્જનનો યોગ્ય સમય છે. રચનાત્મક ક્ષેત્રના લોકોને સંગીત, નૃત્ય અને કહાની કહેવાની શૈલી જેવી કલાઓનો ઉપયોગ કરીને વધુ સંવેદનશીલ ભવિષ્ય બનાવવાની દિશામાં કામ કરવું જોઈએ. મનુષ્યને રોબોટમાં નથી બદલી નાખવાના. આપણે તેમને વધુ સંવેદનશીલ બનાવવાના છે. પીએમનો સંદેશ સ્પષ્ટ છેકે સંવેદનશીલતા સાથે મનોરંજન કરવું જોઈએ. હિંસા, અશ્લીલતા અને રોબોટિક મનોરંજનથી સમાજન નિર્માણની યાત્રા આગળ ન વધી શકે. દૃશ્ય, શ્રાવ્ય અને મનોરંજન ઉદ્યોગે રચનાત્મક જવાબદારી નિભાવવી પડશે. આપણે યુવા પેઢીને કેટલાક માનવતા વિરોધી વિચારોથી બચાવવી પડશે.

### પ્રધાનમંત્રીએ આંધ્રપ્રદેશના અમરાવતીમાં ૫૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે આંધ્રપ્રદેશના અમરાવતીમાં ૫૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કર્યું. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કર્યું કે તેઓ અમરાવતીની પવિત્ર ભૂમિ પર ઉભા રહીને માત્ર એક શહેર જ નહીં પરંતુ એક સ્વપ્ન સાકાર થતું જુએ છે - એક નવી અમરાવતી, એક નવી આંધ્ર. ‘‘અમરાવતી એક એવી ભૂમિ છે જ્યાં પરંપરા અને પ્રગતિ એકસાથે ચાલે છે, તેના બૌદ્ધ વારસાની શાંતિ અને વિકસિત ભારતનું નિર્માણ કરવાની ઉર્જા બંનેને સ્વીકારે છે’’, પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી. તેમણે ઉમેર્યું કે આજે, પ્રોજેક્ટ્સ માટે શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરવામાં આવ્યા છે અને આ પ્રોજેક્ટ્સ ફક્ત કોંક્રિટ માળખાઓ વિશે નથી પરંતુ આંધ્રપ્રદેશની આકાંક્ષાઓ અને વિકાસ માટેના ભારતના દ્રષ્ટિકોણનો મજબૂત પાયો છે. પ્રધાનમંત્રી મોદીએ ભગવાન વીરભદ્ર, ભગવાન અમરાલિંગેશ્વર અને તિરુપતિ બાલાજીને પ્રાર્થના કરીને આંધ્રપ્રદેશના લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે મુખ્યમંત્રી શ્રી ચંદ્રબાબુ નાયડુ અને નાયબ મુખ્યમંત્રી શ્રી પવન કલ્યાણને પણ શુભેચ્છાઓ પાઠવી હતી. ઈન્દ્ર લોકની રાજધાની એક સમયે અમરાવતી તરીકે ઓળખાતી હતી અને હવે અમરાવતી આંધ્રપ્રદેશની રાજધાની છે તે વાતની નોંધ લઈને શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે આ માત્ર સંયોગ નથી. પરંતુ ‘સ્વર્ણ આંધ્ર’ ના નિર્માણ માટે એક સકારાત્મક સંકેત છે. જે ભારતના વિકાસના માર્ગને મજબૂત બનાવશે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે અમરાવતી ‘સ્વર્ણ આંધ્ર’ના વિઝનને ઉર્જા આપશે. તેને પ્રગતિ અને પરિવર્તનનું કેન્દ્ર બનાવશે. ‘‘અમરાવતી માત્ર એક શહેર નથી, તે એક શક્તિ છે, તે એવી શક્તિ છે જે આંધ્રપ્રદેશને આધુનિક રાજ્યમાં પરિવર્તિત કરશે અને એક એવી શક્તિ છે જે આંધ્રપ્રદેશને એક અદ્યતન રાજ્યમાં પરિવર્તિત કરશે’’, શ્રી મોદીએ તેલુગુમાં જણાવ્યું હતું. અમરાવતીને એક એવા શહેર તરીકે કલ્પના કરતા જ્યાં આંધ્રપ્રદેશના યુવાનોના સપના સાકાર થશે, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે આગામી વર્ષોમાં, અમરાવતી માહિતી ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિમત્તા, ગ્રીન એનર્જી, સ્વચ્છ ઉદ્યોગ, શિક્ષણ અને આરોગ્યસંભાળમાં અગ્રણી શહેર તરીકે ઉભરી આવશે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી કે કેન્દ્ર સરકાર આ ક્ષેત્રોમાં વિકાસને વેગ આપવા માટે જરૂરી માળખાગત સુવિધાઓ ઝડપથી વિકસાવવામાં રાજ્ય સરકારને સંપૂર્ણ સમર્થન આપી રહી છે. શ્રી મોદીએ શ્રી ચંદ્રાબાબુ નાયડુની ભવિષ્યની ટેકનોલોજીને મોટા પાયે કલ્પના કરવા અને તેને ઝડપથી અમલમાં મૂકવા બદલ તેમની કુશળતાની પ્રશંસા કરી હતી. તેમણે યાદ કર્યું કે ૨૦૧૫ માં, તેમને પ્રજા રાજધાની માટે શિલાન્યાસ કરવાનો સૌભાગ્ય મળ્યું હતું. તેમણે ભાર મૂક્યો કે વર્ષોથી, કેન્દ્ર સરકારે અમરાવતીના વિકાસ માટે વ્યાપક સમર્થન આપ્યું છે. મૂળભૂત માળખાગત સુવિધાઓ માટે તમામ જરૂરી પગલાં સુનિશ્ચિત કર્યા છે. તેમણે ટિપ્પણી કરી કે શ્રી નાયડુના નેતૃત્વમાં, નવી રાજ્ય સરકારે વિકાસના પ્રયાસોને વેગ આપ્યો છે. તેમણે હાઈકોર્ટ, વિધાનસભા, સચિવાલય અને રાજભવન સહિતની મુખ્ય સંસ્થાઓને હવે બાંધકામ માટે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે તે વાત પર ભાર મૂક્યો હતો. ‘‘એનટીઆર ગારુએ વિકસિત આંધ્રપ્રદેશની કલ્પના કરી હતી’’, પ્રધાનમંત્રીએ ઉદગાર કાઢ્યો, અમરાવતી અને આંધ્રપ્રદેશને વિકસિત ભારતનું વિકાસ એન્જિન બનાવવા માટે સામૂહિક પ્રયાસોનો આગ્રહ કર્યો, એનટીઆર ગારુના સ્વપ્નને પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને સંબોધતા, પ્રધાનમંત્રીએ તેલુગુમાં કહ્યું કે તે આપણી જવાબદારી છે અને આપણે સાથે મળીને હાંસલ કરવું જોઈએ. છેલ્લા ૧૦ વર્ષોમાં ભારતે ભૌતિક, ડિજિટલ અને સામાજિક માળખાગત સુવિધાઓ પર વ્યાપકપણે ધ્યાન કેન્દ્રિત કર્યું છે તેના પર ભાર મૂકતા, શ્રી મોદીએ જણાવ્યું કે ભારત હવે વિશ્વના સૌથી ઝડપથી આધુનિક બનતા માળખાગત સુવિધાઓ ધરાવતા દેશોમાંનો એક છે અને આંધ્રપ્રદેશ આ પ્રગતિથી નોંધપાત્ર રીતે લાભ મેળવી રહ્યું છે. તેમણે નોંધ્યું કે આંધ્રપ્રદેશને હજારો કરોડ રૂપિયાના રોડ અને રેલ પ્રોજેક્ટ્સ ફાળવવામાં આવ્યા છે. જેનાથી તેના વિકાસમાં વેગ આવ્યો છે. ‘‘આંધ્રપ્રદેશ કનેક્ટિવિટીનો એક નવો યુગ જોઈ રહ્યું છે. જે જિલ્લા-થી-જિલ્લા જોડાણોને વધારશે અને પડોશી રાજ્યો સાથે જોડાણમાં સુધારો કરશે’’, તેમણે ભાર મૂક્યો કે ખેડૂતોને મોટા બજારો સુધી પહોંચવામાં સરળતા રહેશે અને ઉદ્યોગોને સુધારેલી લોજિસ્ટિકલ કાર્યક્ષમતાથી લાભ થશે. શ્રી મોદીએ એ પણ ભાર મૂક્યો કે પ્રવાસન અને યાત્રાધામ ક્ષેત્રો પણ ગતિ પકડશે. જેનાથી મુખ્ય ધાર્મિક ક્ષેત્રો વધુ સુલભ થશે. તેમણે રેનીગુંટા-નૈદુપેતા હાઈવેનું ઉદાહરણ આપતા કહ્યું કે તે તિરુપતિ બાલાજી મંદિર સુધી પહોંચવામાં નોંધપાત્ર રીતે સરળતા લાવશે. જેનાથી ભક્તો ભગવાન વેંકટેશ્વર સ્વામીના દર્શન કરી શકશે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે જે દેશોએ ઝડપથી વિકાસ કર્યો છે તેમણે તેમના રેલ્વે નેટવર્કને ખૂબ મહત્વ આપ્યું છે.

**વાલ્મિકી રામાયણ અનુસાર એક દંતકથા મુજબ, સીતાને જાનકી પણ કહેવામાં આવે છે, કારણ કે તે જનકની પુત્રી હતાં**

# જનક નંદિની સીતા સંયમી જીવે છે, અને આવનારા સમયનાં આકરાં તપ માટે પોતાની જાતને તૈયાર કરે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**બીજી દંતકથા અનુસાર સીતાને રાવણ અને મંદોદરીની પુત્રી તરીકે પણ માનવામાં આવે છે, એ સમયે વેદવતી નામની એક ખૂબ સુંદર સ્ત્રી ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવા માટે ખૂબ જ આકરું તપ કરી રહી હતી, એ સ્ત્રી ભગવાન વિષ્ણુને ખૂબ જ પસંદ કરતી હતી, અને તેને ભગવાન વિષ્ણુ ને પતિ તરીકે તેને પ્રાપ્ત કરવા હતાં.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વૈશાખ સુદ નોમ એટલે કે સીતા નોમ અને આ દિવસે માતા સીતા એટલે કે જાનકીના જન્મનો દિવસ છે. જનક રાજા નિઃસંતાન હતાં, વનમાં તપ કરવાં ગયાં, અને ત્યારે મેનકા નામની અપ્સરાને જોઈ તેમને આવી પુત્રી મને હોય તો કેવું સારું, એવી ઈચ્છા થઈ હતી, અને ત્યારબાદ તેને ધરતીમાંથી સીતા માતા પ્રાપ્ત થયા હતાં, અને એમને ઉછેરી ને જનક એક પિતા તરીકે પણ એટલાં જ વાત્સલ્યમૂર્તિ હતાં. આજે આપણે જનક નંદિની સીતાના જન્મ વિશેની કથા ચિંતનમાં જોઈશું. માતા સીતા એટલે કે જાનકીનાં જન્મ માટે પુરાણોમાં બે દંતકથા મળે છે, આમ તો આપણે ગઈકાલે જોયું હતું કે વૈદેહી વિલાસ નામનાં પુસ્તકમાં રાજા જનક અરણ્યમાં ખૂબ આકરી તપસ્યા કરી રહ્યાં હતાં, ત્યારે તેમણે સ્વર્ગની અપ્સરા મેનકાને જોઈ હતી, અને તેમને એવી પુત્રી થાય તેવી તેમને ઈચ્છા થઈ હતી, એટલે ભગવાન એ પ્રસન્ન થઈ આ રીતે એમને પુત્રી મળે એવા આશિષ આપ્યા હશે. વાલ્મિકી રામાયણ અનુસાર એક દંતકથા મુજબ,સીતાને જાનકી પણ કહેવામાં આવે છે. કારણ કે તે જનકની પુત્રી હતાં, પરંતુ જાનકી નો જન્મ જનક સુનયનાની પુત્રી તરીકે બતાવાયો નથી. દંતકથા મુજબ એકવાર મિથિલા પ્રદેશમાં ખૂબ જ આકરો દુષ્કાળ પડ્યો, અને પશુ-પંખીઓ તેમજ માનવીઓ મૃત્યુ પામવા લાગ્યાં. ત્યારે ઋષિઓની આજ્ઞાથી જનક રાજાએ એક મોટો યજ્ઞ કર્યો, અને ત્યારબાદ સોનાના હળ વડે પોતે થોડી જમીન ખેડી, અને એ જમીનમાંથી માટીના ઘડામાં એક નવજાત હસતી કન્યા તેને પ્રાપ્ત થઈ, અને તેમણે તેને ઉઠાવી લીધી. રાજા જનક ને તેના માસુમ સ્પર્શ થી પિતા જેવું વાત્સલ્ય થયું,અને આ કન્યાને તેમણે ઉછેરવાનું નક્કી કર્યું.રાજા જનકે તેને સીતા નામ આપ્યું, અને આમ રાજા જનક ને પુત્રી પ્રાપ્ત થઈ,અને એ પુત્રી સીતા જાનકી અથવા વૈદેહી તરીકે ઓળખાય છે. બીજી દંતકથા અનુસાર સીતાને રાવણ અને મંદોદરીની પુત્રી તરીકે પણ માનવામાં આવે છે. એ સમયે વેદવતી નામની એક ખૂબ સુંદર સ્ત્રી ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવા માટે ખૂબ જ આકરું તપ કરી રહી હતી. એ સ્ત્રી ભગવાન વિષ્ણુને ખૂબ જ પસંદ કરતી હતી, અને તેને ભગવાન વિષ્ણુ ને પતિ તરીકે તેને પ્રાપ્ત કરવા હતાં. વેદવતી



નામની આ સ્ત્રી ખૂબ જ સુંદર હતી, અને એ તપ કરી રહી હતી, ત્યાંથી રાવણ પસાર થયો. રાવણને વેદવતી નામની સ્ત્રી ને જોઈ મોહિત થઈ ગયો. એણે તેને પોતાની સાથે આવવા કહ્યું,અને સ્ત્રી સાથે લગ્ન કરવાની ઈચ્છા બતાવી. એણે તે વાતનો ઈંકાર કર્યો, એટલે બળજબરીથી વેદવતી ને હાંસલ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ વેદવતી પોતાના તપોબળથી ભસ્મીભૂત થઈ ગઈ, અને તેણે જતાં-જતાં રાવણને શ્રાપ આપ્યો કે હું તારી પુત્રી તરીકે જન્મ લઈશ, અને તારા મૃત્યુનું કારણ બનીશ. આ વાત મંદોદરી ના કાને પહોંચી, થોડા સમયમાં જ રાવણ અને મંદોદરી ને ત્યાં એક દીકરીનો જન્મ થયો. મંદોદરી ને થયું કે આ પુત્રી મોટી થતાં મારા જ સૌભાગ્યની દુશ્મન બનવાની છે, એના પિતા ના મોતનું કારણ બનવાની છે, લંકાપતિ ના દસાનન નુ મોત દાનવ કુળ માટે બહુ ભારી પડશે. તો હું એનો અત્યારથી જ ત્યાગ કરી દઉં, આથી તેણે એક સોનાની પેટીમાં એને મૂકી દીધી, અને આ પેટી સમુદ્રમાં ફેંકી દીધી. સમુદ્ર ની દેવી વરુણી એ ધરતી માતાને આ પુત્રી સોંપી દીધી. ત્યારબાદ ધરતી માતાએ જનક સુનયના ને એ પુત્રી સોંપી, અને ત્યાં તેનો યોગ્ય ઉછેર થયો. આમ જુવો તો વેદવતી જ વિષ્ણુ પ્રિયા બની,કારણ કે ભગવાન વિષ્ણુ ના રામાવતારમાં સીતા જ તેની પ્રિયા છે. માતા સીતા નાનપણથી જ ખૂબ જ પ્રેમાળ વાત્સલ્ય મૂર્તિ, તેમજ બાહોશ એટલે કે શૂરવીર ફણ બતાવાયા છે. તેઓ નાના હતા ત્યારથી જ ભગવાન શંકરના પિનાક નામના ધનુષ્યથી રમતા હતાં, અને એટલે જ રાજા જનકે તેના સ્વયંવરમાં ભગવાન શંકરનું પિનાક નામનું ધનુષ્ય જે બાણ પર ચડાવી શકે, અને તેને તોડી શકે તેની સાથે જ પોતાની પુત્રીના લગ્ન કરવા ની શરત રાખી. યુગ ગમે તે હોય પણ દીકરીનો બાપ દીકરીનાં સુખથી વધુ કંઈ ઈચ્છતો ન હોય, અને એમાં પણ જ્યારે કન્યા વિદાયનો પ્રશ્ન આવે, ત્યારે ભલભલા પથ્થર દિલની આંખો પણ ભીની થઈ જતી હોય છે. રાજા જનક પણ એમાંના એક છે, તેમણે ખૂબ જ લાડકોડથી પોતાની પુત્રી સીતાના ને ઉછેરી હતી, અને તેમને યોગ્ય ઘર યોગ્ય જીવન, તથા યોગ્ય વર પ્રાપ્ત થાય, એ માટે એ યુગમાં પણ સ્વયંવરની રચના કરી હતી. અને સ્વયંવરની શરત પણ ભગવાન ભોળાનાથ આશુતોષ શંકરના ધનુષ પિનાકને જે તોડી શકે, એ જ એમની પુત્રીના માટે શ્રેષ્ઠ વર છે, એવું તેમણે જાહેર કર્યું હતું. ભગવાન પરશુરામે ખૂબ આકરી તપશ્ચર્યા કરીને ભગવાન શંકરનું ધનુષ્ય મેળવ્યું હતું. એ સમયમાં રાજાઓ પોતાના રાજ્યનો વિસ્તાર વધારવા માટે વારંવાર યુદ્ધો કરી, નર સંહાર કરતા હતાં. આથી ભગવાન પરશુરામે ૨૧ વખત પીનાક ધનુષથી પૃથ્વીને નિઃ ક્ષત્રિય કરી હતી, રાજા જનક સાથે મૈત્રી હોવાથી આ ધનુષ્ય તેને ભેટમાં આપ્યું હતુ. કોઈપણ સ્ત્રી હોય તે પુત્રી, બહેન, પુત્રવધુ, પત્ની, માતા અને સાસુ, વેવાણ, જેવા કેટલાય નિરાળા સંબધોના તાણાવાણાથી ગુંથાયેલી હોય છે. તો સીતા એટલે કે જાનકી પણ જનક નંદીની તરીકે જુદી,અને રાજા રામની પ્રિયા કે દશરથની પુત્રવધૂ તરીકે પણ અલગ વ્યક્તિત્વ ધરાવે છે. તો હવે પછી ચિંતનમાં વાત કરીશું. જનક નંદિની સીતા તારીખે એના જીવનમાંથી આપણે કોઈ પ્રેરણા લેવાની હોય, તો એ એટલી જ છે કે એ માતાપિતાની આજ્ઞા મુજબ સંયમી જીવે છે, અને આવનારા સમયના આકરાં તપ માટે પોતાની જાતને તૈયાર કરે છે. સાંપ્રત સમયમાં સંયમી જીવન જીવવું, અને પોતાના માતા-પિતા કે ઘરના વડીલોની આમન્યા જળવાઈ રહે એમ જીવવું, તેમની શિખામણ સાંભળી અને એમને સહન કરવાં એ તપ જ છે, કારણ કે જનરેશન ગેપ એટલો ઝડપથી વધે છે, કે એમની આંખો ને આવું જીવનની કોઈ દિવસ કલ્પના જ ન્હોય! માટે આજની પેઢી આ રીતે સંયમી અને સહનશીલતાથી જીવશે, તો દરેક પરિવાર નંદનવન બનશે, અને તેમની જોડી રામ સીતા તરીકે ઓળખાશે. આપણે સૌ આપણા સંતાનો ને સંયમી અને સહનશીલ બનવા તરફ પ્રેરીને આવતીકાલ ના ભારતવર્ષનુ ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકીએ. એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**યુવા ભાઈ બહેનો તમારે સૌથી પહેલાં શું કરવું છે તેનો ધ્યેય નક્કી કરો અને યોગ્ય માર્ગદર્શન અને પધ્ધતિ સરની મહેનત કરો**

# પ્રકાશએ જ્ઞાનનું અને અંધકાર એ અજ્ઞાનનું પ્રતીક છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જ્યાં સુધી જાગૃતિનું અજ્ઞાન પ્રવર્તે છે ત્યાં સુધી આપણે માછી મારો જેમ કે તમે મૂલ્યવાન વસ્તુઓ એટલે કે તમારા ગુણોનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરી શકશો નહીં, તેમ જ આપણે તેમને વિનાશમાંથી બચાવી શકીશું નહિ, જ્યારે જીવનમાં જ્ઞાન ચેતના-જાગૃતિનો પ્રકાશ આવે છે ત્યારે આપણે હીરા જેવા અમૂલ્ય પુણ્ય શ્વાસોને નાશ પામતા બચાવવાનો પ્રયત્ન કરીએ છીએ, એકવાર આ વસ્તુઓ ખલાસ થઈ જાય તો આપણે ફરીથી જન્મ-મરણમાંથી પસાર થવું પડશે.**

આજે સોમવારથી શાળા કોલેજોમાં પાંત્રીસ દિવસનું ઉનાળુ વેકેશન શરૂ થયું. ધો.૧૦ એસ એસ સી અને ધો.૧૨ એચ એસ સીના પરિણામો જાહેર થશે નવીપેઢીને શિક્ષિત બેરોજગારીના વાવાઝોડા વચ્ચે જીવનમાં એક ધ્યેય નક્કી કરી તે ધ્યેય પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો કરો ચોક્કસ સફળતા મળશે આજે તમને ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો ’’ આ શબ્દો દ્વારા યુવાધનના અંતરમનને ઢંઢોળનાર અને તેમનામાં જાગૃતિનો નવો પ્રાણ ફૂંકનાર દેશભકત સંન્યાસી સ્વામી વિવેકાનંદ વિશે વાત કરવી છે આજે ચોતરફ હતાશા નિરાશા ભર્યો માહોલ છે તેમાં હોંશિયાર યુવાધન ચોક્કસ આ માનસિક ગડમથલમાં ક્યાંક થાપ ખાઈ જાય કે અવળા રસ્તે જવા પ્રયત્ન કરે તેમને સાચા માર્ગ દર્શન અને આશ્વાસનની જરૂર હોય છે.યુવા ભાઈ બહેનો તમારે સૌથી પહેલાં શું કરવું છે તેનો ધ્યેય નક્કી કરો અને યોગ્ય માર્ગદર્શન અને પધ્ધતિ સરની મહેનત કરો.સ્વામી વિવેકાનદજીના કદાવર, તેજસ્વી મોટીઆંખો અને મધુરકંઠ, સ્વ ભાવે નિર્ભય, બુદ્ધિમાન, રમત ગમતનો, તરવાનો મૂકકાબાજી, પટ્ટાબાજી, લાઠીદાવ, કુસ્તી, હોડી ચલાવવી વગેરે તેના પ્રબળ શોખ હતા. તેમનામાં પ્રબળ નેતૃત્વશકિત હતી. તેમનું હૃદય શુદ્ધ અને પવિત્ર હતું. ઈશ્વરનું જ્ઞાન મેળવવા તે ખૂબ આતુર હતા. ઉચ્ચ શિક્ષણ લેવા તેઓ કોલેજમાં દાખલ થયા તે સમયગાળામાં સંગીતની તાલીમ મેળવીને તેઓ સારા સંગીતકાર પણ બન્યા.સને ૧૮૮૧ના નવેમ્બર માસમાં એક દિવસ તેમણે પોતાના પ્રોફેસર પાસેથી શ્રીરામકૃષ્ણ વિશે સાંભળ્યું અને તે બ્રહ્મગુરુ પાસે જવા માટે ઊપડયા દક્ષિણેશ્વર ! દક્ષિણેશ્વરમાં ગુરુશિષ્યનું મિલન થયું ! ગુરૂદેવ પરમહંસ નરેન્દ્રને જોઈ ભાવાવેશમાં આવી કહેવા લાગ્યા,અરે !આટલું મોડું અવાય ? તું કેટલો કઠોર છે કે મને ખૂબ રાહ જોવડાવી. નરેન્દ્ર, પ્રભુ, તમે તો માનવજાતિના દુઃખો દૂર કરવા ધરતી પર આવેલા પ્રાચીન ઋષિ છો.’’ પ્રણામ કરીને પૂછ્યું કે ‘તમે ઈશ્વરને જોયા છે ?’ રામકૃષ્ણ પ્રેમથી જોઈ જવાબ આપ્યો, ‘હા,મેં ઈશ્વરને જોયા છે. જેવી રીતે હું તને જોઉં છું, તેવી જ રીતે હું ઈશ્વરને જોઉં છું. ફેર માત્ર એટલો જ કે ઈશ્વરનું અસ્તિત્વ અનંત અને તત્વમય છે. તારી મરજી હશે તો હું તને તેના દર્શન કરાવીશ. નરેન્દ્રને જે ગુરુ જોઈતા હતા તે મળી ગયા. તેમણે ગુરુદેવના ચરણોમાં રહેવાનો નિર્ણય કર્યો.પરમ શિષ્ય નરેન્દ્રએ ગુરુદેવના આદેશ તથા ઉપદેશને જીવનમંત્ર બનાવ્યા અને આ જીવન સ્વીકાર્યા. આમ, કૌટુબિક સંસ્કાર, બહુમુખી અધ્યયનના પ્રભાવની સાથે મહાગુરુ શ્રી રામ કૃષ્ણા પરમહંસ નું સાંનિધ્ય અને આશીર્વાદ તેમના ચારિત્ર્ય ઘડતર કરવામાં મહત્વના રહ્યા છે.છેવટે ૧૬મી ઓગસ્ટ, ૧૮૮૬માં ગુરુદેવ છેલી ઊંડી મહાસમાધિમાં ઊતરી ગયા અને વિદાય લીધી.૧૭મી ફેબ્રુઆરી ૧૮૯૩એ હૈદરા બાદ છોડયું ત્યારે અમેરિકામાં ‘વિશ્વ ધર્મ સભામાં હાજરી આપવાનો વિચાર સાકાર થઈ ચૂકયો હતો છેવટે વિશ્વધર્મ પરિષદમાં તેમણે અમેરિકામાં જઈ હાજરી આપી. શિકાગોની આર્ટ



ઈન્સ્ટિટયુટના વિશાળખંડ ‘‘હોલ ઓફ કાલંબસ’’ ૧૧મી સપ્ટેમ્બર ૧૮૯૩ના સવારે દશ વાગ્યે વિશ્વ ધર્મ પરિષદનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. સ્વામીજી ‘શુદ્ધ સનાતન હિંદુધર્મ પર વ્યાખ્યાના આપવાના હતા. સ્વામીજી વ્યાખ્યાન આપવા ઊભા થયા ત્યારે સર્વત્ર શાંતિ પથરાઈ. પરમાત્માની સ્તુતિ કરી તેમણે ભાષણ શરૂ કર્યું.શ્રોતાઓ ને તેમણે ‘અમેરિકાની મારી ભગિનીઓ અને ભ્રાતાઓ’કહીને સંબોધ્યા. જે કોઈપણ વકતાએ આ પ્રમાણે સબોધન કર્યું ન હતું. તેમણે હિંદુ ધર્મને સર્વધર્મોની જનની તરીકે દર્શાવ્યો.અખિલ વિશ્વને સહિષ્ણુતા અને સર્વ ગ્રહિતાનો બોધ આપનાર હિંદુધર્મ જ છે. હિંદુ શાસ્ત્રોમાંથી અનેક અવતરણો ટાંકી સુલલિત વાણી થી બધાન દંગ કરી દીધા. પોતાના પ્રતિભાશાળી વ્યક્તિત્વ અને પ્રથમ જવલંત વ્યાખ્યાનથી જ અમેરિકામાં તેમણે સૌને મંત્ર મુગ્ધ કર્યા અને સમગ અમેરિકામાં જાણીતા થઈ ગયા. છે કે સુવિખ્યાત ધ ન્યુયોર્ક હેરોલ્ડ નામની પત્રિકાએ પણ છાપ્યું કે, સ્વામી વિવેકાનંદ વિશ્વધર્મ પરિષદ’ની સૌથી મહાન વ્યકિત છે એમાં શંકા નથી. એમનું વ્યાખ્યાન સાંભળ્યા પછી એમ લાગે છે કે આવી સુશિક્ષિત પ્રજા માટે મિશનરીઓને મોકલવાએ મૂર્ખતા છે.વિવેકાનંદે ન્યુયોર્ક, યુરોપ ફ્રાંસ, ઈંગ્લેન્ડ વગેરે માં પણ પ્રવાસ કાર્ય કરી ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો. લંડનમાં આત્મ જ્ઞાન વિશે પણ ભવ્ય વ્યાખ્યાન આપ્યું. વિદેશી મહિલા માર્ગારેટ પણ પ્રભાવિત થયા અને સ્વામીજી લંડનમાંથી ઉપડયા તે પહેલાં જ તેમની શિષ્યા બનીને ભગિની નિવેદિતા નામ સ્વીકાર્યું. લંડન છોડી સ્વામીજી ભારત પરત ફર્યા.ગુરૂદેવ શ્રી રામકૃષ્ણના આદેશ પ્રમાણે શ્રી રામકૃષ્ણ મઠ’ અને ‘શ્રી રામકૃષ્ણ મિશન’ના કાર્યો કરવામાં તેઓ વ્યસ્ત રહ્યા.અને ધર્મ,શિક્ષણ, સંસ્કૃતિ, સમાજ વિશેના વિચારો ફેલાવતાં રહ્યા. શિક્ષણ જગતને પ્રેરે તેવા પોતાના વિચારો રજૂ કર્યા આશ્રમમાં રહી ગુરૂભાઈઓ તથા શિષ્યોસાથી સત્સંગ, ભજન વાંચન,ચિંતન અને ચર્ચા વિચારણામાં ઘણો સમય વિતાવ્યો તથા જીવનકાળ દરમ્યાન હિન્દુ ધર્મ તથા ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે અનેક ભાષણો આપતા રહ્યા. આ મહાન વિભૂતિ ૩૯ (ઓગણ ચાલીસ) વર્ષનું આયુષ્ય ભોગવી ચોથી જુલાઈ,૧૯૦૨ના રોજ પરમેશ્વરમાં વિલીન થઈ ગઈ. એક મહાયોગી માત્ર ૩૯ વર્ષની ઉંમરે બ્રહ્મલીન થઈ ગયા. જન સમાજના નિઃસ્વાર્થ કાર્યકર્તા જગતમાં આવીને થોડા જ વર્ષોમાં અચળ કીર્તિને પ્રાપ્ત કરનાર દિવ્યાત્મા શરીરનું બંધન છોડી ચાલ્યા ગયા.આ વેદાંત કેસરીની ઉપદેશ ગર્જના ભારતના ખૂણે ખૂણે યાદ દેવડાવશે કે ઉઠો, જાગો અને દયેય પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મંડયા રહો ! ધન્ય છે આવા મહા પુરુષોને ભારતની ભવ્ય સંસ્કૃતિના દવજને વિશ્વમાં ઉન્નત મસ્તકે લહેરાવનાર ભારત ના સિંહ સમા વિવેકાનંદના નશ્વર દેહનું જ મૃત્યુ થયું. તેઓ તેમનાં કાર્યો, વિચારો અને અક્ષર દેહે આજે પણ સુક્ષ્મ સ્વરૂપે આપણી વચ્ચે જીવંત છે, અમર છે. યુવા ભાઈ બહેનોને એક બીજી વાત કરવી છે એક માછીમાર તેની જાળ ઉપાડી નદી તરફ જવા લાગ્યો. તેણે જોયું કે હજુ દિવસ ઉગ્યો નથી, તેથી તે નદી કિનારે ચાલવા લાગ્યો અને અચાનક તેના પગ પર કંઈક અથડાયું. તેણે નીચે ઝૂકીને તેને ઉપાડ્યો અને જોયું કે તે નાના પથ્થરોથી ભરેલી નાની થેલી હતી. સૂર્યોદય થવામાં હજુ થોડો સમય બાકી હતો, તેથી માછીમારે જાળ બાજુ પર રાખી અને સમય પસાર કરવા માટે તે નાના-નાના પત્થરો સાથે રમીને એક પછી એક નદીમાં ફેંકવા લાગ્યો. જ્યારે તે છેલ્લો પથ્થર ફેંકવા જતો હતો ત્યારે સૂર્ય બહાર આવ્યો અને પ્રકાશમાં તેણે જોયું કે તેના હાથમાં પથ્થર નહીં પણ કિંમતી હીરો હતો. માછીમારને તેની મૂર્ખતા માટે ખૂબ જ પસ્તાવો થયો પણ હવે ઘણું મોડું થઈ ગયું હતું. આપણી સાથે પણ ઘણી વાર એવું જ થાય છે. આપણું માનવ જીવન પણ માછીમાર જેવું છે. આપણને આપણા જીવનમાં હીરા જેવા અમૂલ્ય શ્વાસો મળે છે, પરંતુ આપણે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકતા નથી. તેઓ એ શ્વાસો દુન્યવી આનંદમાં વેડફતા રહે છે. શરૂઆતમાં આપણે તેમની કિંમત સમજી શકતા નથી, જે દિવસે આપણે તેની કિંમત સમજી શકતા નથી તે દિવસ ઘણું મોડું થઈ ગયું છે. હીરાની જેમ અમૂલ્ય શ્વાસો સમાપ્ત થતા રહે છે અને એક દિવસ આ હીરા જેવો જન્મ વિષય વિકારોમાં સમાપ્ત થાય છે. સારું, એવું કહેવાય છે કે જ્યારે તમે સવારે ઉઠો ત્યારે જ, આત્મા એ માછીમારની જેમ કામુક દુર્ગુણો માં તેનો હીરા જેવો શ્વાસ ન વેડફાય તેની કાળજી લેવી જોઈએ તેને સુરક્ષિત રાખો. અંધકાર એ અજ્ઞાનનું પ્રતીક છે અને પ્રકાશ એ જ્ઞાનનું પ્રતીક છે. જ્યાં સુધી જાગૃતિનું અજ્ઞાન પ્રવર્તે છે ત્યાં સુધી આપણે માછી મારો જેમ કે તમે મૂલ્યવાન વસ્તુઓ એટલે કે તમારા ગુણોનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરી શકશો નહીં. તેમ જ આપ ણે તેમને વિનાશમાંથીબચાવી શકીશું નહિ.જ્યારે જીવનમાં જ્ઞાન ચેતના અને જાગૃતિનો પ્રકાશ આવે છે ત્યારે આપણે હીરા જેવા અમૂલ્ય પુણ્ય શ્વાસોને નાશ પામતા બચાવવાનો પ્રયત્ન કરીએ છીએ. એકવાર આ વસ્તુઓ ખલાસ થઈ જાય તો આપણે ફરીથી જન્મ-મરણમાંથી પસાર થવું પડશે. તેથી, શ્વાસ પૂરો થાય તે પહેલાં, આપણે સૌપ્રથમ જાગી જવું જોઈએ, સાવચેત રહેવું જોઈએ, સદગુરુના શરણમાં જવું જોઈએ, જે આપણા મનમાં જ્ઞાનનો દીવો પ્રગટાવી શકે, આપણી ચેતનાનો વિકાસ કરી શકે, આપણને જાગૃ ત કરી શકે, આપણા મનમાંથી અંધકાર દૂર કરી શકે અને આપણું માનવ જીવન સફળ બનાવો. જો તમે હજુ પણ જાગો નહીં તો કબીર સાહેબનું એક સૂત્ર છે, હવે જ્યારે પંખીએ ખેતરમાં ઘા કર્યો ત્યારે તમને પસ્તાવો નહીં થાય? આ બંને હકીકત આપના હૃદય મનને એક ઉમદા માર્ગ તરફ લઈ જશે તમારે જીવનમાં ધ્યેય નક્કી કરવું પડશે તેના સિવાય આગળ નથી વધી શકતું.અસ્તુ.

# કલ્કી જેવો કમાલ કરવા દીપિકા અને પ્રભાસે કમર કસી





## સંજીવ રેડ્ડી વાંગાના ડાયરેક્શનમાં બની રહેલી આ ફિલ્મનું શૂટિંગ નિયત સમયે શરૂ થઈ શક્યું ન હતું

દીપિકા પાદુકોણની છેલ્લી રિલીઝ થયેલી ફિલ્મ ‘કલ્કિ ૨૮૯૮ એડી’ હતી. ત્યારબાદ દીપિકાના નવા પ્રોજેક્ટની જાહેરાત થઈ નથી અને દીપિકા પણ હાલ દીકરી દુઆને સંપૂર્ણ સમય આપવા માગે છે. દુઆની સંભાળ લેવાની સાથે દીપિકાએ આગામી પ્રોજેક્ટની તૈયારી શરૂ કરી દીધી હોવાનું કહેવાય છે. એક ચર્ચા મુજબ, દીપિકાએ પ્રભાસની સાથે ‘સ્પિરિટ’માં લીડ રોલ સ્વીકારી લીધો છે. રિપોર્ટ્સ મુજબ, દીપિકાએ ‘સ્પિરિટ’ સાઈન કરી લીધી છે. અગાઉ ૨૦૨૪ના છેલ્લા મહિનાથી ‘સ્પિરિટ’નું શૂટિંગ શરૂ કરવાનું આયોજન હતું. શૂટિંગ માટે દીપિકા પાસે જે ડેટ્સ માગવામાં આવી હતી, તે સમયગાળામાં દીપિકા પ્રેગનન્ટ હતી. દીપિકાએ દીકરી માટે ‘સ્પિરિટ’માં લીડ રોલની ઓફર રિજેક્ટ કરી હતી. સંજીવ રેડ્ડી વાંગાના ડાયરેક્શનમાં બની રહેલી આ ફિલ્મનું શૂટિંગ નિયત સમયે શરૂ થઈ શક્યું ન હતું. જેથી વાંગાએ નવેસરથી ટાઈમટેબલ બનાવી દીપિકાનો સંપર્ક કર્યો હતો. દીપિકાને નવા શીડ્યુલમાં ડેટ્સ આપવામાં કોઈ તકલીફ ન હોતી. વાંગાએ દીપિકાને સ્ક્રિપ્ટ વંચાવી હતી અને તેમાં પોતાનું કેરેક્ટર ખૂબ અસરકારક હોવાનું દીપિકાને લાગ્યુ હતું. દીપિકાએ પોતાના કેરેક્ટરને મંજૂરી આપવાની સાથે વાંગા સાથે પ્રથમ વખત કામ કરવાની ઉત્સુકતા વ્યક્ત કરી હોવાનું કહેવાય છે. રિપોર્ટ્સ મુજબ, ‘સ્પિરિટ’નું સ્ક્રિપ્ટિંગ ફાઈનલ સ્ટેજમાં છે અને ઓક્ટોબર મહિનાથી તેનું શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે. આ ફિલ્મ માટે પાન ઈન્ડિયા સ્ટાર પ્રભાસ અને સફળ ડાયરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા અગાઉથી જ નક્કી હતા. ‘ફૌજી’ના સેટ પર પ્રભાસની ઈન્જરીના કારણે શૂટિંગમાં વિલંબ થયો હતો, પણ હવે તેઓ એક્શન ડ્રામા માટે તૈયાર છે. ‘સ્પિરિટ’ની સ્ટોરી હજુ જાહેર કરવામાં આવી નથી, પરંતુ તેને એક્શન ડ્રામા કહેવામાં આવે છે. વાંગાએ ફિલ્મનો કન્સેપ્ટ ડેવલપ કરવા અને સ્ક્રિપ્ટ વિચારવામાં જ છ મહિના મહેનત કરેલી છે.

### રેપરે કર્યો મોટો ખુલાસો

# નેહા કક્કર મેલબોર્ન કોન્સર્ટમાં ખોટું બોલી, બહાર આવી સાચી હકીકત!



માર્ચ મહિનામાં નેહા કક્કરનો એક વીડિયો સોશિયલ મીડિયા વાયરલ થયો હતો. આ વીડિયોમાં, નેહા તેના એક વિદેશી કોન્સર્ટમાં રડતી અને ઓડિયંસની માફી માંગતી જોવા મળી હતી. નેહા કક્કર તેના મેલબોર્ન કોન્સર્ટ માટે ત્રણ કલાક મોડી પડી હોવાનું કહેવાય છે. નેહાને ૭.૩૦ વાગ્યે સ્ટેજ પર આવવાનું હતું, પરંતુ તે ૧૦ વાગ્યા પછી આવી હતી. આથી, ઓડિયંસ નેહા પર ગુસ્સે થયા હતા. આવી સ્થિતિમાં, નેહા સ્ટેજ પર આવતાની સાથે જ તેણીએ આયોજકો પર આરોપ કર્યો અને દાવો કર્યો કે, આયોજકોએ મૂળભૂત સુવિધાઓ પણ પૂરી પાડી ન હતી, જેના કારણે તેની ટીમને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ પછી, આયોજકોએ નેહાના આ વાયરલ વીડિયો પર પ્રતિક્રિયા આપી અને નેહાના દાવાનો પર્દાફાશ કર્યો અને હવે ઓસ્ટ્રેલિયન ઈવેન્ટ પ્લાનર્સ પેસ ડી અને બિક્રમ સિંહ રંધાવાએ નેહાના દાવાઓને ખોટા ગણાવતા પોતાનો મુદ્દો રજૂ કર્યો છે.સિદ્ધાર્થ કન્નન સાથે વાત કરતી વખતે, રેપર અને ઈવેન્ટ હોસ્ટ પેસ ડીએ મેલબોર્ન વિવાદ પર વાત કરી અને કહ્યું કે, “બીટ પ્રોડક્શન્સ ઓફ મેલબોર્નએ નેહા કક્કરને આમંત્રણ આપ્યું હતું. હવે જ્યારે બંને પક્ષો આગળ આવ્યા છે અને ખુલીને વાત કરી રહ્યા છે, તો અમે કેમ ન કરી શકીએ? અમે ત્યાં હતા અને અમે બધું જોયું છે. મેં પ્રીત પાબલા ભાઈ સાથે વાત કરી, જે ઈવેન્ટ આયોજક હતા. મેં તેમને બધું પૂછ્યું હતું. તેઓ ખૂબ જ સારા અને સાચા વ્યક્તિ છે. ત્યારે મને ખબર પડી કે, તે સમયસર પહોંચી નથી અને ઘણી વખત મોડી પડી છે. તેમણે મને કહ્યું કે, તે કહેતી હતી કે, ‘હું હવે નહીં જાઉં, હું આ નહીં કરું.’’’ મેલબોર્ન કોન્સર્ટમાં અંધાધૂંધી વિશે નેહા કક્કર ખોટું બોલી રહી છે, ઈવેન્ટ આયોજકોનો દાવો ઓસ્ટ્રેલિયાના આયોજકો, પેસ ડી અને બિક્રમ એન્ડ પીડીઆર ઈવેન્ટ્સના બિક્રમ સિંહ રંધાવાએ સિદ્ધાર્થ કન્નન સાથેના નિખાલસ પોડકાસ્ટમાં આ ઘટના વિશે વાત કરતા હવે વિવાદ વધુ ઘેરો બન્યો છે. ગાયિકા અને કલાકાર નેહા કક્કર માર્ચ ૨૦૨૫માં તેના ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ખોટા કારણોસર હેડલાઈન્સમાં આવી હતી. મેલબોર્નમાં પ્રેક્ષકોએ દાવો કર્યો હતો કે નેહા શોમાં મોડી પહોંચી હતી જેના કારણે હતાશા થઈ હતી. કથિત રીતે, નેહાએ સ્ટેજ પર બે કલાક અને ૩૦ મિનિટ સુધી પ્રેક્ષકોને રાહ જોવી પડી હતી.


**નેહા કક્કરના ઓસ્ટ્રેલિયા કોન્સર્ટ દરમિયાન સ્ટેજ પર મોડી પહોંચવાના કારણે ભારે વિરોધ થયો હતો**

# વિક્રાંત અને શનાયાનો મ્યૂઝિકલ રોમાન્સ ‘આંખો કી ગુસ્તાખિયાં’ જુલાઈમાં રિલીઝ થશે



બોલિવૂડમાં પગ જમાવવા પ્રયાસ કરી રહેલા સ્ટારકિડ્સમાં શનાયા કપૂર પણ જોડાઈ છે. સંજય કપૂરની દીકરી શનાયાની ડેબ્યુ ફિલ્મ ‘આંખો કી ગુસ્તાખિયાં’ છે. આ ફિલ્મમમાં તે વિક્રાંત મેસ્સી સાથે રોમાન્સ કરતી જોવા મળશે. ૧૧મી જુલાઈએ ફિલ્મ રિલીઝ થવાની છે ત્યારે તેના પ્રમોશન માટે મોશન પોસ્ટર શેર કરવામાં આવ્યુ હતું. શનાયાએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ડેબ્યુ ફિલ્મ અંગે અપડેટ આપતાં જણાવ્યું હતું કે, આ ચોમાસામાં માત્ર પડશો નહીં, પ્રેમને માણજો. આંખો કી ગુસ્તાખિયા ૧૧ જુલાઈથી સિનેમાઘરોમાં. શનાયાની માતા મહીપ કપૂર અને પિતા સંજયે દીકરીની પ્રથમ ફિલ્મને વધાવી હતી. શ્વેતા બચ્ચનનો દીકરા અગત્સ્ય પણ બોલિવૂડમાં આવી રહ્યો છે ત્યારે શ્વેતાએ પણ શનાયાનો ઉત્સાહ વધાર્યો હતો. ફિલ્મમેકર ઝોયા કપૂર, જાન્હવીની બહેન ખુશી કપૂર સહિત અનેક સેલિબ્રિટીઝે શનાયાને સપોર્ટ કર્યો હતો. જાણીતા લેખક રસ્કિન બોન્ડની ટૂંકી વાર્તા ‘ધ આઈઝ હેવ ઈટ’ના આધારે આ ફિલ્મ બની રહી છે. ફિલ્મમાં અનન્યાએ થીયેટર આર્ટિસ્ટનો રોલ કર્યો છે, જ્યારે વિક્રાંત મેસ્સી પ્રજ્ઞાચક્ષુ મ્યૂઝિશિયન છે. આ ફિલ્મને મ્યૂઝિકલ રોમાન્સ તરીકે ઓળકાવવામાં આવે છે. શનાયા અગાઉ કરણ જોહરની ‘બેધડક’થી ડેબ્યુ કરવાની હતી, જેમાં તેની સાથે લક્ષ્ય અને ગુરફતેહ પિરઝાદા લીડ રોલમાં નક્કી થયા હતા. આ ફિલ્મ કોઈ કારણોસર પડતી મૂકાઈ અને ડેબ્યુ ફિલ્મ માટે શનાયાએ વધારે રાહ જોવી પડી.

# ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભાગલા પડી ગયા હોવાનું સંજય દત્તે સ્વીકાર્યું



છેલ્લા ઘણા વર્ષોથી મોટી ફિલ્મો હિટ થઈ રહી નથી. મોટા સ્ટાર્સની ફિલ્મો પણ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નથી અને ઘણી ફિલ્મો થોડા દિવસોમાં જ થિયેટરમાંથી દૂર કરવામાં આવી રહી છે. હવે આ મુદ્દે સંજય દત્તે પણ સ્વીકાર્યું છે કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રી હવે સાથે નથી, તેના ભાગલા પડી ગયા છે. હાલ સંજય દત્ત તેની લેટેસ્ટ એક્શન કોમેડી ફિલ્મ ‘ધ ભૂતની’ના પ્રમોશનમાં વ્યસ્ત છે. ‘ભૂતની’ના નવા ગીત ‘આયે રે બાબા’ના લોન્ચ ઈવેન્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર બધાનુ ધ્યાન ખેંચી રહ્યો છે. જેમાં સંજયે પ્રેક્ષકો સામે પોતાનું દુઃખ શેર કર્યું હતું. તેણે કહ્યું હતું કે ‘દુઃખ થાય છે કે, ઈન્ડસ્ટ્રીના આવી રીતે ભાગલા પડી ગયા છે. જે મેં પહેલા ક્યારેય જોયું નહોતું. આપણે એક પરિવાર હતા અને હંમેશા રહીશું, થોડા ભટકી ગયા છીએ. હું આટલું જ કહેવા માંગુ છું કે, ઈન્ડસ્ટ્રી માટે દરેક ફિલ્મ મહત્વની હોય છે અને દરેક ફિલ્મને તે મોકો મળવો જોઈએ.’ બાબાએ વધુમાં ઉમેર્યું કે, ‘ભૂતની’એ કદાચ વધારે પ્રસિદ્ધિ ન મેળવી હોય, પણ મને લાગે છે કે ફિલ્મ સારી ચાલશે. હું ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ફરીથી એક પરિવાર તરીકે સાથે રહેવા વિનંતી કરું છું. ચાલો એકબીજાને મદદ કરીએ જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો વિકાસ થાય.’ ફિલ્મ ‘ધ ભૂતની’ એક હોરર ડ્રામા ફિલ્મ છે, જેમાં સંજય દત્ત, પલક તિવારી, સની સિંહ, મૌની રોય અને આસિફ ખાન જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં છે. સિદ્ધાંત સચદેવ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ ૧ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.



**૧૯૯૦ બાદ તેણે અનેક આલ્બમ, ફિલ્મ-ટીવી શો માટે ગીતો બનાવ્યા**

# હોલિવૂડની જાણીતી સિંગર જિલ સોબુલેનું ૬૬ વર્ષની વયે મોત

## ઘરમાં અચાનક આગ લાગતાં ગાયિકાનું મોત નીપજ્યું

સંગીત જગતમાં પોતાની અવાજથી લોકોને મંત્રમુગ્ધ કરનારી દિગ્ગજ ગાયિકા અને ગીતકાર જિલ સોબુલેનું ૬૬ વર્ષની વયે નિધન થયુ છે.મિનેસોટામાં સ્થિત તેના ઘરમાં અચાનક આગ લાગતાં ગાયિકાનું મોત નીપજ્યું હતું. ૯૦ની પ્રસિદ્ધ અમેરિકન ગાયિકાને ‘આઈ કિસ્ડ અ ગર્લ’ મ્યુઝિક વીડિયોથી ઓળખ મળી હતી. તે શુક્રવારે પોતાના હોમટાઉન સ્ટેજ પર્ફોર્મ કરી લોકોને પોતાના ગીતોથી મંત્રમુગ્ધ કરવાની હતી. પરંતુ તે પહેલાં જ દુર્ઘટના ઘટતાં તેનું મોત થયુ હતું.જિલ સોબુલેના મોતની ખાતરી તેના મેનેજર જૉન પૉર્ટરે આપી છે. સિંગરની વેબસાઈટ અનુસાર, જિલ શુક્રવારે (૨ મે) પોતાના હોમટાઉન ડેનવરમાં ઓટોબાયોગ્રાફિકલ સ્ટેજ મ્યુઝિકલ ૭૨ ગ્રેડ શો કરવાની હતી. ૨૦૨૩માં ડ્રામા ડેસ્ક એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવી હતી. તે ૯૦ની દાયકાની પ્રસિદ્ધ ગાયિકા હતી. તેને સૌથી વધુ ઓળખ ‘આઈ કિસ્ડ અ ગર્લ’, ‘ક્લૂલેસ’, ‘સુપરમોડલ’થી મળી હતી. તેનો ૧૯૯૦માં આવેલો પ્રથમ આલ્બમ ‘થિંગ્સ હિઅર આર ડિફરન્ટ’ પણ ખૂબ ફેમસ રહ્યો હતો. ત્યારબાદ તે સફળતાની સીડીઓ ચડતી રહી હતી. પોતાના ગાયિકાના અંદાજ માટે સોબુલે જાણીતી હતી.જિલ સોબુલે પોતાના ગીતોના માધ્યમથી મહિલાઓને સશક્ત બનાવવાનુ કામ કરતી હતી. તે લોકો સમક્ષ મહિલાઓની એક મજબૂત પર્સનાલિટી રજૂ કરવા પ્રસિદ્ધ હતી. ૧૯૯૦ બાદ તેણે અનેક આલ્બમ, ફિલ્મ-ટીવી શો માટે ગીતો બનાવ્યા. ૨૦૨૩માં તેણે ડ્રામા પણ લખ્યું હતું. જે લોકોને ખૂબ પસંદ આવ્યુ હતું. ૧૯૯૫માં આવેલ “આઈ કિસ્ડ અ ગર્લ” ગીતને બિલબોર્ડ ટોપ ૨૦માં સ્થાન મેળવનાર પ્રથમ ખુલ્લેઆમ ગે-થીમ આધારિત ગીત માનવામાં આવતું ક્રાંતિકારી ગાયિકા-ગીતકાર અને કાર્યકર્તા જીલ સોબુલેનું ગુરુવારે વહેલી સવારે મિનિયાપોલિસના એક ઘરમાં આગ લાગવાથી મૃત્યુ થયું, એમ તેમના પ્રતિનિધિએ પુષ્ટિ આપી.

# WAVESમાં ૯૦ દેશના ૧૦,૦૦૦ જેટલા ડેલિગેટ્સ જોડાયાં



મુંબઈના જિયો વર્લ્ડ સેન્ટર ખાતે પહેલી મેથી ચાર દિવસના WAVES સમિટનો પ્રારંભો થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની ઉપસ્થિતિમાં શરૂ થયેલા WAVES સમિટમાં ૯૦ દેશના ૧૦,૦૦૦ ડેલિગેટ્સ જોડાયા છે. વિકસિત ભારતને સાકાર બનાવવામાં WAVES મદદરૂપ બનશે તેવી અપેક્ષા વડાપ્રધાન મોદીએ વ્યક્ત કરી હતી, જ્યારે રિલાયન્સ ગ્રૂપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ જણાવ્યુ હતું કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત મોખરાના ડિજિટલ રાષ્ટ્રોમાં સ્થાન પામ્યું છે. WAVESને નયા ભારતનો જોશ ગણવતા મુકેશભાઈએ કહ્યું હતું કે, આ નવું ભારત છે, જે મોટા સપના જોવાની હિંમત રાખે છે અને તેને સાકાર કરવા મચી પડે છે. મુકેશ અંબાણીએ ભારતની મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રી વિષે કહ્યું હતું કે, તેનું વર્તમાન મૂલ્ય ૨૮ અબજ ડોલર છે, પરંતુ તે આગામી એક દસકામાં તે ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચશે. ઉદ્યોગસાહસિકતા સાથે લાખો રોજગારીનું સર્જન થશે અને આ ઈન્ડસ્ટ્રીની આ હરળફાળથી દરેક ક્ષેત્રને લાભ થશે. એઆઈની વાત કરતાં તેમણે કહ્યું હતું કે, મૂક ફિલ્મોના જમાનામાં કેમેરાનું આગમન થયું હતું અને ક્રાંતિ આવી હતી, પરંતુ તેનાથી સો ગણું વધારે અસરકારક માધ્યમ AI છે. AIના કારણે કલ્પના અને હકીકત વચ્ચેનો ભેદ ભૂંસાઈ રહ્યો છે. એક દસકામાં ભારતની મીડિયા એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીના ત્રણ ગણા વિકાસ માટે સ્ટેટ ઓફ ધ આર્ટ કન્ટેન્ટ ક્રીએશન હબ બનાવવા અને એનિમેશન-વીએફએક્સમાં સ્કિલ વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા મુકેશ અંબાણીએ આ ક્ષેત્રમાં રોકાણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ગ્લોબલ ઓડિયન્સને ધ્યાને રાખી કન્ટેન્ટ બનાવવા માટે કન્ટેન્ટ ક્રીએટર્સને સૂચન કરીને તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે વિચારોના આદાન-પ્રદાન કરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરના લોકો સાથે ભાગીદારી કરવા જણાવ્યુ હતું. WAVES સમિટના પ્રથમ દિવસે શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણનો ટોક શો યોજાયો હતો, જેને કરણ જોહરે હોસ્ટ કર્યો હતો. આ ટોક શોમાં શાહરૂખ અને દીપિકાએ એકબીજાની કરિયર તથા અંગત જીવન વિષે વાત કરી હતી. ‘ધ જર્નીઃ ફ્રોમ આઉટસાઈડર ટુ રુલર’ નામના સેશન દરમિયાન શાહરૂખે ભારતમાં વધારે થીયટરો બનાવવાની અને ટિકિટના દર સસ્તા રાખવાની ભલામણ કરી હતી. આવું ન થાય તો ફિલ્મો અને થીયેટર્સ માત્ર મોટા શહેરો પૂરતા મર્યાદિત બની રહેશે. શાહરૂખે નવી પેઢીના સોશિયલ મીડિયા મોહને ધ્યાને રાખીને ટકોર કરી હતી કે, પોતાને લોકો જુએ તેવી દરેકની ઈચ્છા છે, પરંતુ તેઓ પોતાની જાતને જ ભૂલી જાય છે. લોકો જુએ તેવી ઈચ્છા રાખવાના બદલે સમજદારીથી માર્ગ પસંદ કરવો જોઈએ અને પોતાની જાતની સંભાળ લેવી જોઈએ. WAVESના મહત્ત્વ અંગે વાત કરતા શાહરૂખે કહ્યું હતું કે, વિશ્વમાં દર પાંચમી વ્યક્તિ ભારતીય છે અને આ પ્રકારના ફેસ્ટિવલથી ભારતીય ફિલ્મોને વૈશ્વિક મંચ પર મજબૂત સ્થાન મળી શકે છે. જીવનમાં એકલતા અંગે વાત કરતા શાહરૂખે કહ્યું હતું કે, મને ક્યારેય એકલતા સાલી નથી. પોતાના સંતાનને હસાવી શકે તે માણસ ક્યારેય એકલો પડી શકે નહીં. તમારે સંતાન ન હોય તો તમારા માતા-પિતાને હસતા રાખો, તમે ક્યારેય એકલા નહીં પડો. આ સાથે દીપિકા પાદુકોણ પોતાની દીકરી દુઆની શ્રેષ્ઠ માતા બનશે તેવો વિશ્વાસ પણ શાહરૂખે વ્યક્ત કર્યો હતો. આગામી યુનિકોર્ન લિસ્ટમાં ક્રીએટર્સ જોવા મળશેઃ એડોબ સીઈઓ, એડોબના સીઈઓ શાંતનુ નારાયણના મતે આગામી સમયમાં વૈશ્વિક સ્તરે ભારત એથિકલ AIનું નેતૃત્વ લેવા સક્ષમ છે.

**‘રેડ ૨’** | **સમાજમાં ભ્રષ્ટાચારનો સડો એક વાર ઘૂસી જાય તો તે અલગ-અલગ વિભાગોમાં પણ પહોંચે છે**

# ભ્રષ્ટાચાર માટે અધિકારીઓને દોષ ન આપોઃ અજય






અજય દેવગને ‘રેડ ૨’માં બાહોશ અને ઈમાનદાર IRS અધિકારી અમય પટનાઈકનો રોલ કર્યો છે. ભ્રષ્ટાચાર સામે ઝઝૂમનારા અધિકારીના સંઘર્ષને રજૂ કરતી આ ફિલ્મ પહેલી મેના રોજ રિલીઝ થઈ છે. ફિલ્મ સંદર્ભે ભ્રષ્ટાચારની વાત કરતાં અજય દેવગને કહ્યું હતું કે, સમાજ તરીકે આપણે સમજવું જોઈએ કે, જે અધિકારીઓને આપણે ભ્રષ્ટાચારીમાં ખપાવીએ છીએ, તેઓ આખરે તો આ સમાજનો જ એક ભાગ છે. ‘રેડ ૨’માં પોતાના કેરેક્ટરને અજય દેવગન રોલ મોડેલ માને છે કે કેમ તે અંગે વાત કરતાં તેમણે જણાવ્યુ હતું કે, આપણે ભ્રષ્ટાચાર માટે અધિકારીઓને જવાબદાર માનીએ છીએ. જો કે આ અધિકારીઓ પણ ત્યાંથી જ આવે છે, જ્યાંથી આપણે આવીએ છીએ. તેઓ એ જ સમાજનો ભાગ છે. તેથી કોઈ અધિકારી ભ્રષ્ટ હોવાનો મુદ્દો મહત્ત્વનો નથી, તેઓ આપણામાંથી જ એક છે. આમ જોઈએ તો આપણે જ ભ્રષ્ટ છીએ. અજયે વધુમાં કહ્યુ હતું કે, સમાજમાં ભ્રષ્ટાચારનો સડો એક વાર ઘૂસી જાય તો તે અલગ-અલગ વિભાગોમાં પણ પહોંચે છે. કેટલીક જગ્યાએ ભ્રષ્ટાચાર હોય છે, જ્યારે કેટલાક સ્થળે ભ્રષ્ટાચાર નથી હોતો. કેટલાક લોકો સારા હોય છે અને કેટલાક ખરાબ હોય છે. સમાજની સ્થિતિ જેવી હોય છે, તેવી જ સ્થિતિ ડિપાર્ટમેન્ટની થાય છે. કારણ કે તેઓ આપણામાંથી જ એક છે. ‘રેડ ૨’માં ઈનકમ ટેક્સ અધિકારી અમય પટનાઈકનો મુકાબલો ભ્રષ્ટ રાજકારણી સાથે થાય છે. કાયદાની મર્યાદામાં રહીને લડત આપનારા અધિકારીનાં પત્નીનો રોલ વાણી કપૂરે કર્યો છે. સૌરભ શુક્લાનો આ ફિલ્મમાં સ્પેશિયલ રોલ છે. ફિલ્મને રિલીઝના પહેલા દિવસે ઓડિયન્સે સારો રિસ્પોન્સ આપ્યો છે.

# પ્રાકૃતિક ખેતી ખેડૂતો અને પ્રકૃતિ માટે વરદાન

પ્રાકૃતિક ખેતી એ આધુનિક યુગમાં ખેતીની એક એવી પદ્ધતિ છે, જે રાસાયણિક ખાતરો, જંતુનાશકોનો ઉપયોગ કર્યા વિના પર્યાવરણને અનુકૂળ ખેતીની પદ્ધતિ અપનાવે છે. આ પદ્ધતિ ખેડૂતો, પ્રકૃતિ અને ઉપભોક્તાઓ માટે અનેક ફાયદાઓ ધરાવે છે, જેનાથી આર્થિક, સામાજિક અને પર્યાવરણીય સમૃદ્ધિ વધે છે.પ્રાકૃતિક ખેતીનો સૌથી મોટો ફાયદો એ છે કે તે જમીનની ફળદ્રુપતા જાળવી રાખે છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી જમીનની ગુણવત્તા ઘટે છે, પરંતુ પ્રાકૃતિક ખેતીમાં ખાતર, ગૌમૂત્ર અને વર્મીકમ્પોસ્ટ જેવા કુદરતી ઘટકોનો ઉપયોગ થાય છે, જે જમીનને પોષણ આપે છે. આ ઉપરાંત, આ પદ્ધતિ જૈવવિવિધતાને પ્રોત્સાહન આપે છે, કારણ કે તેમાં વિવિધ પાકોનું વાવેતર થાય છે, જે જંતુઓ અને રોગોના હુમલાને ઘટાડે છે.

ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી આર્થિક રીતે ફાયદાકારક છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ખર્ચ બચે છે, જે ખેડૂતોના ઉત્પાદન ખર્ચને ઘટાડે છે. લોકોમાં પ્રાકૃતિક પેદાશો પ્રત્યેની જાગૃતિ વધવાથી આ ઉત્પાદનોની માંગ અને ભાવ વધે છે, જે ખેડૂતોની આવકમાં વધારો કરે છે. પ્રકૃતિ માટે પણ આ ખેતી અત્યંત ફાયદાકારક છે. રાસાયણિક પદાર્થોનો ઉપયોગ ન થવાથી જળ અને વાયુ પ્રદૂષણ ઘટે છે. આ ઉપરાંત, આ પદ્ધતિ ગ્લોબલ વોર્મિંગને ઘટાડવામાં મદદ કરે છે, કારણ કે તેમાં કાર્બન ઉત્સર્જન ઓછું થાય છે. પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત ખાદ્ય પદાર્થો સ્વાસ્થ્ય માટે પણ લાભદાયી છે, કારણ કે તેમાં હાનિકારક રસાયણો હોતા નથી, જેનાથી ઉપભોક્તાઓને શુદ્ધ અને પૌષ્ટિક આહાર મળે છે.

## આત્મનિર્ભર ભારત ત્યારે જ બની શકે જ્યારે તેની ખેતી આત્મનિર્ભર બને, જે કુદરતી ખેતી તરફ પાછા વળવાથી શક્ય બનશે

પ્રાકૃતિક ખેતીને આપણે જન આંદોલન બનાવવા વડાપ્રધાનશ્રીના ખેતીના વિવિધ પરિમાણો હોય જેવા કે,ફૂડ પ્રોસેસિંગ હોય, પ્રાકૃતિક ખેતી હોય.આ વિષયો ૨૧મી સદીમાં ભારતીય કૃષિમાં પરિવર્તન લાવવામાં ઘણા આગળ વધશે. ટેક્નોલોજી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેના તાલમેલના પ્રયોગો સમગ્ર દેશને દિશા બતાવી રહ્યા છે. એક મહત્વનો પ્રશ્ન એ છે કે,માટી જ જવાબ આપશે ત્યારે શું થશે? જ્યારે હવામાન સાથ નહીં આપે, ત્યારે પેટાળમાં પાણી મર્યાદિત હશે ત્યારે શું થશે? આજે સમગ્ર વિશ્વમાં કૃષિને આ પડકારોનો સામનો કરવો પડે છે. એ વાત સાચી છે કે હરિયાળી ક્રાંતિમાં રસાયણો અને ખાતરોએ મહત્વની ભૂમિકા ભજવી છે. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે તે જ સમયે તેના વિકલ્પો પર કામ કરતા રહેવું પડશે અને તેના પર વધુ ધ્યાન આપવું પડશે. ખેતીમાં વપરાતા જંતુનાશકો અને રાસાયણિક ખાતરોના કારણે ખેતીનો ખર્ચ વધે છે, ખેડૂતનો ખર્ચ વધે છે અને ગરીબોનું રસોડું પણ મોંઘુ થાય છે.

## ૧ વર્ષમાં ૩૦૦૦ એકરમાં દવાનો છંટકાવ કરી રૂ.૧૨ લાખની માતબર આવક મેળવતા સોનલબેન

# નમો ડ્રોન દીદી યોજનાથી નાનાવડાનાં સોનલબેન બન્યા લખપતિ દીદી





### સોનલબેન પાંભર ડિજિટલ ઇન્ડિયાના મંત્રને સાર્થક કરતાં ખેતીમાં ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ વધ્યો

મહાત્મા ગાંધીજીએ દેશની સમસ્યાઓને આત્મસાત કરી તેને દૂર કરવાનો ઉપાય દેશની સામે રાખ્યો હતો. ત્યારે સ્વચ્છતા અભિયાન, દરેક ઘરમાં શૌચાલય, ખેડૂત કલ્યાણ, વીજળી, પીવાનું શુદ્ધ પાણી, ગ્રામ ઉત્થાન તેમજ પ્રત્યેક વ્યક્તિ આત્મનિર્ભર બને તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનકલ્યાણકારી યોજનાઓ દ્વારા દેશની સમસ્યાઓ દૂર કરી છે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી આવી જ એક યોજના એટલે ''નમો ડ્રોન દીદી યોજના.'' જેના થકી રાજકોટના નાનાવડા ગામના સોનલબેન પાંભર આજે લખપતિ દીદી બન્યા છે.

વાત જાણે એમ છે કે, કોલેજ સુધીનો અભ્યાસ કરનાર ૩૩ વર્ષીય મહિલા ખેડૂત સોનલબેન પડધરી ખાતે સખીમંડળમાં જોડાયા. એક સારો વિચાર પોતાનું અને આસપાસના લોકોનું જીવન સરળ બનાવી શકે તે સોનલબેને સાબિત કરી બતાવ્યું છે.

સખીમંડળમાં ''નમો ડ્રોન દીદી'' યોજના વિશે જાણકારી મળતા સોનલબેનને ખેતીમાં આધુનિક પ્રયોગ કરવાની ઈચ્છા જાગી અને ૧૫ દિવસની તાલીમ મેળવવા ઘરનો ઉંબરો ઓળંગી પૂના પહોંચી ગયા. ઘરનું રસોડું અને બાળકોને સંભાળતા, દાતરડાંથી ખેતરમાં નિંદામણ દૂર



કરવા તથા પશુપાલન કરનારા સોનલબેનને પોતાના પતિ નિકુંજભાઈ તેમજ પરિવારનો સહયોગ મળતા ઈફકો દ્વારા યોજાતી ૧૫ દિવસીય ડ્રોન પાયલોટ તાલીમ માટે પૂના પહોંચી ત્યાં થિયરી અને પ્રેક્ટીકલ જ્ઞાન મેળવી રીમોટથી ડ્રોન ઉડાવતા શીખે છે.

આ અંગે સોનલબેન પાંભર સહર્ષ કહે છે કે, મારા ગામના અને આસપાસ ગામના ખેડૂતો હવે મને ડ્રોન દીદી તરીકે ઓળખે છે. સરકાર દ્વારા યોજાયેલ તાલીમ અને વિનામૂલ્યે અપાયેલ ડ્રોન તેમજ ઈ-થ્રીવિલરથી મારું અને મારા પરિવારનું જીવન ધોરણ બદલાયું છે. ખેડૂતો સામાન્ય રીતે પરંપરાગત ખેતી કરવા ટેવાયેલાં હોય છે, ત્યારે સરકાર દ્વારા વિવિધ સાધન સહાયની યોજનાઓ અમલમાં છે, જેનાથી ખેતી અને ખેડૂત સધ્ધર થઈ શકે. સોનલબેને કહ્યું કે, તાલીમ બાદ ડ્રોનથી દવાનો છંટકાવ કરવાનો પ્રથમ પ્રયોગ અમારા પોતાના ખેતરમાં જ કર્યો, આસપાસના ખેડૂતોએ આ પદ્ધતિ જોઈ અને તેઓ રાજી થયા, કેમકે દવાનાં છંટકાવ માટે આખો દિવસ લાગતો હોય ત્યાં ડ્રોન દ્વારા એક કલાકમાં દવાનો છંટકાવ થઈ જાય છે. ડ્રોન પદ્ધતિથી દવાના છંટકાવમાં ખેડૂતોને ફાયદો જ ફાયદો છે.હવે ડ્રોનથી દવાના છંટકાવ માટે મજૂર શોધવા માટે બહાર જવું પડતું નથી. એક એકરમાં છંટકાવ માટે સાત મિનિટ જેટલો સમય લાગે. જેથી સમય, પાણી તેમજ દવાની બચત થાય છે.

પંપથી દવાનો છંટકાવ કરવામાં આવે તો દવા શ્વાસમાં પણ જાય છે, જયારે ડ્રોનથી દવાનો છંટકાવ પાંદડા પર જ જાય જેથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે. આ ઉપરાંત બાગાયતી પાક, કપાસ, તુવેર, એરંડા, મગફળી જેવા પાકો માટે ડ્રોનથી છંટકાવમાં ખેડૂતોને ખૂબ જ ફાયદો થાય છે, કારણ કે, મોટા ગીચ પાકમાં વચ્ચે જવું પડતું નથી જેથી પાકને નુકશાની ન થાય તેમજ સાપ જેવા જીવજંતુઓનો ડર રહેતો નથી.

સોનલબેને વધુમાં ઉમેર્યું હતું કે, હું દર મહિને ૮૦ હજારથી એક લાખ રૂપિયા કમાઈ લઉં છું. છેલ્લા એક વર્ષમાં મેં ૧૭૦૦ જેટલા ખેડૂતોના ખેતરમાં એટલે કે, ૩ હજાર એકરમાં દવાનો છંટકાવ કરી ૧૨ લાખની આવક મેળવી છે. સોનલબેને કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિના કારણે મારા જેવી અસંખ્ય બહેનો આજે લખપતિ દીદી બની છે.

આ ગામના જ ખેડૂત વિમલભાઈ ''નમો ડ્રોન દીદી'' યોજના વિશે કહે છે કે, હું વર્ષોથી ખેતી કરું છું અને નિયમિત ખેતરમાં પંપથી દવાનો છંટકાવ કરીએ છીએ. પરંતુ ભર બપોરે ટાઢા છાંયે બેસીને ખેતરમાં દવાનો છંટકાવ થતો જીવનમાં પ્રથમ વખત મેં જોયું છે. દવાના છંટકાવ માટે ખેડૂતોને સરકાર ૫૦૦ રૂપિયાની સહાય પણ આપે છે. આ ટેકનોલોજી ખેડૂતો માટે ખૂબ જ ઉપયોગી છે. કેમ કે, ચોમાસામાં જમીનમાં પાણી ભરાયા હોય જેથી ખેડૂતોએ દવાનો છંટકાવ કરવા માટે સંઘર્ષ કરવો પડે ઉપરાંત ઉનાળાની અસહ્ય ગરમીમાં પણ પંપથી છંટકાવ કરવો સરળ નથી હોતો પણ ડ્રોન દ્વારા દવાના છંટકાવ જોઈને મને ખેતી હવે સરળ લાગે છે.

સરકારની ડ્રોન દીદી યોજનાથી આજે સોનલબેનની જેમ રાજ્યની અનેક મહિલાઓ લાખોમાં કમાણી કરતી થઈ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ હવે મહિલાઓ આત્મનિર્ભર બનવાની સાથે દેશના વિકાસમાં પણ પોતાનું યોગદાન આપી રહ્યા છે.

# અરવિંદભાઈએ નર્સરીમાં ઉગાડ્યા ધરુ, એક્સ્ટ્રા આવક થઈ શરૂ

### બાગાયત વિભાગ દ્વારા અરવિંદભાઇને ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યુ, નેટ હાઉસ અને ધરુ ઉછેર માટેનાં જરૂરી સંસાધનો માટે ૭૫% લેખે રૂ. ૨,૬૭,૫૦૦ની સહાય બાગાયત ખાતા દ્વારા આપવામાં આવી

અમદાવાદ જિલ્લાના ખેડૂત અરવિંદ વેગડાએ શાકભાજીના નાના રોપાઓ (ધરુ) અન્ય ખેડૂતને સપ્લાય કરવા માટે નર્સરીનો પ્રારંભ કર્યો છે. ધોળકા વિસ્તારમાં ખેડૂતોને શાકભાજીના વાવેતર માટે નાના રોપાઓ (ધરુ) ખરીદવા માટે બાજુના જિલ્લામાં જવું પડતું હતું. અરવિંદભાઈએ બાગાયત ખાતાના માર્ગદર્શનમાં આ નર્સરી શરૂ કરતા ખેડૂતોને શાકભાજીના ધરુ નજીકમાં જ મળતા થયા છે અને વાવેતર સરળ બન્યું છે. ટામેટા, મરચી, રીંગણ જેવા શાકભાજીના બીજ વાવવાને બદલે સીધા જ તેના નાના છોડને રોપીને પણ શાકભાજીનું વાવેતર કરવામાં આવે છે. બીજ દ્વારા શાકભાજી ઉગાડવામાં ઘણીવાર ૪૦% જેટલા બીજનું જર્મીનેશન થતું નથી. એટલે કે બીજમાંથી છોડ ઉગતા નથી. તેથી નર્સરીમાં ઉગાડેલા છોડને લાવી ખેતરમાં રોપ વામાં આવે છે અને મબલખ પાક મેળવવામાં આવે છે. શાકભાજીના આ પ્રકારના વાવેતર માટે ધરુ (નાના છોડ) ઉગાડતી નર્સરીની જરૂર પડે છે.

અરવિંદભાઈના ગામ વારણાની આજુબાજુના વિસ્તારમાં શાકભાજી પાકોનું વાવેતર બહુ જ વધારે પ્રમાણમાં થાય છે પરંતુ કોઈ નર્સરી ના હોવાથી બહુ દૂર અથવા બાજુના જિલ્લામાં ધરુ લેવા માટે જવુ પડતું હતુ. ઉપરાંત જરૂરિયાત મુજબનું અને પ્લાસ્ટિક ટ્રેમાં રોગમુક્ત, ગુણવત્તાયુક્ત ધરુ મળતા ન હોવાથી દૂરની નર્સરીમાંથી ધરુ લાવવામાં ટ્રાંસપોર્ટેશન ચાર્જ વધારે થતો હતો. વળી અન્ય ખેતરની જમીનમાંથી ધરુ લાવીને ખેતરમાં રોપણી કરવાથી જમીનજન્ય રોગો પણ સાથે આવતા હતા, જેથી શાકભાજી પાકોની ગુણવત્તા અને ઉત્પાદન પર માઠી અસર જોવા મળતી હતી.

ખેડૂત અરવિંદ વેગડાએ પોતાના ખેતરમાં નર્સરી શરૂ કરતાં ધોળકા પંથકમાં હવે પ્લાસ્ટિક ટ્રેમાં, રોગમુક્ત,







ગુણવત્તાયુક્ત ધરુ મળતા થયા છે. અને અરવિંદભાઈને એક્સ્ટ્રા આવક શરૂ થઈ છે.

રસપ્રદ વાત એ છે કે, અરવિંદભાઈ માટીને બદલે કોકોપીટ અને વર્મિક્યુલાઈટમાં શાકભાજીના બીજ વાવી, માટીજન્યરોગથી  મુક્ત એવા છોડ ઉછેર્યા છે, જેથી ખેડૂતો તેમના ખેતરમાં આ છોડ વાવી શાકભાજીનો મબલખ પાક લઈ રહ્યા છે. અને અરવિંદભાઈને પણ માતબર આવક થઈ રહી છે. કોકોપીટ સૂકા નારિયેળના છોતરામાંથી બને છે. વર્મિક્યુલાઈટ જમીનમાંથી જ મળતું ખનીજ છે. ધોળકા તાલુકાના વારણા ગામના અનુસૂચિત જાતિના શ્રી અરવિંદભાઈ વેગડા આર્થિક રીતે સ્વતંત્ર બનવાનું સ્વપ્ન જોતા હતા. તેઓ ખેડૂત પરિવારમાંથી આવતા હોવાથી, તેઓને કૃષિનો સીધો અનુભવ હતો પરંતુ પોતાનો સાહસ શરૂ કરવા માટે સંસાધનો અને માર્ગદર્શનનો અભાવ હતો.

નાના પાયે ૫૦૦ ચોરસ મીટરની નર્સરી સ્થાપવા માટે બાગાયત વિભાગ દ્વારા અરવિંદભાઈને ૨૦૨૪માં ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યુ. ૫૦૦ ચોરસ મીટર શેડ નેટ હાઉસ અને ધરુ ઉછેર માટેના જરૂરી સંસાધનો માટે ૭૫% લેખે રૂ. ૨,૬૭,૫૦૦ ની સહાય બાગાયત ખાતા દ્વારા આપવામાં આવી હતી.

અમદાવાદ જિલ્લાની બાગાયત કચેરી પાસેથી નર્સરી વ્યવસ્થાપન, રોગ નિયંત્રણ અને માર્કેટિંગ અંગે તાલીમ પણ તેમને મળી. તેઓએ ૫૦૦ ચોરસ મીટરની નર્સરીમાં ટામેટા, મરચા અને રીંગણના ઉચ્ચ ગુણવત્તાવાળા રોપાઓનું ઉત્પાદન શરૂ કર્યું.

માત્ર એક જ સીઝનમાં તેમને સ્થાનિક ખેડૂતોને ૩૦,૦૦૦થી વધુ રોપાઓ પૂરા પાડીને પહેલા વર્ષમાં રૂ. ૫૦ હજારની આવક ઊભી કરી અને સ્થાનિક મહિલાઓ માટે રોજગારીનું સર્જન કર્યું, વધુમાં આ વિસ્તારમાં રોગમુક્ત, ગુણવત્તાયુક્ત વાવેતર સામગ્રીની ઉપલબ્ધતામાં વધારો કર્યો.

આમ, સમયસર સરકાર દ્વારા માર્ગદર્શન અને તાલીમ મળતા શ્રી અરવિંદભાઈ વેગડાએ એક સામાન્ય તકને ટકાઉ આજીવિકામાં પરિવર્તિત કરી. તેમની સફળતા સમગ્ર વિસ્તારના નાના અને ગરીબ-વંચિત ખેડૂતો માટે પ્રેરણારૂપ છે.

અરવિંદભાઈએ વિસ્તારને અનુરૂપ શાકભાજીના ધરુ જેવા કે ટામેટા, મરચી, રીંગણના અંદાજે ૨.૦ લાખથી વધુ ધરુ ઉછેર કરીને રૂ. ૩.૫ લાખથી વધુ આવક મેળવવાનું આયોજન આગામી સીઝન માટે કર્યું છે.

# વડોદરાની પેરા-સ્વિમર ગરિમા વ્યાસે સ્પેશિયલ ખેલ મહાકુંભ ૩.૦માં જીત્યા બે ગોલ્ડ મેડલ, આંતરરાષ્ટ્રીય પ્રતિભાનો ફરી એકવાર ઊજાસ

વડોદરાની પ્રતિભાશાળી પેરા-સ્વિમર ગરિમા વ્યાસે પોતાના અસાધારણ ખમિર અને અડગ મનોબળનું જીવંત પ્રમાણ આપતાં 'સ્પેશિયલ ખેલ મહાકુંભ ૩.૦' માં ૫૦ અને ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં સુવર્ણ પદકો જીત્યા છે. નવરંગપુરા સ્થિત સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે યોજાયેલા આ મહાકુંભમાં ૧૦ જિલ્લાઓના સ્પર્ધકો વચ્ચે સ્પર્ધાનું આયોજિત મંચ બન્યું હતું. અવિરત મહેનત અને આત્મવિશ્વાસના પાયા પર ઊભેલી ગરિમા એ પોતાની અસાધારણ ક્ષમતા ફરી એકવાર સાબિત કરી છે. કરોડરજ્જુની ગંભીર ઈજા છતાં પોતાના સપનાને સાકાર કરવા માંગતી ગરિમા આજે માત્ર ગુજરાત નહીં, પરંતુ સમગ્ર દેશ માટે ગૌરવનું પ્રતીક બની છે. આજે તેની ગણના વિશ્વ અને એશિયાની રેંકિંગ યાદીમાં થાય છે. ગરિમા હાલમાં જીમ્પ કેટેગરી હેઠળ ૫૦ અને ૧૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં બે રાષ્ટ્રીય રેકોર્ડ ધરાવે છે. તે વડોદરાના સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કોચ વિવેક સિંહની માર્ગદર્શન હેઠળ સતત તાલીમ લઈ રહી છે. જીવનના દરેક તણાવભર્યા પડાવને તેણે સિદ્ધિમાં ફેરવી દીધી છે.  તેણી માત્ર એક તેજસ્વી પેરા-એથ્લેટ નથી, પણ તેની ઓળખ એક મનોવિજ્ઞાનશાસ્ત્રી અને પુસ્તક સંપાદક તરીકે પણ છે. જીવનમાં દરેક અનુભવને શિખામણરૂપે અપનાવતી ગરિમા આજે અનેક ઈચ્છુક તરવૈયાઓ માટે પ્રેરણાનું





દ્રષ્ટાંત બની છે. પાવાગઢના પર્વતોમાં ટ્રેકિંગ દરમ્યાન થયેલા અનપેક્ષિત અકસ્માતે તેની જીંદગીની દિશા બદલી નાખી — શરીરના નીચલા ભાગમાં સંવેદનશૂન્યતા આવ્યા પછી પણ તેમણે આત્મવિશ્વાસ ગુમાવ્યા વગર પોતાના દમથી પેરા-સ્વિમિંગની દુનિયામાં સ્થાન મેળવ્યું.

# નસારપોર ગામના ઉચ્ચ શિક્ષિત આદિવાસી યુવાન આધુનિક ખેતી દ્વારા થયો આત્મનિર્ભર

વ્હાઈટ કોલર જોબની લ્હાયમાં દેશનું યુવાધન ખેતીથી વિમુખ થતું જાય છે. પણ નિતેશભાઈ વસાવા જેવા નવયુવાનો ખેતી કરી આર્થિક રીતે આત્મનિર્ભર થઈ અન્ય યુવાઓ માટે પ્રેરણાસ્રોત સમાન છે. વડીલોના મુખે એક વાત સાંભળવા મળતી હતી કે, ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર અને નિમ્ન  નોકરી પરંતુ આજ કાલના યુવાનોએ નોકરીની આંધળી દોટમાં ખેતીને સાવ વિસારે પાડી દીધી છે. કૃષિક્ષેત્રે આવેલા આમૂલ પરિવર્તનથી ખેતી પણ હવે નફાકારક વ્યવસાય બની રહ્યો છે એ વાત નિતેશભાઈ જેવા યુવા ખેડૂતોએ સાબિત કરી છે. સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં આવેલ નસારપોર ગામ આમ તો અંતરિયાળ વિસ્તારમાં આવેલું ગામ છે. ગામના ધાન્ય પાકોની સાથે સાથે શાકભાજી, તરબૂચ, શકકરટેટી જેવા પાકોનું સારા એવા પ્રમાણમાં વાવેતર કરે છે. ગામના ખેતરે થયેલી શાકભાજી સીધી સુરતના માર્કેટમાં પહોંચી સુરતીલાલાઓની રસોઈની શાન વધારી રહી છે. આદિવાસી વસતિ ધરાવતા નસારપોર ગામના યુવા ખેડૂત નિતેશભાઈના ખેતરની મુલાકાત દરમિયાન અહેસાસ થયો કે, કેમ વડીલો ખેતીને ઉત્તમ વ્યવસાય તરીકે જોતા હતા. માત્ર અઢી એકરમાં તરબૂચની ખેતી માત્ર સિત્તેર દિવસમાં સાડા ત્રણ લાખનો નફો રળી આપતી હોય તો પછી કહેવાઈ જ ને ઉત્તમ ખેતી. નિતેશભાઈ સાથે વાત



કરતા તેમણે જણાવ્યું હતું કે, મેં સ્નાતક સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. છેલ્લા દસ વર્ષથી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલો છું. પહેલા અમે મકાઈ, કપાસ તેમજ કઠોળ પાકોની ખેતી કરતા હતા. બાદમાં અમારા ખેતરમાં ટપક સિંચાઈની સુવિધા કરી અને હવે છેલ્લા કેટલાક સમયથી હું તરબૂચની ખેતી કરૂં છું. સરકારની બાગાયત વિભાગની પ્લાસ્ટિક મલ્ચીંગની યોજના અંતર્ગત મને રૂપિયા પંદર હજારની સહાય પણ મળી છે. ટપક સિંચાઈ અને પ્લાસ્ટિક મલ્ચીંગના ફાયદાઓ અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ટપક સિંચાઈ પદ્ધતિના કારણે પાણીની ખૂબ સારી બચત થાય છે. મર્યાદિત પાણીના ઉપયોગથી નિંદામણની સમસ્યા રહેતી નથી. પ્લાસ્ટિક મલ્ચીંગ કરવાથી છોડમાં રોગ જીવાત આવતી નથી તેમજ છોડની તંદુરસ્તી પણ સારી રહે છે. માર્કેટિંગ અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, સુરત, બારડોલી, મહુવા, અનાવલથી વેપારીઓ ખેતરે આવીને તેમની જરૂરિયાત મુજબનો માલ લઈ જાય છે. અમારે વેચવા માટે કયાંય જવાની જરૂર પડતી નથી.

આવક અંગે ફોડ પાડતા નિતેશએ કહ્યું હતું કે, મેં અઢી એકરમાં તરબૂચની ખેતી કરી છે. આ ખેતીમાં લગભગ દોઢેક લાખ જેટલો ખર્ચ થાય છે. ખર્ચ બાદ કરતા મને ચોખ્ખા રૂપિયા સાડા ત્રણ લાખનો નફો થશે એમ તેમણે જણાવ્યું હતું. આગળ વાત કરતા તેમણે કીધું હતું કે, તરબૂચની ખેતી માત્ર સિત્તેર દિવસની ખેતી છે. ડ્રિપ ઈરિગેશન અને પ્લાસ્ટિક મલ્ચીંગ કરેલું હોવાનું કારણે નિંદામણની પળોજણ રહેતી નથી.

### સરકારે ઉઠાવ્યું મહત્વપૂર્ણ કદમ

# હવે તમે નકલી હેલ્મેટ પહેરશો તો ચલણની સાથે FIR પણ નોંધાશે!

## રાજ્યમાં થઈ રહેલા માર્ગ અકસ્માતો અને મૃત્યુની ચિંતાજનક સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે આ પગલું ભર્યું છે

। (એજન્સી) લખનૌ, તા.૪ ।

નકલી હેલ્મેટ પહેરવું એ માત્ર ગુનો નથી પણ તે તમારા માથાને પણ સલામતી આપતું નથી. માર્ગ ટ્રાફિક સલામતીને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશ સરકારે કડક પગલાં લીધાં છે. હવે જો કોઈ નકલી અથવા બિન-માનક (નોન-બીઆઈએસ) હેલ્મેટ પહેરીને પકડાશે, તો તેને માત્ર દંડ જ નહીં પરંતુ એફઆઈઆરનો સામનો પણ કરવો પડી શકે છે. વાસ્તવમાં રાજ્યમાં થઈ રહેલા માર્ગ અકસ્માતો અને મૃત્યુની ચિંતાજનક સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે આ પગલું ભર્યું છે. જ્યારે કાયદો કડક બનશે ત્યારે જ લોકો નકલી હેલ્મેટનો ઉપયોગ કરવાનું બંધ કરશે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે (૨૦૨૪) ઉત્તર પ્રદેશમાં ૪૬,૦૦૦ માર્ગ અકસ્માતો થયા હતા, જેમાં ૨૪,૦૦૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આવા મોટા આંકડાઓને ધ્યાનમાં રાખીને યુપી સરકારે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે.

2WHMA ના ચેરમેન અને સ્ટીલબર્ડ હેલ્મેટ્સના એમડી રાજીવ કપૂરે રાજ્યના નેતૃત્વની પ્રશંસા કરતા તેમને "સીમાચિહ્નરૂપ નિર્ણય" ગણાવ્યો, "ઉત્તર પ્રદેશે નકલી અને નબળી ગુણવત્તાવાળા હેલ્મેટના ઉપયોગને દૂર કરવા માટે એક ઐતિહાસિક પગલું ભર્યું છે જે રસ્તાઓ પર મૃત્યુનું કારણ બની રહ્યું હતું. આ નિર્ણાયક પગલું માત્ર જીવન બચાવે છે જ નહીં પરંતુ નકલી અને બેદરકાર ઉત્પાદકોને પણ મજબૂત સંદેશ આપે છે." તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને પરિવહન કમિશનર બી.એન. ને મળ્યા. સિંહની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે તેમણે નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપી છે અને નકલી હેલ્મેટના વ્યવસાય પર સીધો હુમલો કર્યો છે. રાજીવ કપૂરે નકલી અને હલકી ગુણવત્તાવાળા હેલ્મેટને "સાયલન્ટ કિલર" ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે યુપી સરકારનું આ કડક વલણ ફક્ત નકલી હેલ્મેટ બનાવનારાઓ માટે ચેતવણી નથી, પરંતુ ગ્રાહકોને સંદેશ પણ આપે છે કે BIS (ભારતીય માનક બ્યુરો) દ્વારા પ્રમાણિત હેલ્મેટ જ રસ્તાઓ પર માન્ય છે. તમારી માહિતી માટે અમે તમને જણાવી દઈએ કે 2WHMA લાંબા સમયથી હલકી ગુણવત્તાવાળા, હલકી ગુણવત્તાવાળા, અપ્રમાણિત હેલ્મેટથી થતા જોખમોને પ્રકાશિત કરી રહ્યું છે. રાજીવ કપૂર માને છે કે કાયદો કડક બનાવવાની સાથે લોકોને જાગૃત કરવા પણ જરૂરી છે.

## ન્યૂઝ બ્રિફ

### બાળકી પગથી નહીં, હાથથી ચાલીને ઉતરી ૭૨ સીડીઓ

। (એજન્સી) ગોરખપુર, તા.૪ ।

ભારતમાં એટલું ટેલેન્ટ છે કે તમે અંદાજ પણ નહીં લગાવી શકો. માત્ર તે ટેલેન્ટને શોધવાની જરૂર છે. હાલમાં એક બાળકી એ આ વાતને સાબિત કરી દીધી. આ બાળકી એ પગથી નહીં, પરંતુ હાથથી ચાલીને ૭૨ સીડીઓ ઉતરીને બતાવ્યું અને સૌને ચોંકાવી દીધા. બાળકી ખૂબ જ સરળતાથી ૫૦ ફૂટની ઊંચાઈ પાર કરી ગઈ અને સરળતાથી કહ્યું કે આ તો તેનું રોજનું રુટિન છે! ઈન્સ્ટાગ્રામ યુઝર મીઠી ગોરખપુરની રહેવાસી છે. તે એક ટેલેન્ટેડ માર્શલ આર્ટ્સ પ્લેયર છે. તે ઘણીવાર પોતાની પ્રેક્ટિસના વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરે છે. તેને ૯૫ હજાર લોકો ફોલો કરે છે. તાજેતરમાં તેણે એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં તે પોતાના બંને હાથોને પગની જેમ ઉપયોગ કરીને સીડીઓ ઉતરતી નજરે પડે છે. કમાલની વાત એ છે કે તે ૧-૨ નહીં, પરંતુ પૂરી ૭૨ સીડીઓ ઉતરી રહી છે. મીઠી હજી બાળકી છે. તેમ છતાં તેની ઉંમર વિશે માહિતી નથી, પરંતુ જોતા તે ૧૨-૧૩ વર્ષથી વધુ મોટી નથી લાગતી. આ વીડિયોમાં મીઠી એ કહ્યું કે, તે ૫૦ ફૂટની ઊંચાઈથી હાથોથી સીડીઓ ઉતરશે.

### IPLની એક ખાસ ટોપી માટે 3 દિવસમાં 3 માથા બદલાઈ ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

વિરાટ કોહલીએ તેના ઘરમાં વધુ એક અડધી સદી બનાવીને કમાલ કરી બતાવી છે. આ કમાલથી તેને ઓરેન્જ કેપ વિવિધ ટીમોના ખેલાડીઓના માથે સજ્યા બાદ પરત મળી ગઈ છે. ત્રણ દિવસમાં ત્રણ ખેલાડીઓના હાથમાં ઓરેન્જ કેપ આવી પણ તેમની પાસે ટકી શકી નથી. કારણ કે ટોપમાં રહેલા તમામ ખેલાડીઓ સારા રન બનાવી રહ્યા છે. મે મહિનાની ૧થી ત્રણ તારીખમાં અલગ-અલગ ખેલાડીઓ પાસે ઓરેન્જ કેપ આવી છે જેમાં અંતે ચેન્નાઈ સામેની મેચમાં કોહલીએ તાબડતોબ બેટિંગ કરીને ટીમ માટે રન બનાવ્યા અને ઓરેન્જ કેપ પણ પાછી મેળવી લીધી છે. નોંધનીય છે કે, IPLની ૨૦૨૪ની સીઝનમાં ઓરેન્જ કેપ વિરાટ કોહલીએ જીતી હતી. વિરાટ કોહલીએ ઓપનિંગમાં આવીને શરુઆતથી જ ધબાધબી બોલાવવાનું શરુ કરી દીધું હતું. કોહલીએ ૧૮૭.૮૮ની સ્ટ્રાઈક રેટથી ૩૩ બોલમાં ૬૨ રન બનાવીને આઉટ થયો હતો. જેમાં તે સાંઈ સુદર્શનથી એક રન આગળ નીકળી ગયો અને ઓરેન્જ કેપ પર કબજો કરી લીધો છે.

### આતંકી હુમલો થવાની ગુપ્ત માહિતી હતી, સામે આવ્યું ચોંકાવનારું સત્ય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતીય ગુપ્તચર એજન્સીઓને જમ્મુ અને કાશ્મીરમાં પ્રવાસીઓ પર સંભવિત આતંકવાદી હુમલાની પહેલાથી જ ચેતવણી હતી. એક વરિષ્ઠ અધિકારીએ નામ ન આપવાની શરતે મીડિયાને આ માહિતી આપી. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે ૪ આતંકવાદીઓમાંથી ૨ દક્ષિણ કાશ્મીરના છે. તે જ ૨ પાકિસ્તાની આતંકવાદીઓને પ્રવાસીઓની નજીક આવેલા સ્થળે લાવ્યો હતો, જેમણે ૨૬ લોકોની હત્યા કરી હતી. પહલગામ હુમલાના થોડા દિવસો પહેલા, સુરક્ષા એજન્સીઓ અને સરકારને શ્રીનગર અને તેની આસપાસની હોટલોમાં રોકાતા પ્રવાસીઓને નિશાન બનાવીને આતંકવાદી હુમલો થવાની ગુપ્ત માહિતી મળી હતી. પરંતુ હુમલો પહેલગામમાં થયો હતો, શ્રીનગરમાં પણ થઈ શકે છે, તેથી આતંકવાદી હુમલાના ડરથી શ્રીનગરમાં દાલ તળાવ અને મુઘલ ગાર્ડન નજીક ઝબરવાન પર્વતમાળાની તળેટીમાં સુરક્ષા કડક કરવામાં આવી છે.

### સળગેલી કારમાંથી બહાર ન નીકળી શક્યા

## યુગાન્ડામાં ગુજરાતી ઉદ્યોગપતિ રાજીવ રૂપારેલિયાનું અકસ્માતમાં મોત થયું

। (એજન્સી) યુગાન્ડા, તા.૪ ।





સમગ્ર આફ્રિકામાં અબજોપતિઓના લિસ્ટમાં આવતા અને યુગાન્ડાના ટોચના ઉદ્યોગપતિ અને મૂળ ગુજરાતી સુધીર રૂપારેલિયાના પુત્ર રાજીવ રૂપારેલિયાનું શનિવારે ૩ મે, ૨૦૨૫ ના રોજ સવારે એક જીવલેણ કાર અકસ્માતમાં નિધન થયું છે. અકસ્માત વાકિસો જિલ્લાના બુસાબાલા ફ્લાયઓવર પાસે સર્જાયો હતો. પ્રાપ્ત અહેવાલો અનુસાર, રાજીવ ઉચ્ચ-પ્રદર્શનવાળી નિસાન ઝ્ઈ ચલાવી રહ્યા હતા ત્યારે તેમની કાર ફ્લાયઓવર નજીક કામચલાઉ કોંક્રિટ બેરિયર્સ સાથે અથડાયું. કાર પલટી ગઈ અને તરત જ આગ લાગી હતી. અકસ્માતમાં રાજીવ રૂપારેલિયા પોતાને બચાવી શક્યા ન હતા અને તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. દુર્ઘટનાના થોડા કલાકો પહેલા જ રાજીવ રૂપારેલિયા લંડનથી પરત ફર્યા હતા, અને મુન્યોન્યો જઈ રહ્યો હતો. જ્યાં તેઓ એક મિત્રના લગ્નમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. તેમના મૃત્યુથી રૂપારેલિયા પરિવારમાં આઘાત છવાયો છે. ૩૫ વર્ષીય રાજીવ રૂપારેલિયા સમગ્ર રૂપારેલિયા ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર હતા, જે એક વ્યાપાર સામ્રાજ્ય છે. તે આફ્રિકામાં રિયલ એસ્ટેટ, હોસ્પિટાલિટી, શિક્ષણ, કૃષિ અને નાણાકીય ક્ષેત્રોમાં ફેલાયેલું છે. રાજીવે હાલના કાર્યોને આધુનિક બનાવ્યા અને યુગાન્ડામાં હજારો નોકરીઓનું સર્જન કર્યું. તેઓ ફક્ત તેમના વ્યવસાયિક કુશળતા માટે જ નહીં, પરંતુ ઉમદા સ્વભાવને કારણે પણ જાણીતા હતા. રાજીવ યુગાન્ડાના વિકાસ અને સશક્તિકરણ માટે પ્રતિબદ્ધ આધુનિક ઉદ્યોગસાહસિક તરીકે ઉભા રહ્યા. રૂપારેલિયા પરિવારે જાહેરાત કરી છે કે યુગાન્ડાના ઉદ્યોગપતિ સુધીર રૂપારેલિયાના એકમાત્ર પુત્ર રાજીવ રૂપારેલિયાનું શનિવારે કાર અકસ્માતમાં દુ:ખદ અવસાન થયા બાદ મંગળવારે બપોરે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આફ્રિકાના ૫૦ ધનવાનોની યાદીમાં જે ભારતીય મૂળના લોકોનો સમાવેશ થાય છે તેમાં સુધીર રૂપારેલિયાનું નામ આવે છે. શૂન્યમાંથી સર્જન કરી મસમોટું બિઝનેસ સામ્રાજ્ય ઉભું કરનારા ઘણા ગુજરાતીઓમાં સુધીર રૂપારેલિયા પ્રખ્યાત છે. ઈદી અમીનના કારણે યુગાન્ડામાં પરદાદાએ શરૂ કરેલા ધંધાને સુધીર રૂપારેલીયાના પરિવારને મૂકીને યુકે ભાગવું પડ્યું હતું.

### કહ્યું- મને અપમાન પસંદ નથી

## પાણીની સમસ્યા અંગે મહિલાએ ટોક્યા તો મોદી સરકારના મંત્રીએ મંચ છોડ્યું


। (એજન્સી) અલવર, તા.૪ ।

રાજસ્થાનના અલવરના બહરોડમાં એક સંવાદ કાર્યક્રમમાં પહોંચેલા કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ અચાનક ગુસ્સે થઈ ગયા હતા. જાહેરમાં મહિલાની અડચણ તેમને ગમી નહીં અને તે સ્ટેજ છોડીને ચાલ્યા ગયા હતા. ગ્રામીણ મહિલા કેન્દ્રીય મંત્રીને પોતાની પાણીની સમસ્યા જણાવી રહી હતી, પરંતુ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ તે સહન કરી શક્યા નહીં અને તેઓ સ્ટેજ છોડીને ચાલ્યા ગયા. હવે તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. અહેવાલો અનુસાર, અલવરના બહરોડમાં સાંસદ સંપર્ક સંવાદ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ સ્ટેજ પરથી લોકોને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન ગ્રામીણ મહિલાએ પાણીની સમસ્યા અંગે મંત્રીને ટોક્યા હતાં. કેન્દ્રીય મંત્રીને મહિલાનો આ વિક્ષેપ ગમ્યો નહીં અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે, હું ધીરજવાન માણસ છું, મને અપમાન પસંદ નથી. ત્યારબાદ તે કાર્યક્રમ અધવચ્ચે જ છોડીને ચાલ્યા ગયા હતા. આ ઘટના બાગ ગ્રામજનો આશ્ચર્યચકિત થઈ ગયા અને સંવાદ કાર્યક્રમમાં કોઈ જાહેર સુનાવણી થઈ નહીં. ઉલ્લેખનીય છે કે, અગાઉ, જાતિ વસ્તી ગણતરીના બહાને કોંગ્રેસ પર પ્રહાર કરતા ભૂપેન્દ્ર યાદવે કહ્યું હતું કે, જાતિ વસ્તી ગણતરી એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લેવામાં આવેલું એક ઐતિહાસિક પગલું છે. આ ઐતિહાસિક પગલું સમાજમાં એક સંપૂર્ણપણે અલગ પ્રકારની સામાજિક રચના સૂચવે છે. વસ્તી ગણતરીનું કાર્ય ફક્ત જાતિનો વિષય નથી. તેમાં લિંગ, શિક્ષણ અને અન્ય સામાજિક ધોરણોનો પણ સમાવેશ થાય છે, અને આ સામાજિક ધોરણો અને સામાજિક દરજ્જાના આધારે, સરકાર નીતિઓ બનાવવામાં નિષ્ણાત છે. હું કહેવા માંગુ છું કે તેઓ એવા કામનો શ્રેય કેમ માંગે છે જે કોંગ્રેસે કર્યું નથી. આ જ વાતનું મને આશ્ચર્ય થાય છે.

### હુમલાખોર યુવક ગુજરાતનો નીકળ્યો

## નોઈડામાં સીમા હૈદર પર તેના જ ઘરમાં થયો હુમલો

। (એજન્સી) નોઈડા, તા.૪ ।





નોઈડાના રાબુપુરાની રહેવાસી સીમા હૈદર પર હુમલો થયો છે. યુવક ગુજરાતના સુરેન્દ્રનગરથી દિલ્હી આવ્યો અને પછી રાબુપુરા પહોંચ્યો હતો. પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન સાથે તણાવ વધી ગયો છે. પતિને છોડીને પડોશી દેશમાંથી આવેલી સીમા હૈદર પણ હેડલાઈન્સમાં છે. મોડી સાંજે, એક અજાણ્યો વ્યક્તિ સીમાના ઘરમાં ઘૂસી ગયો, જે તેના બોયફ્રેન્ડ સચિન મીણા સાથે લગ્ન કર્યા પછી ગ્રેટર નોઈડા નજીક રાબુપુરામાં રહેતી હતી, અને તેના પર જીવલેણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો. જ્યારે સીમા હૈદરે એલાર્મ વગાડ્યો, ત્યારે પરિવાર અને પડોશીઓએ આરોપીને પકડી લીધો. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં સંડોવાયેલા આરોપીઓ ગુજરાતથી બસ દ્વારા અહીં આવ્યો હતો. જ્યારે તે સીમા હૈદરના ઘરે પહોંચ્યો ત્યારે તેણે દરવાજો બંધ જોયો. તેણે દરવાજો ખખડાવ્યો, ત્યારબાદ સીમાએ દરવાજો ખોલ્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આરોપીએ સીમાનું ગળું દબાવવા અને તેને થપ્પડ મારવાનો પણ પ્રયાસ કર્યો હતો. દરમિયાન, ઘોંઘાટ અને હંગામાને કારણે લોકો ત્યાં ભેગા થઈ ગયા. સીમા હૈદરના ઘરમાં એક શંકાસ્પદ યુવક ઘૂસ્યો હોવાની માહિતી મળતાં, રાબુપુરા પોલીસ સ્ટેશન તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયું અને તેને કસ્ટડીમાં લઈ લીધો. આરોપીની ઓળખ તેજસ તરીકે થઈ છે, જે ગુજરાતના સુરેન્દ્રનગરનો રહેવાસી છે. હાલમાં પોલીસ તપાસ કરી રહી છે. પોલીસ સ્ટેશન ઈન્ચાર્જે જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં યુવક માનસિક દર્દી હોય તેવું લાગે છે. તે કહે છે કે સીમા હૈદરે તેના પર કાળો જાદુ કર્યો છે. આ ઘટના અંગે, રાબુપુરા પોલીસ સ્ટેશન દ્વારા સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. તે જ સમયે, સીમા હૈદર અને સચિન મીણાના ઘરની સુરક્ષા વધારી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સીમા હૈદર ૨૦૨૩ માં પાકિસ્તાનથી નેપાળ થઈને રોડ માર્ગે ભારત આવી હતી. તેણીએ દાવો કર્યો હતો કે PUBG રમતી વખતે તેણી ગ્રેટર નોઈડાના રહેવાસી સચિન સાથે પ્રેમમાં પડી ગઈ હતી.

### પોલીસ તપાસમાં ખુલાસો

## અનેક સરકારી યોજનાઓ અને સબસિડીનો લાભ લઈ રહ્યા છે બાંગ્લાદેશીઓ

### તપાસમાં જાણવા મળ્યું કે ગેંગ લીડર ચાંદ મિયાંએ હજારો બાંગ્લાદેશી નાગરિકોને દેશભરમાં સ્થાયી કર્યા હતાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

બાંગ્લાદેશી નાગરિકો સામે દિલ્હી પોલીસની કાર્યવાહીમાં એક મોટો ખુલાસો થયો છે. દિલ્હી સહિત અન્ય રાજ્યોમાં ગેરકાયદેસર રીતે રહેતા હજારો બાંગ્લાદેશીઓ સબસિડીવાળી યોજનાઓનો લાભ લઈ રહ્યા હોવાનો મોટો ઘટસ્ફોટ થયો છે. પોલીસે આ સંદર્ભમાં ન્યૂ ફ્રેન્ડ્સ કોલોની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી છે. તપાસમાં જાણવા મળ્યું કે ગેંગ લીડર ચાંદ મિયાંએ હજારો બાંગ્લાદેશી નાગરિકોને દેશભરમાં સ્થાયી કર્યા હતાં. તેમજ તે બાંગ્લાદેશથી લોકોને ભારતમાં લાવી નોકરી અપાવતો હતો.

પોલીસ ગેંગના સભ્યોની પૂછપરછ કરી રહી છે અને અન્ય આરોપીઓની ઓળખ અને ધરપકડ કરવા માટે દરોડા પાડી રહી છે. ડીસીપી રવિ કુમારે જણાવ્યું કે અસલમની પૂછપરછ બાદ ઈન્સ્પેક્ટર વિષ્ણુ દત્તની ટીમે તેની ગેંગના બાંગ્લાદેશી નાગરિકો ચાંદ મિયાં, મોહમ્મદ અલી હુસૈન, મોહમ્મદ મિજાન, ફાતિમા, રેડિશ મુલ્લા અને ભારતીય નાગરિકો રંજન કુમાર, લુકમાન, મોહમ્મદ અનિસ, રહિમુદ્દીન અલી, શબ્બીર અલીની ધરપકડ કરી હતી. રંજન કુમાર, મોહમ્મદ અનિસ અને શબ્બીર અલી બાંગ્લાદેશીઓના આધાર કાર્ડ બનાવવાનું કામ કરતા હતા. દિલ્હીના ડીસીપીએ જણાવ્યું કે ઈન્સ્પેક્ટર વિષ્ણુ દત્તની ટીમે અસલમની પૂછપરછ કર્યા પછી ચાંદ મિયાં વિશે માહિતી મેળવી હતી. પોલીસ તેનો પીછો કરતાં છેક બાંગ્લાદેશ સુધી પહોંચી હતી. એસઆઈ સત્યનારાયણ, એસઆઈ સુધીર અને એએસઆઈ ઉપેન્દ્રની એક ટીમને લગભગ દોઢ મહિના સુધી ગુવાહાટીમાં રહીને ચાંદ મિયાં અને તેના નેટવર્ક વિશે માહિતી એકત્રિત કર્યા હતા. આ જ ટીમે બાંગ્લાદેશથી ભારત પરત ફરી રહેલા ચાંદ મિયાંની ધરપકડ કરી હતી.

મોહમ્મદ અનીસ, શબ્બીર અલી બાંગ્લાદેશી નાગરિકોના નકલી આધાર કાર્ડ તૈયાર કરતા હતા. જ્યારે, રહીસુદ્દીન અલી જન્મ અને જાતિ પ્રમાણપત્રો બનાવી આપતો હતો. આરોપીઓ આ દસ્તાવેજો અને મોબાઈલ સિમ કાર્ડ બાંગ્લાદેશી નાગરિકોને આપતા હતા. ચાંદની માહિતીના આધારે, દિલ્હી પોલીસની ટીમે ચેન્નઈમાં વિવિધ ગોદામો પર દરોડા પાડી ૩૩ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હતી. પૂર્વ દિલ્હીની મંડાવલી પોલીસે તાજેતરમાં જ ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતી છ બાંગ્લાદેશી મહિલાઓને પકડી હતી. પોલીસે આ તમામ મહિલાઓને બાંગ્લાદેશ પરત મોકલવા માટે દેશનિકાલ પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, ૫૫ વર્ષીય ચાંદ મિયાં ચાર વર્ષની ઉંમરે ભારત આવ્યો હતો. તે છેલ્લા ૧૨ વર્ષથી બાંગ્લાદેશી નાગરિકોને ભારતમાં વસાવવાનું કામ કરી રહ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું કે તે પહેલા સીમાપુરી અને પછી દિલ્હીના તૈમૂર નગરમાં રહેતો હતો. થોડા વર્ષો પહેલા ચેન્નઈ શિફ્ટ થયો હતો. અહીં તેણે વેરહાઉસ અને દુકાનો ચલાવતા લોકો સાથે કરાર કરી તેઓને સસ્તા દરે કમિશન પર મજૂરો પૂરા પાડવાનો સાઠગાંઠ કરી હતી. આરોપીએ જણાવ્યું કે તે દર મહિને ત્રણ વખત બાંગ્લાદેશ જતો હતો અને દરેક વખતે તે ત્યાંથી ૮ થી ૧૦ બાંગ્લાદેશી નાગરિકોને પોતાની સાથે લાવતો હતો.

દિલ્હી પોલીસના એન્ટી-નાર્કોટિક્સ સ્ક્વોડ દ્વારા ૫૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં બાંગ્લાદેશી નાગરિકોને ભારતમાં સ્થાયી કરાવતી ગેંગના ૧૧ સભ્યો સમાવિષ્ટ છે. તેમાં પાંચ ભારતીય નાગરિકો પણ સામેલ છે. ગેંગ લીડર ચાંદ મિયાંએ જણાવ્યું હતું કે તેની ગેંગ બાંગ્લાદેશી નાગરિકોને ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશવામાં, નકલી દસ્તાવેજો બનાવવામાં અને રોજગાર મેળવવામાં મદદ કરતી હતી. ઘણા બાંગ્લાદેશીઓ પણ પકડાયા હતા. જેઓ ભારત સરકાર પાસેથી સરકારી યોજનાઓ માટે સબસિડી લેતા હતા. પૂછપરછ બાદ પોલીસે ચેન્નઈથી ૩૩ બાંગ્લાદેશી નાગરિકોની પણ ધરપકડ કરી. આ ઉપરાંત, ૧૦૦ કરતાં વધુ બાંગ્લાદેશી અને એજન્ટો પોલીસ તપાસ હેઠળ છે. આઠ બાંગ્લાદેશી નાગરિકોને ટ્રેનમાંથી પકડીને દેશનિકાલ માટે FRROને સોંપવામાં આવ્યા હતા.

ડીસીપી રવિ કુમારે જણાવ્યું હતું કે ૧૨ માર્ચે પોલીસને માહિતી મળી હતી કે એક બાંગ્લાદેશી નાગરિક તૈમૂર નગરના હિલ નંબર ૨ માં ગેરકાયદેસર રીતે રહે છે. પોલીસે ૨૫ વર્ષીય આરોપી અસલમ ઉર્ફે ઠઠ માસૂમની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી હતી. જેમાં જાણવા મળ્યું કે તે બાંગ્લાદેશના નોઆખલી વિસ્તારનો રહેવાસી છે. પોલીસે તેની પાસેથી ભારતીય આધાર કાર્ડ અને બાંગ્લાદેશી ઓળખપત્ર જપ્ત કર્યું છે.

### પાકિસ્તાની સાંસદ શેર અફઝલ ખાન મારવાતે કહ્યું

## જો ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થાય છે, તો તેઓ ઈંગ્લેન્ડ જતા રહેશે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૪ ।

પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી રહ્યો છે. ધીમે-ધીમે યુદ્ધનું વાતાવરણ બની ગયું છે. આ ઘટના બાદ ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે. ભારતે સિંધુ જળ સંધિ રદ કરી દીધી છે. પાકિસ્તાનથી થતી આયાત પર પ્રતિબંધ મૂક્યો અને પાકિસ્તાની ધ્વજવાળા જહાજોને ભારતીય બંદરોમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો છે. હવે બન્ને દેશો વચ્ચે યુદ્ધ થશે કે કેમ તેનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં પાકિસ્તાનના સાંસદ અને રાષ્ટ્રીય સભાના સભ્ય શેર અફઝલ ખાન મારવાતે આ અંગે એક મોટી ભવિષ્યવાણી કરી દીધી છે. પાકિસ્તાની સાંસદ શેર અફઝલ ખાન મારવાતે કહ્યું કે, જો ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થાય છે, તો તેઓ ઈંગ્લેન્ડ જતા રહેશે. તેમણે પોતાની શૈલીમાં એમ પણ કહી દીધું કે, ભારતના પીએમ મોદી પાછળ હટવાના નથી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું તેઓ બન્ને દેશો વચ્ચેના તણાવને ઘટાડવા માટે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંયમ રાખવાની સલાહ આપશે, તો શું તેઓ સંમત થશે? આના પર મારવાતે પ્રશ્ન પૂછનાર વ્યક્તિની મજાક ઉડાવી. તેમણે કહ્યું કે, શું મોદીજી મારા કહેવા પર પાછા હટી જશે? હવે તેમનું નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે અને ઘણા લોકો ટોણા મારી રહ્યા છે કે, પાકિસ્તાની નેતાઓને તેમની સેના પર વિશ્વાસ નથી. કેટલાક લોકો તો એવું પણ કહી રહ્યા છે કે, પાકિસ્તાની સાંસદના મોઢેથી સત્ય નીકળી ગયું છે. ત્યાંનો દરેક નેતા હારના ડરથી ભાગી જશે. તેઓ ભારતીય સેના સામે ટકી શકશે નહીં. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર મારવાત પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટી સાથે સંકળાયેલા હતા, પરંતુ થોડા સમય પહેલા તેમને પાર્ટીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. એ વાત સાચી છે કે પાકિસ્તાન ખૂબ જ ગભરાયેલું છે અને ભારત સરકાર આ મામલાને ગંભીરતાથી લઈ રહી છે.

### પાકિસ્તાનની વધુ એક ધમકી અને પશ્ચિમી દેશોનું મૌન

## પાણી રોક્યું તો પરમાણુ હથિયારોથી જવાબ આપીશું

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૪ ।

પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી સતત વધી રહી છે. ભારત દ્વારા હુમલો થવાના ભય વચ્ચે પાકિસ્તાને પોતાના પડોશી દેશ પર ન્યૂક્લિઅર હુમલો કરવાની ધમકી આપી છે.

રશિયામાં પાકિસ્તાનના રાજદૂત મોહમ્મદ ખાલિદ જમાલીએ ચીમકી આપી છે કે, જો ભારત પાકિસ્તાન પર હુમલો કરશે, અથવા સિંધુ નદીના પાણી રોકશે, તો પાકિસ્તાન માત્ર પરંપરાગત નહીં ન્યૂક્લિઅર હથિયારો વડે જવાબ આપશે.

રશિયાના મીડિયા સાથે વાત કરતાં પાકિસ્તાની રાજદૂતે જણાવ્યું કે, અમારી પાસે ભારત દ્વારા ચાલી રહેલી સેનાની કાર્યવાહીની યોજનાના તમામ પુરાવા છે. અમુક લીક થયેલા દસ્તાવેજોમાં તે પાકિસ્તાનના અમુક વિસ્તારો પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે. જેનાથી અમને લાગે છે કે, આ હુમલો ટૂંક જ સમયમાં ગમે ત્યારે થઈ શકે છે. જમીલે કહ્યું કે, પાકિસ્તાન કોઈપણ હુમલાની સંપૂર્ણ તાકાત સાથે જવાબ આપશે. જેમાં પારંપારિક અને ન્યૂક્લિઅર હથિયારો બંને સામેલ થશે.

ભારત દ્વારા સિંધુ જળ સંધિ રોકવાના નિર્ણય પર જમાલીએ કહ્યું કે, જો ભારત નીચલા હિસ્સાથી પાણી અટકાવશે, તો તેને પાકિસ્તાન વિરૂદ્ધ એક્ટ ઑફ વૉર (યુદ્ધની કાર્યવાહી) ગણવામાં આવશે. અને તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. નોંધનીય છે, પાકિસ્તાન સતત ભારતને યુદ્ધ માટે ભડકાવી રહ્યું છે. તેની આ ધમકીઓ સામે વિશ્વના નેતાઓ મૌન ધારણ કરી બેઠા છે. જમાલીએ એકબાજુ ન્યૂક્લિઅર હુમલો કરવાની તૈયારી દર્શાવી તો બીજી બાજુ ભારત સાથે તણાવ ઘટાડવા અપીલ કરી છે. જમાલીએ કહ્યું કે, ભારત અને પાકિસ્તાન બંને ન્યૂક્લિઅર શક્તિથી સંપન્ન દેશ છે. આથી તણાવ ઘટાડવો અત્યંત જરૂરી છે. કાશ્મીર હુમલાની તટસ્થ અને વિશ્વસનીય આંતરરાષ્ટ્રીય તપાસ કરવાની માગ કરીએ છીએ. જેમાં ચીન અને રશિયા સહકાર આપે તેવી અપેક્ષા છે.

ભારતીય વાયુસેનાના પ્રમુખ એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે આજે વડાપ્રધાનની મુલાકાત લીધી હતી. તેમની વચ્ચે પહલગામ આતંકી હુમલા અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર હાઈ લેવલ મિટિંગ યોજાઈ હતી. વડાપ્રધાન આ હુમલા બાદ ભારતીય સેનાની ત્રણ પાંખો સાથે સતત બેઠકો કરી નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે પહલગામ હુમલા બાદ સમગ્ર વિશ્વને આતંકવાદીઓનો ખાતમો બોલાવવાનું વચન આપ્યું હતું.



સરદાર ધામ ખાતે UPSC અને GPSC પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો. આ સમારોહમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે UPSC સિવિલ સર્વિસિસ પરીક્ષામાં ઉતીર્ણ થનારા વિદ્યાર્થીઓ શિલ્ડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### બાંગ્લાદેશીઓ ભારતના નાગરિક બની જાય તેના માટે બંગાળ સરકાર જવાબદાર

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

બાંગ્લાદેશી ઘૂસણખોરો મુદ્દે હર્ષ સંઘવીએ જણાવ્યુ કે બાંગ્લાદેશી ઘૂસણખોરો ભારતમાં આવીને ભારતના નાગરિક બની જાય છે તેની પાછળ બીજુ કોઈ નહીં પરંતુ ખુદ બંગાળની મમતા સરકાર જવાબદાર છે. બંગાળમાંથી નકલી ડોક્યુમેન્ટના આધારે બાંગ્લાદેશીઓ ભારતના નાગરિક બની જાય છે. ગુજરાત પોલીસની ત્રણ ટીમ બંગાળમાં કામ કરી રહી છે. જે લોકો કાયદેસર રીતે રહે છે તેમને કોઈ તકલિફ નહીં પડે. બાંગ્લાદેશી ઘૂસણખોરો મદદ કરનારાઓને હર્ષ સંઘવીએ ચેતવણીના સૂરમાં જણાવ્યુ છે કે હજુ તો આ શરૂઆતના મહોરા ઝડપાયા છે. આગામી સમયમાં બીજા લોકોનો વારો આવશે. ગેરકાયદે વસેલા લોકોને પહેલા તો નોકરી જ નહીં મળે. બાંગ્લાદેશીઓને ગેરકાયદે રીતે નોકરી આપનારાઓ સામે કાર્યવાહી થશે. તેમણે કહ્યુ કે આ ઘૂસણખોરોને લાવનારા એજન્ટો ન માત્ર ગુજરાત પરંતુ દેશ છોડીને ભાગી છૂટ્યા છે.

### માયાભાઈ આહિરને નેતાઓએ રૂપિયાથી નવડાવી દીધા હતા

। (એજન્સી) સુરત, તા.૪ ।

સુરતના દેવધ ગામ ખાતે આહિર શૈક્ષણિક ભવન દ્વારા ભવ્ય સ્નેહ સમારોહનું આયોજન કરાયું હતું. જેમાં જાણીતા લોકકલાકાર માયાભાઈ આહીરના યોજાયેલા લોકડાયરામાં નેતાઓના રૂપિયાનો વરસાદ કર્યો હતો. આહિર શૈક્ષણિક ભવન દ્વારા સ્નેહ સમારોહ અને માયાભાઈના લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નેતાઓ દ્વારા માયાભાઈ આહીર પર રૂપિયાનો વરસાદ કરાયો હતો. રૂપિયાનો એટલો વરસાદ કરાયો કે આખો સ્ટેજ ભરાઈ ગયો હતો. તો બીજી તરફ, આહિર શૈક્ષણિક ભવન સુરતના ભૂમિદાતા પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આગેવાનો સહિત અનેક આહીરોએ લાખો રૂપિયાના દાનની જાહેરાત કરી હતી.

### પાલનપુર-અંબાજી હાઈવે પર ભરાયા 3 થી ૪ ફૂટ પાણી

। (એજન્સી) પાલનપુર, તા.૪ ।

ભર ઉનાળે બનાસકાંઠામાં કમોસમી વરસાદ વરસ્યો છે. ત્યારે બનાસકાંઠામાં સામાન્ય વરસાદમાં જ હાઈવે પર પાણી ભરાઈ ગયા છે. પાલનપુર-અંબાજી હાઈવે પર ૩થી૪ ફૂટ જેટલા પાણી ભરાયા છે. મુખ્ય હાઈવે પર જ પાણી ભરાઈ જતા વાહનચાલકો મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પાણીમાં ફસાવવાને કારણે અનેક વાહનો બંધ પડ્યા છે. સામાન્ય વરસાદમાં જ પાણી ભરાતા વાહનચાલકોમાં રોષનો માહોલ જોવા મળ્યો છે. કમોસમી વરસાદને લઈને ખેડૂતોના પાકને નુકસાનની ભીતિ છે. બનાસકાંઠાના અંબાજી પંથકના વાતાવરણમાં પણ પલટો આવ્યો છે. વીજળીના કડાકા ભડાકા સાથે અનેક જગ્યાએ કમોસમી વરસાદ પડ્યો છે. અંબાજી મંદિરના ચાચર ચોકમાં પણ પાણી ભરાયા છે. મોડી સાંજ સુધી કમોસમી વરસાદ પડવાની શક્યતા છે.

#### બોર્ડની વેબસાઈટ પર જોઈ શકશે રિઝલ્ટ

## આજે ધોરણ ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ થશે જાહેર

### ૮:૦૦ વાગે વેબસાઈટ પર પરિણામ જોઈ શકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

આવતીકાલે એટલે કે, સોમવારે ધોરણ ૧૨નું પરિણામ જાહેર થશે.આવતીકાલે ધોરણ ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થવાનું છે. જેથી આવતીકાલે સવારે ૮:૦૦ વાગે વેબસાઈટ પર પરિણામ જોઈ શકાશે.

ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર છે. બોર્ડની પરીક્ષા આપ્યા બાદ પરિણામની રાહ જોઈ રહેલા વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવી જશે. વિદ્યાર્થીઓ સત્તાવાર વેબસાઈટ પ્ટ્રજીર્હ પર જોઈ શકશે પરિણામ.

મળતી માહિતી અનુસાર, આવતીકાલે સોમવારે ધોરણ ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના પરિણામની સાથે ગુજ-કેટનું પરિણામ પણ જાહેર કરવામાં આવશે.

આ વખતે ધોરણ ૧૨ સાયન્સ તેમજ વિજ્ઞાન પ્રવાહનું ગત વર્ષ કરતાં પણ જલ્દી પરિણામ જાહેર કરવામાં આવશે. જલ્દી પરિણામ આવી જતા વિદ્યાર્થીઓને પ્રવેશ સંબંધી સમસ્યાઓ જલ્દી સમાપ્ત થઈ જશે.

રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે આ અંગે માહિતી આપી છે. તેમણે ઠ પર પોસ્ટ કરીને લખ્યું છે કે, ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫માં યોજાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, ગુજકેટ-૨૦૨૫ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષાનું પરિણામ તા.૫/૫/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જાહેર કરવામાં આવશે.

ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં યોજાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, ગુજકેટ-૨૦૨૫ અને સંસ્કૃત મધ્યમાની પરીક્ષાનું પરિણામ તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ બોર્ડની વેબસાઈટ http://gseb.org પર પોતાનો બેઠક ક્રમાંક (Seat Number) Enter કરી મેળવી શકશે તથા WhatsApp Number ૬૩૫૭૩૦૦૯૭૧ પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.

#### સરદારધામના ટ્રસ્ટી ગગજી સુતરિયાનું નિવેદન

## આપણી દીકરીઓની કમ્મરે રિવોલ્વર લટકતી હોવી જોઈએ

। (એજન્સી) રાજકોટ, તા.૪ ।

પાટીદાર સમાજની અગ્રણી સંસ્થા સરદારધામના ટ્રસ્ટી ગગજી સુતરિયાએ મહિલાઓની સુરક્ષા અને દેશની સુરક્ષા અંગે એક મોટું અને સંભવિતપણે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે, જેનાથી રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. સરદારધામના ટ્રસ્ટી ગગજી સુતરિયાએ કહ્યું છે કે, 'આપણી દીકરીઓની કમ્મરે રિવોલ્વર લટકતી હોવી જોઈએ'. તેમણે આ વાતને વધુ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, જ્યારે દીકરીઓ શોપિંગ કરવા નીકળે ત્યારે પણ તેમની કમ્મરે રિવોલ્વર લટકતી હોવી જોઈએ. તેમનું આ નિવેદન વ્યક્તિગત સુરક્ષા, ખાસ કરીને મહિલાઓની સુરક્ષા અંગેના તેમના કડક મંતવ્યો દર્શાવે છે. આ સાથે જ, ગગજી સુતરિયાએ દેશની સુરક્ષા વ્યવસ્થા અંગે પણ એક સૂચન કર્યું છે. તેમણે ઈઝરાયલનું ઉદાહરણ આપતા કહ્યું કે, દેશના દરેક નાગરિકને પોતાની અને દેશની સુરક્ષા માટે તાલીમ આપવી જોઈએ. ઈઝરાયલમાં ફરજિયાત લશ્કરી સેવા અને નાગરિકોને અપાતી સુરક્ષા તાલીમનો તેઓ સંદર્ભ આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ગગજી સુતરિયાએ જણાવ્યું કે, તેઓ કોઈ તાત્કાલિક પરિસ્થિતિ અંગે નહીં, પરંતુ આગામી ૨૫ વર્ષના ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ વાત કરી રહ્યા છે. તેમનો કહેવાનો અર્થ સ્પષ્ટ છે કે ભવિષ્યની સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે નાગરિકોને સજ્જ કરવા અને સ્વરક્ષણ માટે તૈયાર કરવા જરૂરી છે.

#### ખેડૂતોને મોટું નુકશાન

## બનાસકાંઠામાં કરા સાથે વરસાદ પડતા શક્કરટેટીનો પાક બગડ્યો

### કમોસમી વરસાદ અને કરાના કારણે ખેડૂતોને નુકસાન

। (એજન્સી) બનાસકાંઠા, તા.૪ ।

કમોસમી વરસાદે બનાસકાંઠા જિલ્લા ખેડૂતોના મોઢામાં આવેલ કોળિયો છીનવ્યો છે. શનિવારે રાત્રીના પડેલા કરા સાથે વરસાદના લીધે શક્કરટેટીના પાકને નુકસાન પહોંચ્યું છે. અમીરગઢ તાલુકાના ઈકબાલગઢના ખેડૂતને ૧૮ વીઘા શક્કર ટેટીના પાકને નુકસાન પહોંચતા ખેડૂત મુશ્કેલીમાં મુકાયો છે. આ સાથે ગુજરાતમાં જ્યાં જ્યાં વરસાદ પડ્યો છે ત્યાંના ખેડૂતો પણ માથે હાથ દઈને બેઠા છે.

ઈકબાલ ગઢના મુકેશભાઈ માળી નામના ખેડૂતે ૧૮ વીઘામાં ટેટીનું વાવેતર કર્યું હતું. કરા સાથે પડેલા કમોસમી વરસાદના લીધે શક્કરટેટી બગડી જતા ૮થી ૧૦ લાખનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખેડૂતની માંગ છે કે, સરકાર સર્વે કરાવીને નુકસાનનું વળતર આપે. નોંધનીય છે કે, આજે વહેલી સવારથી જ ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. આ સાથે વંટોળ અને કરા પણ પડ્યા છે. જેના કારણે જગતના તાતના માથે ચિંતાના વાદળો છવાયા છે. મોડી રાતે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાલનપુરમાં વીજળીના કડાકા ભડાકા સાથે કરા પડ્યા છે. આ સાથે અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાતોએ ગુજરાતમાં આ સપ્તાહ વંટોળ, વરસાદ અને કરા પડવાની આગાહી કરી છે. તો કેટલાક વિસ્તારોમાં તો ભારે વરસાદની આગાહી પણ આપવામાં આવી છે.

બનાસકાંઠાના ઘણા ભાગોમાં મોડી રાતે કમોસમી વરસાદ સાથે ગાજવીજ સાથે કરા પડ્યા છે. પાલનપુર, દાંતીવાડા, ધાનેરા, થરાદ સહિત રાજસ્થાનને અડીને આવેલા તાલુકામાં કમોસમી વરસાદ ખાબક્યો છે. બનાસકાંઠામાં મોડી રાતે ધોધમાર કમોસમી વરસાદ વરસતા બનાસકાંઠાના ઘણા તાલુકાઓમાં ચોમાસા જેવો માહોલ સર્જાયો છે.

#### રિકન્સ્ટ્રક્શન કરીને નોંધ્યા નિવેદન

## કુખ્યાત લલ્લા બિહારી અને તેના પુત્રને લઈને પોલીસ પહોંચી ચંડોળા

### લલ્લાએ કઈ રીતે કઈ જગ્યાએ દબાણો કર્યા હતા તે તમામ જગ્યા પર પોલીસ તેને લઈને ગઈ હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ શહેરના ચંડોળા તળાવ અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ અને વીજ કનેકશનની સાથે અનેક ગુનાહિત પ્રવૃતિ આચરનાર લલ્લા બિહારી ઉર્ફ મહમૂદ પઠાણની ધરપકડ કરી હતી. ત્યારબાદ કોર્ટે છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ વચ્ચે આજે અમદાવાદ પોલીસની ટીમ લલ્લા બિહારી અને તેના પુત્રને લઈને ચંડોળા વિસ્તારમાં પહોંચી હતી અને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું.

અમદાવાદમાં છેલ્લાં ત્રણ-ચાર દિવસથી ચંડોળા તળાવ પાસે ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને પકડી તેમના ગેરકાયદે દબાણ દૂર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન આ સમગ્ર મુદ્દે ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશીઓને મદદ કરનાર લલ્લા બિહારી નામનો માસ્ટર માઈન્ડ સામે આવ્યો હતો. લલ્લા બિહારીને ભારે જહેમત બાદ રાજસ્થાનથી ઝડપી લેવામાં આવ્યો હતો. જ્યારે આ પહેલા ૨૯ એપ્રિલે તેના દીકરા ફતેહ મોહમ્મદની ધરપકડ કરી લેવામાં આવી હતી. જ્યારે આજે રવિવારે (૪ મે, ૨૦૨૫) અમદાવાદ પોલીસની ટીમ આરોપી લલ્લા બિહારી અને તેના પુત્રને પકડીને ચંડોળા વિસ્તાર ખાતે લલ્લાએ કઈ રીતે કઈ જગ્યાએ દબાણો કર્યા હતા તે તમામ જગ્યા પર પોલીસ તેને લઈને ગઈ હતી અને નિવેદન નોંધ્યા હતા.

ચંડોળા તળાવ અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ અને વીજ કનેકશનની સાથે અનેક ગુનાહિત પ્રવૃતિ આચરનાર લલ્લા બિહારીની ધરપકડ બાદ પોલીસે શરૂ કરેલી પ્રાથમિક પુછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયા હતા. જેમાં લલ્લા બિહારી બાંગ્લાદેશીઓની ઘુષણખોરીનું નેટવર્ક ચલાવતો હોવાનું સામે આવ્યું હતું. જે માટે તે બાંગ્લાદેશી તેમજ અન્ય એજન્ટોના સંપર્કમાં હતો. સાથે સાથે તેણે ગેરકાયદે આવકથી સોનામાં રોકાણની સાથે કન્ટ્રક્શનના વ્યવસાયમાં તેમજ ઉત્તરપ્રદેશમાં જમીનમાં મોટાપાયે નાણાં રોક્યા હતા. પોલીસને તેની પાસેથી મળી આવેલી હિસાબની ડાયરીમાં અનેક વિગતો મળી છે. જેના આધારે આગામી સમયમાં મોટા ખુલાસા થવાની શક્યતા છે.

અમદાવાદના ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશનની કામગીરી કરીને તંત્રએ ૪૦૦૦ જેટલા ઝુંપડા, નાના-મોટા મકાનો તોડી પાડવામાં આવ્યા છે. જ્યારે આ જગ્યા પર ફરીથી દબાણો ન થાય તે માટે કોર્પોરેશન દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, ત્યારે ચંડોળા તળાવની ફરતે પ્રોટેક્શન વૉલ બનાવવાની કામગીરી શરૂ કરાઈ છે. જેમાં ૩ કરોડના ખર્ચે ૫ કિલોમીટરની બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

#### આ ત્રણેય વિદ્યાર્થીઓને રૂ. ૨,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો

## પરીક્ષામાં ચોરી કરવા ગજબનો કિમીયો, બોલપેન પર પેન્સિલથી જવાબો લખ્યા!

### આ વિદ્યાર્થીઓએ બોલપેન પર પેન્સિલથી સૂક્ષ્મ અક્ષરોમાં જવાબો લખીને ઉત્તરવહીમાં નકલ કરવાનો પ્રયાસ કર્યો હતો

। (એજન્સી) નવસારી,તા.3 ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પરીક્ષામાં ચોરી કરવા માટે નવો કિમીયો અપનાવતા ઝડપાયા છે. વલસાડ અને નવસારીના ત્રણ વિદ્યાર્થીએ બોલપેન પર પેન્સિલથી બારીકાઈથી વિજ્ઞાનની ફોર્મ્યુલાઓ લખી હતી, પણ ફ્લાઈંગ સ્ક્વોડે તેમને ગણતરીની મિનિટોમાં પકડી પાડ્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન ચીખલી અને વલસાડ જિલ્લાની બે કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષા દરમિયાન ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ત્રણ વિદ્યાર્થી બોલપેન પર પેન્સિલથી લખેલા જવાબો ઉત્તરવહીમાં નકલ કરતાં ફ્લાઈંગ સ્ક્વોડના હાથે રંગે હાથ ઝડપાયા હતા. આ ત્રણેય વિદ્યાર્થીઓને રૂ. ૨,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે અને સંબંધિત વિષયમાં શૂન્ય માર્ક આપવાની કાર્યવાહી કરવામાં આવી છે.

આ ઘટનાને લઈને વધુ કડક કાર્યવાહી માટે યુનિવર્સિટીએ બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને પ્રેક્ટિસ ઈક્વાયરી કમિટીને રિપોર્ટ સોંપ્યો છે. હાલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોમાં માર્ચ અને એપ્રિલ મહિનામાં સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓ ચાલી રહી છે. આ દરમિયાન, ચીખલી અને વલસાડની બે કોલેજોમાં ફ્લાઈંગ સ્ક્વોડની આકસ્મિક તપાસમાં ત્રણ વિદ્યાર્થીઓ ગેરરીતિ આચરતા ઝડપાયા હતા. આ વિદ્યાર્થીઓએ બોલપેન પર પેન્સિલથી સૂક્ષ્મ અક્ષરોમાં જવાબો લખીને ઉત્તરવહીમાં નકલ કરવાનો પ્રયાસ કર્યો હતો. યુનિવર્સિટી પ્રશાસને આ વિદ્યાર્થીઓને રૂ. ૨,૫૦૦નો આર્થિક દંડ ફટકાર્યો છે અને સંબંધિત વિષયમાં શૂન્ય માર્ક આપવાનો નિર્ણય લીધો છે. આ ઘટનાનો વિગતવાર રિપોર્ટ બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને પ્રેક્ટિસ ઈક્વાયરી કમિટીને સોંપવામાં આવ્યો છે, જેના આધારે વિદ્યાર્થીઓ સામે વધુ કડક પગલાં લેવાઈ શકે છે. આ ઘટના અત્યંત ગંભીર છે.

